રંગપુરની અનોખી સરકારી શાળા

કૂડ, કોલસાનો સાથ જલ્દી છૂટવાનો નથી

હરાવી ના શકાય એવા પાંચ દેશો

૩૦ ઓક્ટોબર, ૨૦૨૧ abhiyaanmagazine.com ₹ ૨૫-૦૦

અભિયાન

અજોબા - વાઘોબા વાઘ અને ચિત્તાનાં મંદિરો

દરિયાનું અધિક્રમણ ગુજરાતનાં કેટલાં નગર-ગામોને ગળી જશે?

- જમીન ડૂબવાની ઘટનાઓ ભૂતકાળની અને ભવિષ્યની
- ગ્લોબલ વોર્મિંગ - કર્મોનું ફળ માણસે ચાખવું તો પડશે જ
- ભાવનગર કરતાં વધુ ઘોઘા, દીવ ડૂબી જવાનો ભય

VISIT…

www.hofindia.com

HOF
Furniture & more

BECAUSE LEADERS
CAN'T LACK SPINE.
300% MORE SUPPORT

only books magazine

SPINTEC
Air

the Air series

• Redefines the ergonomic chairs • Designed to protect the spine • Double height 5D headrest • Live motion lumber support

Office Chairs | Sofas | Modular Systems | Institutional Furniture | Hospital Furniture

Available at shop.hofindia.com | amazon | flipkart | GeM Government e Marketplace | Toll Free No. 1800 123 404040

TRITON

Franchisee & Dealer Inquiry Solicited +91 9904302521 rajesh@hofindia.com

Since 1929

SKTC

પાંચતારા® — અને — ફાઈવસ્ટાર®

ફરાળ વડે જ વ્રત ફળે

સાબુદાણા કાર્બોહાઈડ્રેટ, પોટેશિયમ અને શક્તિનો વિપુલ સ્ત્રોત છે.

ખૂબ સરળતાથી પચે છે.

તેમાં કેલેરી ઓછી હોવાથી હળવા નાસ્તા તરીકે ઉપયોગી છે.

શરીરમાં ઠંડક આપે છે, નાના બાળકો તથા વૃદ્ધો માટે શક્તિવર્ધક છે.

સાબુદાણા વડા

સાબુદાણામાંથી બનતી વાનગીઓ

ખીચડી, વડા, પેટીસ, ખીર, રાબ, વેફર, ચકરી તથા અન્ય વાનગીઓ

THE GROUND REALITIES

અમારી અન્ય ફરાળી શ્રેણી ★ મોરૈયો ★ રાજગરાનો લોટ ★ શિંગોડાનો લોટ ★ સીંધવ પાવડર ★ મખાણા

90 YEARS
90 Years of Experience, Trust & Purity

તુલસીનાં પાનની સુગંધ



પાળેલા શ્વાનને પ્યાર કરતાં એક વડીલને જોયા. ઉંમરલાયક દીકરીઓ સાસરે ગઈ. કમાઉ દીકરો દેશાવર ગયો ત્યારે તેમને માટે આ વફાદાર દોસ્તી જીવનનો મુખ્ય રસ બની રહી હતી. તેમણે વાતવાતમાં કહ્યું : 'માણસનું કુટુંબજીવન આબાદ હોય કે વેરાન હોય, તેણે આંગણે એક કૂતરું બાંધવું જોઈએ અને એ બની શકે તેમ ના હોય તો થોડાંક ફૂલછોડ ઉછેરવાં જોઈએ. કંઈ ન બને તો એકાદ પંખી રાખો. માણસના જીવનમાં એટલી દોડધામ છે, એટલાં વેરઝેર છે, એટલો બધો કંકાસ છે, એટલી કર્કશતા છે કે ફૂલછોડની મીઠી વાસ, પોપટ અગર મેનાનો ટહુકો કે તુલસીનાં પાનની સુગંધ એના ઉશ્કેરાયેલા જ્ઞાનતંતુઓને શાંત પાડવા માટે જરૂરી બની જાય છે. જીવનમાં સંઘર્ષ અને સ્પર્ધાના પ્રસંગો એટલા વધી પડ્યા છે કે એમાંથી પ્રગટતી ગ્લાનિ, કઠોરતા અને રૂક્ષતાને મોળી પાડવા એકાદ ફૂલછોડ, એકાદ પંખી કે એકાદ શ્વાનની સોબત ઉપકારક થઈ પડે છે.'

માણસ શ્વાન પાળે, તેને પ્રેમ આપે તે ચોક્કસ સારી વાત છે, પણ શ્વાન સાથેના પ્રીતિ-સંબંધને માણસ સાથેના સંબંધના સંપૂર્ણ વિકલ્પરૂપે જોવો નહીં જોઈએ.

અમેરિકાના મશહૂર હાસ્યલેખક માર્ક ટ્વેઇને પાળેલા શ્વાન માટેના માણસના વળગણની એક પ્રસંગકથામાં મજાક ઉડાવી છે. માર્ક ટ્વેઇને તેની રજૂઆત પોતાની આપ-કથા તરીકે કરી છે, પણ તે પૂરેપૂરી કલ્પિત હોવાનો પૂરો સંભવ છે. માર્ક ટ્વેઇને પ્રથમ પુરુષ એકવચનમાં જ વાત કહી છે : 'એક દિવસ હું એક હોટેલની બહાર બેઠો હતો. બેકાર હતો. ખિસ્સું ખાલી હતું. ત્યાં મારી પાસે એક કૂતરું આવ્યું! કૂતરું મારી સાથે ગેલ કરવા માંડ્યું. ત્યાં એક ગૃહસ્થે આવીને મને પૂછ્યું, 'તમારું કૂતરું છે? બહુ જ સરસ છે! તમારું જ કૂતરું છે ને?'

મેં કહ્યું : 'તમારે કામ શું છે તે કહોને? શું તમારે આ કૂતરું જોઈએ છે?'

રાજી રાજી થઈને ગૃહસ્થે કહ્યું : 'હા, તમે મને આપો તો મારે તે જોઈએ છે! બોલો, કેટલા ડોલર?'

મેં કહ્યું : 'પચાસ ડોલર!'

ગૃહસ્થે તો પચાસ ડોલર મને તુરંત આપ્યા અને કૂતરાને લઈને હોટેલમાં એમના રૂમમાં ગયા. તેમણે મને તેમના રૂમનો નંબર પણ આપ્યો.

થોડી વારે એક બીજા ગૃહસ્થ હાંફળાફાંફળા કંઈક ખોવાઈ ગયું હોય અને શોધી રહ્યા હોય એવી બેચેની સાથે મારી પાસેથી પસાર થયા. પાછા ફરીને મારી પાસે આવીને તેમણે મને પૂછ્યું : 'તમે અહીં ક્યાંય કોઈ સરસ મજાનું કૂતરું જોયું છે?'

મેં કહ્યું : 'હા, મેં જોયું હતું ને!'

પેલા ગૃહસ્થે અધીરતાથી કહ્યું : 'એ ક્યાં ગયું? પ્લીઝ, મને કહો એ ક્યાં છે?'

મેં કહ્યું : 'તમારો શ્વાન પાછો મેળવવા તમે શું ખર્ચ કરી શકો તેમ છો?'

ગૃહસ્થે કહ્યું : 'તમે બોલોને! તમે કહો તે રકમ આપી દઉં!'

મેં કહ્યું : 'એકસો ડોલર!'

પેલા ગૃહસ્થે મને ધડ દઈને એકસો ડોલર આપી દીધા એટલે મેં કહ્યું : 'મહેરબાન, તમે અહીં ઊભા રહો. હું હમણા જ તમારું કૂતરું લાવી આપું છું!'

હું તો તરત જ પેલા ગૃહસ્થને મેં કૂતરું વેચ્યું હતું તેની પાસે હોટેલના રૂમમાં ગયો અને તેમને મેં પચાસ ડોલર પાછા આપીને કહ્યું કે મારું કૂતરું પાછું લાવો!'

પેલા ગૃહસ્થે ગુસ્સે થઈને કહ્યું : 'તમે તો કઈ જાતના માણસ છો? તમે મને કૂતરું વેચ્યું! મેં તમને મોં માગી કિંમત આપી! હવે તમે મને પચાસ ડોલર પાછા આપીને કૂતરું પાછું લેવા આવ્યા છો? આ તો વચનભંગ કહેવાય! આ રીતે સદ્‌ગૃહસ્થો વચ્ચે થયેલો સોદો રદ કઈ રીતે થઈ શકે? હું પચાસ ડોલર પાછા લેવાની અને તમને કૂતરું પાછું આપવાની ના પાડું તો તમે મારું શું કરી લેશો?'

મેં તેમને શાંતિથી કહ્યું : 'હું તો કાંઈ નહીં કરું, પણ જેમનું કૂતરું છે તે લશ્કરના કોઈ કર્નલ હોય તેમ લાગે છે! તેમની પાસે બંદૂક પણ છે. તે મને અને તમને પણ શૂટ કરી દેશે!'

પેલા ગૃહસ્થને તો વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ એકદમ કૂદી પડ્યા. પચાસ ડોલર પાછા લઈને તેમણે કૂતરું પાછું આપી દીધું. મારી ઉપર ખૂબ રોષે ભરાયા હતા અને મારા બાપદાદાને કંઈક ગાળ દઈ રહ્યા હતા.

મેં બીજા ગૃહસ્થને તેમનું વહાલું કૂતરું પાછું સોંપ્યું. તેમણે મારો ખૂબ ખૂબ આભાર માન્યો. આ કૂતરાની લે-વેચ કરતાં મને ચોખ્ખો પચાસ ડોલરનો નફો થયો - કૂતરું મારું ના હોવા છતાં.

મૂળ વાદરિઅ...

(લેખકના પુસ્તકમાંથી)

only books magazine

હવે મેળવો વૉટ્સએપ ગ્રુપ માં બુક & મેગેઝિન શ્રેષ્ઠ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, પુસ્તકો વાંચવા માટે એક માત્ર વૉટ્સએપ ગ્રુપ
Only Book & Magazine
આ ગ્રુપ માં જોડાવવા માટે જય હિન્દ લખી ને વૉટ્સએપ મેસેજ કરો
9687042373
Or
Click here
Join Our WhatsApp group For Book & Magazine

તમારા માટે, તમારી સાથે, સતત...

અભિયાન

૩૦ ઓક્ટોબર **૨૦૨૧**

વર્ષ: ૩૭ અંક: ૨૦ સળંગ અંક: ૧૮૫૫

પથદર્શક: સ્વ. ભૂપત વડોદરિયા

તંત્રી : તરુણ દત્તાણી

(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

કોપી એડિટર : હેતલ ભટ્ટ

મુંબઈ : લતિકા સુમન

અમદાવાદ : હેતલ રાવ

ભુજ : સુચિતા બોઘાણી કનર

ક્રિએટિવ ડાયરેક્ટર : મૌનક ચાવડા

રજિસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ,
ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫

ફોન : ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭

ફેક્સ : ૨૬૮૭ ૩૯૨૨

મુંબઈ કાર્યાલય : સમભાવ મીડિયા લિમિટેડ,
૭૧૪, એ વિંગ, ક્રિસ્ટલ પ્લાઝા, ઈનફિનિટી મોલ સામે,
ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૩

વાચકોના પ્રતિભાવ :
abhiyaan@sambhaav.com

વેબસાઈટ :
www.abhiyaanmagazine.com

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૧૨૭૫/-
Foreign Subscription : Rs. 6375 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં** ઈસ્યુ તારીખ પ્રમાણે મોકલવામાં આવે છે.

સર્ક્યુલેશન :
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૬૬૯
circulation@sambhaav.com

Marketing
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ.,
હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર,
અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ,
૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ

અનુક્રમ

૧૪ દરિયાનું અધિક્રમણ ગુજરાતનાં કેટલાં નગર-ગામોને ગળી જશે?

સમુદ્ર સપાટી ઊંચી આવે તો કચ્છને સૌથી વધુ નુકસાન થવાની ભીતિ છે. જે કિનારો અત્યારે ઊંચો છે તેને અસર ઓછી થશે અને જે વિસ્તાર નીચો છે તેને વધુ અસર થશે. સુથરીથી બાડા સુધીના એટલે કે અબડાસા તાલુકાથી માંડવી તાલુકાના દરિયાકિનારનો અંદાજિત ૨૫ ટકા વિસ્તાર ઊંચો હોવાથી તેને ઓછી અસર થશે, પરંતુ મુન્દ્રા અને કંડલા મહાબંદરો સહિત બાકીના ૭૫ ટકા દરિયા કિનારાની ભૂગોળ સંપૂર્ણ બદલાઈ જઈ શકે છે.

૨૩ ફૂડ, કોલસાનો સાથ જલ્દી છૂટશે નહીં

૨૮ આજોબા - વાઘોબા વાદ્ય અને ચિત્તાનાં મંદિરો

૩૪ ખાનગી શાળાને ટક્કર આપે એવી છે આ સરકારી શાળા

૧૨ એમેઝોન - વિશાળકાય થતો જતો રાક્ષસી પંજો

૪૦ કાલિકા ચાર બહેનો સાથે પૂજાય છે કાલીગ્રામમાં!

ફેમિલી ઝોન

૩૮ કોરોના કાળમાં લોકોની અગ્રતા બદલાઈ

નિયમિત કોલમ

૦૪ પંચામૃત
૪૧ વિઝા
૪૨ ભાવી
૪૩ લઘુ-નવલ

only books magazine

કોંગ્રેસ પાસે ગાંધી પરિવાર સિવાય કોઈ વિકલ્પ નથી..!

કોંગ્રેસની રાષ્ટ્રીય કારોબારીની ગત સપ્તાહે યોજાઈ ગયેલી બેઠકનો એક સ્પષ્ટ અને બુલંદ મેસેજ એ રહ્યો કે પક્ષમાં પૂર્ણકાલિક પ્રમુખ છે અને એ સક્રિય પ્રમુખ છે. ગત દિવસોમાં કોંગ્રેસના અસંતુષ્ટ જૂથ જી-૨૩ના વરિષ્ઠ નેતા કપિલ સિબ્બલે કોંગ્રેસ મોવડીમંડળ પર કઠોર પ્રહાર કરતાં પત્રકારો સમક્ષ એવું કહ્યું હતું કે કોંગ્રેસમાં અત્યારે કોઈ પ્રમુખ નથી અને પક્ષમાં કોણ નિર્ણય લે છે એ જ ખબર પડતી નથી. એક પ્રકારે કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ તરીકે કાર્યરત શ્રીમતી સોનિયા ગાંધી પર આ સીધો પ્રહાર હતો. કોંગ્રેસ મોવડીમંડળમાંથી એ વખતે તત્કાલ તેમને કોઈએ જવાબ આપ્યો ન હતો અને તેનો જવાબ કોઈ આપી શકે તેમ હોય તો તે એકમાત્ર સોનિયા ગાંધી જ આપી શકે તેમ હતાં. બન્યું પણ એવું જ. કોંગ્રેસ કારોબારીની બેઠકમાં સોનિયાએ બહુ સ્પષ્ટ શબ્દોમાં તેનો જવાબ આપતાં એવી નુક્તેચીની પણ કરી કે મીડિયા સમક્ષ નિવેદનો કરવાને બદલે પક્ષના મંચ પર જે કહેવું હોય તે કહેવું જોઈએ. કપિલ સિબ્બલના નિવેદને એવી છાપ ઊભી કરી હતી કે પક્ષમાં પ્રમુખના નામે નિર્ણયો કોઈ બીજા જ લે છે અને તેમાં છબરડા થાય છે ત્યારે કોઈ જવાબદારી લેવા તૈયાર થતું નથી. એથી પક્ષમાં ભારે અરાજકતા પ્રવર્તે છે. તેના પ્રતિભાવમાં પક્ષમાંથી અધિકૃત રીતે જો કશું કહેવામાં ન આવે તો આ છાપ સુદૃઢ બની જાય. આવું ન થાય એ માટે સોનિયા ગાંધીએ યોગ્ય રીતે રાષ્ટ્રીય કારોબારીના મંચ પરથી નિર્ણાયક સ્વરમાં આત્મવિશ્વાસપૂર્વક જાહેર કર્યું કે પોતે જ પૂર્ણ સમયના સક્રિય પ્રમુખ છે. આ બાબતમાં કોઈએ ભ્રમમાં રહેવાની જરૂર નથી. તેમણે પક્ષના નવા પ્રમુખની ચૂંટણી માટે આગામી નવેમ્બર સુધીનો કાર્યક્રમ પણ જાહેર કર્યો.

કોંગ્રેસ કારોબારીની કાર્યવાહીની મહત્તા એટલા માટે પણ છે કે આગામી સમયમાં પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. આ ચૂંટણી સોનિયા ગાંધીના નેતૃત્વમાં જ લડાશે અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસને વિધિવત્ નવા પ્રમુખ મળશે. આ નવા પ્રમુખ રાહુલ ગાંધી પણ હોઈ શકે છે એવો સંકેત પણ કારોબારીમાંથી મળ્યો. જો એમ થશે તો કોંગ્રેસમાં નેતૃત્વને નામે એક વર્તુળ પૂર્ણ થશે અને ફરી હતા ત્યાંના ત્યાંની સ્થિતિ નિર્માણ થશે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પક્ષના ધબડકા પછી પ્રમુખપદ છોડનાર રાહુલ ગાંધીએ ત્યારે એમ કહ્યું હતું કે નવા પ્રમુખ ગાંધી પરિવાર સિવાયના કોઈ વ્યક્તિને બનાવવા જોઈએ. હવે આ વાતને ભુલાવી દેવામાં આવી છે. રાહુલ પણ પ્રમુખપદ સ્વીકારવા તૈયાર હોય એમ જણાય છે. સૌથી વધુ આશ્ચર્યજનક વાત એ છે કે જી-૨૩ જૂથના બે નેતાઓ ગુલામનબી આઝાદ અને આનંદ શર્માએ પણ રાહુલ પ્રમુખ બને તેની સામે તેમને કોઈ વાંધો નહીં હોવાનું જણાવ્યું છે. મતલબ જી-૨૩ના નેતાઓ વલણ બદલી રહ્યા છે અથવા આ જૂથમાં તિરાડ સર્જાઈ રહી છે. આખરે ગાંધી પરિવાર સિવાય કોંગ્રેસ પાસે કોઈ વિકલ્પ નથી એ બાબત કોંગ્રેસની નબળાઈ છે કે મજબૂરી છે તેની ચર્ચા પણ નવા પ્રમુખની ચૂંટણી સુધી ચાલતી રહેશે. ■

only books magazine

કાશ્મીરમાં બિન કાશ્મીરીઓની હત્યાનો સિલસિલો અટકાવી શકાશે?

જમ્મુ-કાશ્મીરમાં ખાસ કરીને ખીણ પ્રદેશમાં બિન-કાશ્મીરી લોકોની હત્યાનો સિલસિલો ચાલુ રહ્યો છે. કાશ્મીરમાં સક્રિય ત્રાસવાદીઓએ તેમની વ્યૂહરચના બદલી છે અને કાશ્મીરમાં ધંધા-વ્યવસાય માટે આવતા બિન-કાશ્મીરી લોકોને ટાર્ગેટ બનાવીને દહેશતનો માહોલ સર્જવા ઇચ્છે છે. હવે તો એક ત્રાસવાદી સંગઠને આ હત્યાઓની જવાબદારી લઈને બિન-કાશ્મીરીઓને કાશ્મીર છોડી જવા ચેતવણી ઉચ્ચારી છે. કાશ્મીરના રાજ્યપાલ અને કેન્દ્ર સરકાર માટે આ ખુલ્લો પડકાર છે. 'ટાર્ગેટ કિલિંગ'ની અવિરત ઘટનાઓને પગલે બિન-કાશ્મીરી લોકોના પલાયનનો સિલસિલો ચાલુ થઈ જ ગયો છે. સરકાર અને પોલીસ તંત્ર તેમનામાં સુરક્ષાની લાગણી જન્માવી શક્યા નથી. ભરબજારમાં જાહેર રસ્તા પર હત્યાને અંજામ આપવામાં આવે ત્યારે સુરક્ષા વ્યવસ્થાની નિર્બળતા ઉજાગર થઈ જ જાય છે. ત્રાસવાદીઓ હવે બોંબ-ગ્રેનેડથી નહીં, પિસ્તોલ જેવા નાના હથિયારથી હત્યાને અંજામ આપે છે. તેઓ દહેશતનો માહોલ સર્જવામાં સફળ થઈ રહ્યા છે. પોલીસ અને સુરક્ષાદળો તેમ જ ગુપ્તચર વિભાગ પણ ત્રાસવાદીઓના વ્યૂહને તોડવામાં નબળા પુરવાર થઈ રહ્યા છે. સુરક્ષાદળો હવે સ્ટ્રેટેજી બદલી રહ્યા છે, પરંતુ બિન-કાશ્મીરીઓના પલાયનને રોકવામાં તેઓ સફળ થશે કે કેમ એ શંકાસ્પદ છે. ૩૭૦મી કલમ દૂર થયા પછી કાશ્મીર હવે બધાનું છે અને દેશનો કોઈ પણ નાગરિક ત્યાં ધંધા-વ્યવસાય માટે જઈ શકે છે એ વાત વ્યવહારમાં સ્થાપિત થાય એ પહેલાં જ ત્રાસવાદીઓએ હુમલા - હત્યાની નવી સ્ટ્રેટેજી અપનાવીને નવા માહોલમાં ચિનગારી ચાંપવાનો પ્રયાસ કર્યો છે. તેને કડક કાર્યવાહી દ્વારા તત્કાલ ડામી દેવાની અનિવાર્ય આવશ્યકતા છે. આજે જો સરકાર અને સુરક્ષાદળો નબળા પુરવાર થશે તો ૩૭૦મી કલમની નાબૂદીની સાર્થકતા પણ ઘટી જશે. ■

બાંગલાદેશમાં હિન્દુઓ પર હુમલા પાક. પ્રેરિત છે?

બાંગલાદેશમાં દુર્ગા પૂજાના વિસર્જન વેળાએ પૂજાના પંડાલ અને મંદિરો પર શરૂ થયેલા હુમલા અને હિંસાની ઘટનાઓ ત્યાર પછીના દિવસોમાં પણ અવિરત ચાલતી રહી છે એ આશ્ચર્યજનક છે. અત્યાર સુધી આપણે એવું માનીને ચાલતા હતા કે બાંગલાદેશમાં હિન્દુઓ પ્રમાણમાં સુરક્ષિત છે. એ વાત હવે ભ્રમ પુરવાર થઈ રહી છે. દુર્ગા પૂજા અને મંદિરો પરના હુમલા પછી હવે હિન્દુઓનાં સાઈઠથી વધુ ઘરો પર હુમલા થયા છે. તેમાં ભાંગફોડ, લૂંટફાટ કરવામાં આવી છે. મહિલાઓ પર બળાત્કાર થયા છે. અનેક ઘરોને બાળી નાખવામાં આવ્યા છે. બાંગલાદેશના ગૃહપ્રધાને પણ હવે સ્વીકાર્યું છે કે આ બધું જ પૂર્વયોજિત રીતે થઈ રહ્યું છે. આમ છતાં બાંગલાદેશની સરકાર કે ત્યાંની પોલીસ હુમલાઓને અટકાવવામાં કે લઘુમતીને રક્ષણ આપવામાં નિષ્ફળ નિવડી છે. બાંગલાદેશ પોલીસે તોફાની તત્ત્વો અને હુમલાખોરો સામે પગલાં લેવામાં પણ ભારે વિલંબ કર્યો છે. તેને કારણે જ હિન્દુઓનાં ઘરોને લૂંટવાની અને આગ ચાંપવાની હિંમત કટ્ટરવાદી તત્ત્વો કરી શક્યા છે.

બાંગલાદેશની હિન્દુઓ સામેની આ હિંસા બાંગલાદેશ સરકાર માટે કંઈક અંશે આશ્ચર્યજનક બની રહી છે. ત્યાંના હિન્દુઓ વર્ષોથી પરંપરાગત રીતે દુર્ગા પૂજા ઉત્સવ ઉજવે છે. તેના પર હુમલાની ઘટના મહદ્અંશે બનતી નથી. આ વખતે એકાએક આવી ઘટનાને અંજામ અપાયો તેમાં સોશિયલ મીડિયા પર ખોટી વાત ફેલાવીને ઉશ્કેરણી કરવામાં આવી હોવાનું જણાવાય છે. આવો અપપ્રચાર પણ પૂર્વયોજિત હોવાનું અને આ ઉશ્કેરણી પાછળ પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઇએસઆઇનો હાથ હોવાનું માનવામાં આવી રહ્યું છે. બાંગલાદેશની હિંસક ઘટનાઓમાં જમાતે ઇસ્લામીની સંડોવણી બહાર આવી છે. બાંગલાદેશમાં આ સંગઠન કટ્ટરવાદી ગણાય છે અને તેના તાર પાકિસ્તાનની આઇએસઆઇ સાથે જોડાયેલા હોવાનું કહેવાય છે. જો આ વાતમાં તથ્ય હોય તો બાંગલાદેશના હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ માટે હવે કાયમને માટે સાવચેત રહેવાનું અનિવાર્ય બની રહેશે. કેમ કે આવી હુમલાની ઘટનાઓનું પુનરાવર્તન થતું રહેશે. બાંગલાદેશની સરકાર માને છે કે કટ્ટરવાદી તત્ત્વો ત્યાંનો સામાજિક માહોલ બગાડવા ઇચ્છે છે. આ સ્વીકાર પછી સરકારે તેને માટે જવાબદાર પરિબળો સામે તત્કાલ કડક કાર્યવાહી કરવી જોઈએ. જેટલા વ્યાપક પ્રમાણમાં હિંસા આચરવામાં આવી છે તેના પ્રમાણમાં ધરપકડ કરાયેલા લોકોની સંખ્યા સાવ નજીવી છે. હિન્દુઓ પરના હુમલાની આ ઘટના પાછળ એક કારણ એવું પણ જણાવાય છે કે આ રીતે દહેશત ફેલાવીને હિન્દુઓને પલાયન માટે મજબૂર કરવામાં આવે અને પછી તેમનાં જમીન-મકાન કબજે કરી લેવામાં આવે છે. બાંગલાદેશની વર્તમાન સરકારના ભારત સાથેના સુમેળ ભર્યા સંબંધો પણ પાકિસ્તાનની ઈર્ષ્યાનું કારણ બને છે. એ સ્થિતિમાં બાંગલાદેશની સરકારે આંતરિક સુરક્ષાની દૃષ્ટિએ વધારે સાવધ રહેવું જોઈએ અને પાકિસ્તાન તરફી તત્ત્વોને સફળ થવા દેવા ન જોઈએ. ■

કિસાન આંદોલનમાં વિકૃતિઓ નેતૃત્વની ક્ષમતા સામે સવાલ

ભારતીય કિસાન યુનિયન દ્વારા ત્રણ કૃષિ કાનૂનોના વિરોધમાં ચાલતા કિસાન આંદોલનમાં અત્યાર સુધીમાં અનેક વિકૃતિઓ જોવા મળી છે. આમ છતાં આંદોલનના કોઈ નેતા પોતાની એક પણ ભૂલ સ્વીકારવા તૈયાર થતા નથી અને આંદોલનમાં સામેલ થઈ ગયેલા બહારના તત્ત્વોને અલગ કરવાનું પણ વિચારતા નથી. તેને કારણે આંદોલનની યથાર્થતા અને વિશ્વસનીયતા સામે પ્રશ્નો ખડા થતા રહે છે. તાજેતરમાં સિંઘુ બોર્ડર પર ચાલતા કિસાન આંદોલનની છાવણીમાં એક દલિત શીખની ક્રૂર હત્યા કરવામાં આવી અને તેના મૃતદેહને વિકૃત હાલતમાં જાહેરમાં લટકાવવામાં આવ્યો. મહિનાઓથી રસ્તા જામ કરીને બેઠેલા આંદોલનકારી કિસાનો આવી ક્રૂરતા આચરી શકે એવો વિચાર પણ થઈ શકે નહીં, પરંતુ જ્યારે વાસ્તવિકતા સામે આવી ત્યારે ટિકૈત સહિતના નેતાઓની જે પ્રતિક્રિયા આવી એ પણ તદ્દન બેજવાબદાર પ્રકારની રહી. શરૂઆતમાં મૌન ધારણ કરી લેનારા ટિકૈતે આખરે બોલવાની ફરજ પડી ત્યારે એવું કહીને હાથ ખંખેરી નાખ્યા કે એ તો ધાર્મિક મામલો છે, તેને કિસાન આંદોલન સાથે કોઈ નિસ્બત નથી. કિસાન આંદોલનની છાવણીમાં બનતી ઘટના સાથે આંદોલનકારી નેતાઓને કોઈ નિસ્બત ન હોય એ તો આંદોલનની થિયરીમાં નવો આવિષ્કાર ગણાવો જોઈએ. આ પહેલાં પણ આંદોલનના સ્થળે મહિલા પર બળાત્કારની ઘટના બની છે ત્યારે પણ કિસાન નેતાઓના પ્રયાસ ભીનું સંકેલવાના જ હતા. લખીમપુર ખીરીમાં વાહન દુર્ઘટના પછી કિસાન આંદોલનકારીઓ દ્વારા લિંચિંગ કરીને ત્રણ-ચાર લોકોની હત્યા કરવામાં આવી તેનો પણ ટિકૈત પાંગળો બચાવ કરતા રહ્યા છે. આ બધા ક્રિયાકલાપ તેમને એક બેજવાબદાર નેતા પુરવાર કરે છે. આંદોલનના સ્થળે આંદોલન દરમિયાન બનતી ઘટનાઓ માટે નેતાઓની જવાબદારી તો બને જ છે. અન્યથા આવી ઘટનાઓ તેમની નેતૃત્વ ક્ષમતા સામે જ શંકા ઉત્પન્ન કરનારી છે. ■

હરાવી ના શકાય એવા પાંચ દેશો

યુદ્ધ ના થાય કે સીધા આક્રમણથી ના થાય તો ભલે અંદરથી 'ને પીઠ પાછળથી પણ સુરક્ષિત રહેવું હવે

યુદ્ધ શબ્દ નજર સામે આવતાં ઘણાનાં મનની શાંતિ ખોરવાઈ જાય છે. અમુકને યુદ્ધ પ્રત્યે નફરત હોય છે એટલે અકળાઈ જાય. અમુકને આકર્ષણ હોય છે એટલે ઉત્તેજિત થાય. સલીમ-જાવેદ હિન્દી ફિલ્મ લખવાના માસ્ટર કહેવાય છે. એમણે હિંસાનો જબ્બર ઉપયોગ કરી બતાવેલો. ગુરુદત્ત, બિમલદા 'ને આર.કે. જેવા લાગણીશીલ ફિલ્મ બનાવનારાને યુદ્ધની ખાસ જરૂર નહોતી પડી. ઇન્ટરનેટના આ ડિજિટલ ખંડમાં ગાળો, અશ્લીલતા 'ને નકારાત્મક બળવાખોરી ફિલ્મ કે સિરીઝને ક્વિક સક્સેસ આપે છે. ત્રીજું વિશ્વયુદ્ધ થશે તો? એવા પ્રકારના નિબંધ, ભાષણ 'ને ચર્ચા એક જમાનામાં ખૂબ લોકપ્રિય થયેલા. આદર્શ પાછળ નબળાઈ 'ને નાકામિયત ઢાંકવાનું પણ ઘણુ ચાલતું. કાશ્મીર, પંજાબ 'ને પૂર્વનાં રાજ્યોમાં ધુંઆધાર બારુદ વરસ્યો ત્યારે હવે ઘણાની સાન બેલેન્સ થઈ છે. અમુક તો હજુ ડાબી બાજુ લાલ કરીને પડ્યા રહી તટસ્થ હોવાનો ઢોંગ રચે છે. પાકિસ્તાન 'ને ચીન જેવાં આસુરી તત્ત્વો આપણા પર સતત મંડરાયેલા હોય ત્યારે આપણે થોડું કે ઘણુ વિચારવું જોઈએ કે શું આપણા પર કોઈ આક્રમણ કરે કે ના કરે? શું વિશ્વમાં એવા દેશ છે જેના પર કોઈ બીજો દેશ સફળ આક્રમણ ના કરી શકે?

શાંતિપ્રિય આતંકવાદીઓ જેવી કલ્પનાઓ વચ્ચે સરહદ પર દટાયેલા ભારતીય મનુષ્યોના કર્મની અવગણના ઘણા પેશાવર બૌદ્ધિક કરતાં રહ્યા છે. ગાંધીજીના નામે અર્ધી સદી કરતાં વધુ સમય પ્રતિગાંધી બનીને જલસા કરનારા ભારતીયતાના વિરોધીઓ આતંકવાદ એવમ પ્રોક્સી વૉરને કારણે જીવન, ઘર કે કશું મહત્ત્વનું ગુમાવી બેઠેલા ભારતીય મનુષ્યોની હૃદયહીન અવહેલના કરતાં રહ્યા છે. કહેશે કે રાષ્ટ્રવાદ એટલે યુદ્ધખોર નીતિ. ભારતે ક્યારેય કોઈના પર આક્રમણ નથી કર્યું 'ને ભારતે ઢગલો આક્રમણ ભોગવ્યા છે એ સાચી માહિતી આપણે ભૂલી જવાની એવી જીદ શા માટે? કેવળ અમુક લોકોને સત્તા, પ્રસિદ્ધિ, ઇનામ, પૈસા વગેરે મળે એટલે આપણે રાષ્ટ્રપ્રેમની વાત કરીએ ત્યારે પણ પાકિસ્તાન 'ને ચીનના ભારત વિરોધી કારનામા અંગે આંધળા થવાનું 'ને ઉપરથી એ દુશ્મનોના વખાણ કરવાના? સારા માનવી સાબિત થવાના ઘણા રસ્તા છે. ભારત એક દેશ છે. દેશને સરહદ હોય. દરેક દેશ પોતાની સરહદનું રક્ષણ કરે. અન્ય દેશ પોતાના પર સફળ આક્રમણ નહીં કરે કે કરી શકે એવી ગણતરી અમુક દેશ કરે છે એનાં કારણ હોય છે.

અમેરિકાએ તાજેતરમાં જ અફઘાનિસ્તાનમાંથી બહાર નીકળી રાજકીય પરિવર્તન આણ્યું છે. ૨૦૦૧ પછી અત્યાર સુધીમાં ઓફિશિયલી કમ સે કમ ૬૦૦૦૦ મૃત્યુ અફઘાનિસ્તાનમાં થયેલાં યુદ્ધને કારણે જન્મ્યા હોવાનું કહેવાય છે. સાચો આંકડો તેથી વધારે હશે એવું બહુમતી માને છે. ૧૯૯૪માં થયેલી રવાન્ડા જિનોસાઇડમાં આઠ લાખથી વધુ માણસો ઉપર પહોંચ્યા. ૯૬-૯૭ દરમિયાન પ્રથમ કોંગો વૉરમાં અઢીથી આઠ લાખ માણસોએ જીવ ગુમાવેલા. '૯૮થી ૨૦૦૩ના બીજા

નિષ્ણાતોના મતે જે દેશ પર આક્રમણ કરી અન્ય દેશ વિજયી ના થઈ શકે એ યાદીમાં મોખરે છે અમેરિકા

only books magazine

કોંગો વૉરમાં પચ્ચીસથી પંચાવન લાખ માર્યા ગયા. ઈતુરી ઘર્ષણમાં ૬૦૦૦૦થી વધુ. આતંકવાદને કારણે ૨૦૦૧થી અત્યાર સુધી સવા કરોડ. ઈરાક વૉરમાં સાડા છ લાખ. ૨૦૦૪થી હજુ ચાલતી કોંગોની કિવુ કન્ફ્લિક્ટમાં એક લાખથી વધુ. નોર્થ-ઈસ્ટ પાકિસ્તાનમાં ૮૦૦૦૦. બોકો હરામને કારણે નાઇજિરિયામાં એકાવન હજારથી વધુ. સિરિયન સિવિલ વૉરમાં છ લાખ સુધી. ઈરાક સિવિલ વૉરમાં બે લાખ. યેમેન સિવિલ વૉરમાં અઢી લાખ સુધી.

રશિયા 'ને યુરોપમાં થયેલા વિવિધ હિંસક વિગ્રહના આંકડા અલગ. દુનિયાના અન્ય ખૂણાના કબ્રસ્તાન ખોદતાં અન્ય અગણિત આંકડા મળે. આ બધા આંકડાથી અરેરાટી ઉપજે. પછી? યુદ્ધ ખોટું એ લાગણી થાય. તો શું એકવીસમી સદીમાં એ તમામ યુદ્ધમાં સંકળાયેલી જે-તે પ્રજાને એ સમજ નહીં હોય? ના, બધાં યુદ્ધ કોઈ સંગઠન કે દેશની આડાઈથી જ થાય છે એવું નથી. પ્રજા પણ એમના અમુક અનુભવ 'ને આદર્શને કારણે લડી લેતી હોય છે. યુદ્ધ આપણા માટે અસામાન્ય ઘટના છે કે જૂના જમાનાના ઓછા સામાજિક 'ને સંસ્કૃત માણસોની દેન છે. કે પછી આ કે તે વાદનું પરિણામ છે. જે માનો તે, વાસ્તવિકતા એટલું જ કહે છે કે યુદ્ધ અસત્ય નથી. યુદ્ધ શક્ય છે. સાચા પાગલ, યોગી 'ને કલાકાર જેવા માણસો ભલે માને 'ને મનાવે કે સરહદ ખોટી, પરંતુ તાળા વગરનું ઘર એ અપવાદ રૂપે જ શક્ય છે.

ડ્રગ્સને ધિક્કારતા જોર આવે 'ને ધર્મ પર ફિટકાર વરસાવવાનું ગમે એવા ઉદારમતવાદ વચ્ચે જે પ્રજાને દુશ્મન દેશોના આક્રમણથી ખોવાનું આવે એને જ ભાન હોય કે ફૂંફાડો પણ જોઈએ 'ને કરડવાનું આવે તો ઝેર પણ રાખવું જ પડે. કહે છે શસ્ત્રનો ધંધો છે, નીચ ધંધો છે. ઓકે. મેડિકલ સાયન્સને વંદન કરીને જાણવા પરિશ્રમ કરવો જોઈએ કે મેડિકલ સાયન્સ સંબંધિત બધા ધંધા 'ને ધંધાદારીઓ સારા છે? શિક્ષણ, કળા, કારીગીરી વગેરે કોઈ પણ ધંધો લઈ લો, દુર્જનો 'ને રાક્ષસો મળી જ આવે.

શિયાળામાં આબોહવાની વેરાયટી જુઓ તો ખ્યાલ આવે કે રશિયા પર આક્રમણ કરીને કબજો જમાવી રાખવો કેટલું કપરું કામ છે

શું ધન શસ્ત્ર તરીકે નથી વપરાતું? ભણતરના પ્રમાણપત્રો હોય કે સિદ્ધાંતની વાતો, અન્યને નુકસાન જાય એવું કર્મ કરવાના અનેક રસ્તાઓ મનુષ્ય કામમાં લે જ છે. બુદ્ધ 'ને મહાવીરની અહિંસા ખરેખર કેટલા સમજે છે 'ને પાળે છે? ગાંધીજીની અહિંસા કરતાં ઘણી ઊંચે બિરાજતી એ અહિંસાનો ભાવાર્થ છે કે બધા એક છે. અદ્વૈત, પણ સમાજમાં એવું શક્ય નથી. બધાં મકાનને દીવાલ હોય છે. બધાં કપડાં પહેરે છે. બધાં પોતાનું પેટ ભરવા માગે છે.

ડિફેન્સ એવમ વૉર અંગેના નિષ્ણાતોના મતે જે દેશ પર આક્રમણ કરી અન્ય દેશ વિજયી ના થઈ શકે એ યાદીમાં મોખરે છે અમેરિકા. અમેરિકા પર અત્યાર સુધીમાં કોણે આક્રમણ કર્યું છે? પર્લ હાર્બર ઘટના જાણવી. જાપાન પર બે અણુબોમ્બ પડેલા. હા, ફિલ્મોમાં એલિયન્સ અમેરિકા પર આક્રમણ કરે છે. અમેરિકામાં સેક્યુલર, લિબરલ, રેશનલ 'ને એજ્યુકેટેડ, ડિસિપ્લિન્ડ, રિચ લોકો રહે છે એટલે અમેરિકા વૉર-પ્રૂફ ગણાય છે? ના. નિષ્ણાતો એવું માને છે કે અમેરિકા પર આક્રમણ કરવાનો અર્થ છે, અમેરિકાના તેત્રીસ-ચોત્રીસ કરોડ લોકો પર આક્રમણ કરવું. ટેક્નિકલી એવું માનવાનું કારણ? સામાન્ય અમેરિકન નાગરિકો પાસે કરોડોની સંખ્યામાં બંદૂકો છે. ઘણા અમેરિકન સ્ટેટ્સ અમેરિકનોને પોતાની રીતના શસ્ત્ર ડિઝાઈન કરી પોતાના માટે જાતે બનાવવાની કાયદેસર છૂટ આપે છે. એથી વિશેષ એ શસ્ત્ર એમણે રજિસ્ટર કરાવવાની જરૂર નથી.

એટલે જો કોઈ અન્ય દેશ અમેરિકા જીતી લે તોય અમેરિકાના સશસ્ત્ર લોકો પર કાબૂ મેળવવું એમના માટે ખૂબ કઠિન બની જાય. અમેરિકાનું ક્ષેત્રફળ જુઓ. અમેરિકાની ભૂગોળ જુઓ. અમેરિકાને ચારે બાજુથી ઘેરી તેની પ્રજા પર કાબૂ મેળવવા માટે ચમત્કારિક સ્થિતિ 'ને શક્તિ જોઈએ. ચાર ટાઈમ-ઝોન 'ને સાત ક્લાયમેટ-ઝોન. નિષ્ણાતો એવું પણ માનતા હશે કે અમેરિકન ખ્રિસ્તી પ્રજા અમેરિકાના વિરોધમાં ગદ્દારી ના જ કરે. ડેમોક્રેટને પૂછો કે રિપબ્લિકન કેવા 'ને રિપબ્લિકનને પૂછો કે ડેમોક્રેટ કેવા તો જવાબ મળે કે બોગસ. હશે. એક ગણતરી મુજબ અફઘાનિસ્તાનમાં દર સો માણસે ૧૨થી ૧૩ પાસે બંદૂક પ્રકારનું હથિયાર છે. ઓસ્ટ્રેલિયામાં ચૌદથી પંદર પાસે. ઓસ્ટ્રિયા ૩૦. કેનેડા ૩૪-૩૫. ફિનલેન્ડ ૩૨. જર્મની ૨૦. ઇઝરાયેલ ૭. લેબેનોન ૩૨. પાકિસ્તાન ૨૩. સાઉદી ૫૪. ન્યૂઝીલેન્ડ ૨૭. ભારત ૬. અમેરિકા? સો માણસે એકસો એકવીસ હથિયાર છે. ગન્સનો ત્રીસેક બિલ્યન ડૉલર્સનો અમેરિકામાં બિઝનેસ છે.

અમેરિકા સિવાય સુરક્ષિત દેશ કહેવાય છે જૂનો 'ને જાણીતો બળવાન દેશ રશિયા. રશિયાનો શિયાળો ખુદ એક મહાકાય સેના

વિશ્વના વેપારમાં ચીનનો જે પગદંડો છે એ મુજબ એલાઇડ-ફોર્સ ભેગાં થઈને ચીન પર કોઈક કારણસર ક્યારેય હુમલો કરે એવું લાગતું નથી

ચીન તિબેટ પર ચઢી બેઠું તો યુનો કે દુનિયાએ શું કર્યું?

બરાબર હોય છે. એવી મહાકાય સેના જેનું બળ રક્તબીજ જેવા અનેકો દૈત્ય જેવું સાબિત થઈ શકે છે. હિટલરને રોકવામાં કુદરતે રશિયાના શિયાળાનો ઉપયોગ કરેલો. રશિયન મિલિટરી 'ને પ્રજાને રશિયન વિન્ટરનો પાકો અનુભવ છે. વળી રશિયન લોકો પોતાના દેશને માતૃભૂમિ ગણે. બિનરશિયનને પારકા. ૧૮૧૨માં નેપોલિયન રશિયા પર પગદંડો જમાવવા ગયો તો રશિયનોએ પોતે પોતાના ગામ 'ને શહેર ભાંગીને ભુક્કો કરી નાખેલા. આજના રશિયનો પણ એવા જ આવેગશીલ છે. અગિયાર ટાઈમ ઝોન. રશિયા બહારનો કોઈ પણ દેશ રશિયા પર આક્રમણ કરે તો રશિયાની બહુમતી પ્રજા તેની સામે એક થઈ જાય. રશિયામાં આબોહવાની વેરાયટી જુઓ તો ખ્યાલ આવે કે રશિયા પર આક્રમણ કરીને કબજો જમાવી રાખવો કેટલું કપરું કામ છે.

રશિયાના પડોશી દેશો જે યુએસએસઆરના સભ્યો હતા એ રશિયાના વિરોધમાં બહારના દેશો સાથે હાથ મિલાવે એવા નથી. ક્યારેક કોઈ એક કે બે દેશ નોન-યુએસએસઆર કન્ટ્રી સાથે અમુક અંતરાલ પૂરતી સાઠગાંઠ કરે એટલું જ. એમનામાં એ સમજ છે કે જે દેશ રશિયા પર ચઢાઈ કરી કબજો કરી લેવા માગતો હોય એ દેશ એમના પોતાના શું હાલ કરે. રશિયા 'ને તેની આસપાસના દેશનાં પર્વતો, જંગલ, સમુદ્ર, રણ આક્રમણકારી દેશને કોઈ રીતે બક્ષી ના શકે. બે-ચાર અણુબોમ્બ નાખીને યુએસએસઆરની પ્રજાને વધુ કટ્ટર દુશ્મન બનાવી શકે. દુર્ગમ વિસ્તારમાં રહેતા રશિયન્સ સામાન્ય જીવનની 'ને યુદ્ધ સમયની કઠિનતા સામે કસીને ટક્કર આપે એવાં ખડતલ છે. અહિંસા રશિયન લાઈફ કે થિન્કિંગનો કોઈ રીતે ભાગ નથી. રશિયન બાળક એમના બાપદાદાએ કહેલી વિશ્વયુદ્ધની કહાણીઓ સાંભળીને મોટું થયું છે. રશિયન બાળક અંગ્રેજી ભાષાને પોતાની ભાષા નથી ગણતું. ઈન્ટરનેશનલ ફેશનમાં જે ટ્રેન્ડ હોય એ રશિયન ફેશન ટ્રેન્ડ નથી હોતો. રશિયાએ ઈન્ટરનેટ શટડાઉન કરીને પણ જીવન જીવી જોયું છે.

કૉલ્ડ-વૉરના બે રાજા અમેરિકા 'ને રશિયા સિવાય આંતરરાષ્ટ્રીય શતરંજ પર અફઘાનિસ્તાન એવો દેશ સાબિત થયો છે જેના પર એ બંને મહાસત્તાએ કાબૂ મેળવવાનો નિષ્ફળ પ્રયાસ કરેલો છે. અફઘાનિસ્તાન પોતે ખુવાર થતું રહ્યું, પણ બહારના દેશને પોતાનો ના જ ગણ્યો. છેલ્લાં વીસ વર્ષથી મિત્ર તરીકે કામ કરવા ગયેલા 'ને રશિયનો ઘૂસેલા એ પહેલાં પ્રગતિના કામ કરી ચૂકેલા અમેરિકનોને આખરે અફઘાનીઓએ સીધો 'ને આડકતરો જાકારો આપ્યો. અફઘાનિસ્તાન મહાસત્તાઓનું કબ્રસ્તાન કહેવાય છે. સૌથી પહેલાં અંગ્રેજોનો સૂર્ય ક્યારેય આથમતો નહોતો ત્યારે અંગ્રેજોને અફઘાનોએ થકવી કાઢેલા. અફઘાનિસ્તાનની ભૂગોળ અફઘાનિસ્તાનને ગુલામ બનવા નથી દેતી અને અફઘાન લોકો તો આટલા યુદ્ધ જોયા છતાં અફઘાની જ રહ્યા છે. અફઘાનિસ્તાનમાં બહુ મોટો વર્ગ એવો છે જે સદીઓ જૂના રીતિરિવાજો 'ને જીવનધોરણમાં આયખું કાઢી નાખવા તૈયાર છે, પણ બાહરી દેશને તાબે નહીં થાય. આખરે બધાં એક વૃક્ષનાં અંગો છે. ઈતિહાસ કહે છે કે અમુક ડાળ કે પાંદડાં વાઢી નાખશો તોય અફઘાની વૃક્ષ રહેશે.

આંતરરાષ્ટ્રીય શતરંજ પર અફઘાનિસ્તાન એવો દેશ સાબિત થયો છે જેના પર અમેરિકા અને રશિયા બંને મહાસત્તાએ કાબૂ મેળવવાનો નિષ્ફળ પ્રયાસ કરેલો છે

એક અબજ પચાસ લાખ માણસો પર કાબૂ મેળવી શકાય? ચીન પર અન્ય કોઈ દેશ આક્રમણ કરે 'ને રાજ કરે એ પરીકથામાં પણ સંભવ નથી દેખાતું. અમેરિકાની વસ્તી તેની સામે પરચૂરણ છે. વિશ્વના આગળ પડતાં દેશમાં રહેતા સુખી 'ને શક્તિશાળી તેમ જ કાઇમમાં સક્રિય હોય એવા ચીનાઓ અલગ. ચીનની સરકાર ગમે તેટલા ચીનાને બંદૂક આપીને ગમે ત્યારે ગમે ત્યાં લડવા મોકલી શકે છે. ચીનનો માણસ ગમે તેટલાં વર્ષથી અમેરિકા, ગલ્ફ કે આફ્રિકામાં રહેતો હોય, અન્ય ચીના સાથે આનંદ 'ને ગર્વ સાથે ચીની ભાષામાં જાહેરમાં વાત કરશે. નોન રેસિડન્ટ ચાઇનીઝ એટલે પણ પાકા ચાઇનીઝ જ. દેશમાં તો કેટલું ખોટું 'ને ખરાબ છે, અમારે ત્યાં વિદેશમાં સારું 'ને સાચું છે એવું એ ક્યારેક જ બોલવા ખાતર બોલે. ચીની સરકારને મનુષ્યની જિંદગીની ખાસ વેલ્યૂ નથી. ચીનની સાઈઝ તો જુઓ. કઈ સરહદ પર કોણ આક્રમણ કરશે? 'ને કરશે તો બાકીની સરહદ પર તો શાંતિ જ હશે. ચીન પણ સમજો કે ઓવરઓલ વૉર-પ્રૂફ કહી શકાય એવો દેશ છે.

ચીનને ચારે કોરથી ઘેરવું શક્ય નથી. વિશ્વના વેપારમાં ચીનનો જે પગદંડો છે એ મુજબ એલાઈડ-ફોર્સ ભેગાં થઈને ચીન પર કોઈક કારણસર ક્યારેય હુમલો કરે એવું લાગતું નથી. ચીનનું લશ્કર આધુનિક 'ને મજબૂત છે. ચીન સીધી રીતે ઘણા દેશમાં હિંસક

સળીઓ કરી શકે એમ છે. ચીની ગુનેગારો ઘણા દેશમાં મોટી આતંકવાદી પ્રવૃત્તિ કરી શકે તેમ છે. બહુ મોટી સંખ્યામાં ચીનના લોકો પશ્ચિમી ગોરા દેશોમાં કાયદેસર રીતે કામ કરી રહ્યા છે. ચીન યુનાઇટેડ નેશન્સમાં વિટો પાવર ધરાવે છે. ચીન એવું ઘણુ એક્સપોર્ટ કરે છે જે બંધ કરી દે તો દુનિયાના ઘણા દેશમાં તાત્કાલિક ઊથલપાથલ શરૂ થઈ જાય. ચીનના રોકાણકારો 'ને શેરબજારની અસર અમેરિકા 'ને જાપાનના માર્કેટ પર સીધી 'ને સક્ષમ હોય છે અને ચીનની પ્રજા? ચીનમાં વિવિધ પ્રાંત અંદરોઅંદર થોડી કે વધારે નકારાત્મકતા ધરાવે તેથી શું? ચીનના માણસો ચીનના દુશ્મન સામે એક થઈ જાય એવા છે. ચીન તિબેટ પર ચઢી બેઠું તો યુનો કે દુનિયાએ શું કર્યું?

અમેરિકા, રશિયા, અફઘાનિસ્તાન 'ને ચીન સિવાય કયો દેશ છે જે આક્રમણનો ભોગ ના બને 'ને બને તો ગુલામ નહીં થાય? ફ્રાન્સ, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા જેવા દેશો પર આક્રમણ ના થાય 'ને એ દેશો કોઈ પચાવી ના પાડે એવું દેખાય છે, પરંતુ ગણતરીઓ એવું સાબિત નથી કરતી. ડિફેન્સ 'ને વૉરના નિષ્ણાતો વૉર-પ્રૂફ પ્રકારના પ્રથમ પાંચ દેશની યાદીમાં પાંચમું નામ આપે છે ભારત. આપણે શાળામાં ભણેલા કે હિમાલય આપણી રક્ષા કરે છે. આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો ગંભીરતાથી માને છે કે હિમાલય ભારતની રક્ષા કરે છે. પશ્ચિમનું રણ 'ને ત્રણ તરફનો દરિયો સદા કારગત નિવડતી એવી આપણી કાયમની સેના સ્વરૂપ છે. ભારતીય એરફોર્સ 'ને નેવી અત્યાધુનિક રીતે શક્તિશાળી છે. ભારત આઝાદ થયું ત્યારથી પાકિસ્તાન 'ને ચીન એમ બંને દેશોના જોઇન્ટ એટેક સામે કેવી રીતે લડવું તેની તૈયારી કરી રહ્યું છે. ભારત રશિયા 'ને અમેરિકા બેમાંથી એકેનું દુશ્મન નથી. ભારતની પશ્ચિમી દુનિયાને જરૂર છે.

અને કરોડો ભારતીય? બેશક આપણને ઇતિહાસમાં કાળા અક્ષરે પંકાયેલા ગદ્દારો યાદ આવશે. પાકિસ્તાન 'ને ચીનની ખુલ્લે આમ ચમચાગીરી કરતાં આજના ઘણા ભારતીયો આપણા કાનને અથડાતાં હોય છે, કે આપણે એવા ભારત વિરોધીઓને ક્યાંક કોઈ રીતે જોતાં હોઈએ છીએ, કે આપણે એક કે બીજી રીતે એવા દેશદ્રોહીઓને જાણતા હોઈએ છીએ. ભારત દેશ સાથે કોઈ દેશ યુદ્ધ કરે ત્યારે ભારત સાથે ના રહે એ ભારતીય ભારતનો 'ને ભારતીય પ્રજાનો પ્રેમી ના કહેવાય. શરીરમાં રોગ હોય તો એ રોગ ડામવાના પ્રયત્નની સામે જે કોઈ કાર્યરત હોય એ ભોગી બળ નીરોગી ના જ કહેવાય. એ રોગી 'ને રોગકારક જ કહેવાય. નિષ્ણાતો જણાવે છે કે ભારત પર કોઈ દેશ આક્રમણ ના કરે 'ને કરે તો એ સફળ ના બને, પરંતુ હકીકત ત્યાં જ શરૂ 'ને પૂર્ણ થાય છે? હકીકત ઘણી ઊંચી 'ને પહોળી છે. ભારતને ખલાસ કરનારા આતંકવાદ સિવાય પણ ઘણા રસ્તા અપનાવતા રહ્યા છે. અંગ્રેજો એમ જ આવી શકેલા 'ને ટકી ગયેલા?

ચીન 'ને પાકિસ્તાન અવારનવાર જાહેરમાં કોઈ બકવાસ કરશે કે કોઈ અપકૃત્ય કરશે. આપણા કાશ્મીરમાં હજુ આતંકવાદ માથું ઊંચકવા ધમપછાડા કરી રહ્યો છે. દેશમાં મહત્ત્વની જગ્યાઓએ અડીઘડી રેડ એલર્ટ આપવા પડે છે. મુંબઈ બોમ્બબ્લાસ્ટ કોણ ભૂલી જાય? માઓવાદીઓ, નક્સલવાદીઓ હોય કે ડ્રગ્સનો કારોબાર કરતી ગેંગ્સ હોય, દેશના દુશ્મનને બીજું કોઈ સોહામણુ ટાઇટલ આપીને વાત બદલવાથી દેશની પ્રજાને નુકસાન જશે. કળા, સંસ્કૃતિ 'ને વેપાર વડે ભારતીય માનસને પરાધીન બનાવવાનું કાવતરું ઓછું હિંસક નથી. કોરોનાનો ભય ઓસરી રહ્યો છે. સામાન્ય જનજીવન લગભગ થાળે પડી ગયું છે. લોકો ફરીથી પોતાના જીવનના ઉત્થાન માટે પરિશ્રમ કરવા લાગી ગયા છે. બધાં લોકો, દેશદ્રોહીઓ, ગુનેગારો 'ને વિદેશીઓ પણ. શાંતિનો સમય હોય ત્યારે જ યુદ્ધની તૈયારી કરવી જોઈએ. મુઘલ 'ને અંગ્રેજો બહારથી આવી અહીં લડાઈ કરતાં 'ને રાજ કરતાં ત્યારે ભારતીયોને પણ સૈનિક તરીકે રાખતા. શું પ્રજા તરીકે આપણે આપણો દેશ આપણો જ રહે એ માટે પ્રયત્નશીલ છે? આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો ભારતને સુરક્ષિત જાહેર કરે છે ત્યારે દરેક ભારતીય વિદેશી તાકાત સામે લડશે એવું સ્પષ્ટ નથી કહેતાં.

આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો ગંભીરતાથી માને છે કે હિમાલય ભારતની રક્ષા કરે છે

બુઝારો

જ્યારે હું બાળક હતો ત્યારે મારા માબાપ મને કહેતાં કે તારું જમવાનું જમી લે, ભારત 'ને ચીનમાં લોકો ભૂખે મરે છે. હું મારી દીકરીઓને કહું છું કે તમારું હોમવર્ક કરી લો, ભારત 'ને ચીનમાં ઘણા લોકો તમારી નોકરીના ભૂખ્યા છે.

– અમેરિકાના ત્રણ વાર પુલિત્ઝર પ્રાઇઝ જીતેલા રાજકીય સમીક્ષક લેખક થોમસ ફ્રિડમેન ■

ભારતીય એરફોર્સ 'ને નેવી અત્યાધુનિક રીતે શક્તિશાળી છે. ભારત આઝાદ થયું ત્યારથી પાકિસ્તાન 'ને ચીન એમ બંને દેશોના જોઇન્ટ એટેક સામે કેવી રીતે લડવું તેની તૈયારી કરી રહ્યું છે

એમેઝોન - વિશાળકાય થતો જતો રાક્ષસી પંજો

એકાદ બે દાયકા પહેલાં એમેઝોન શબ્દ સાંભળતા જ બહુધા લોકોના માનસપટલ પર દક્ષિણ અમેરિકાની વિશાળ જળરાશિની સમ્રાજ્ઞી નદી દેખા દેતી, પણ ડિજિટલ યુગમાં એમેઝોન શબ્દ નવો અર્થ ધારણ કરીને એક એવી બ્રાન્ડ બની ગયો છે, જેનું ગર્ભિત લક્ષ્ય વ્યાપારવિશ્વ પર એકહથ્થુ શાસન સ્થાપવાનું છે. ઈન્ટરનેટ પર ભ્રમણ કરતો એક વિશાળ વર્ગ એમેઝોન અને એના કર્તાહર્તા જેફ બેઝોસને રાક્ષસ તરીકે જ જુએ છે.

પુસ્તકો જેવી એકદમ બિનહાનિકારક પ્રોડક્ટ વેચતા ઓનલાઈન સ્ટોર તરીકે શરૂ થયેલા એમેઝોને ઈ-કોમર્સના ક્ષેત્રમાં રહેલી અપાર સંભાવનાઓ જાહેર કરી 'ને એનો લાભ મેળવીને એક મહાકાય તંત્ર બની ગયું. તેણે આ ક્ષેત્રમાં પ્રવૃત્ત થવા ઇચ્છતી કંપનીઓને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડ્યું, પરંતુ શક્ય એટલી તમામ બાબતો, વસ્તુઓ 'ને મહત્તમ માર્કેટપ્લેસ પર અધિકાર સ્થાપવાની રાક્ષસીવૃત્તિને કારણે એમેઝોન હવે સેંકડો નેટિઝનો માટે અણગમતું નામ બની ગયું છે. પોતાની તાકાતને આધારે પ્રતિસ્પર્ધીને મા'ત આપી તોડી પાડવાની ક્રૂર નીતિથી એમેઝોન અને જેફ બેઝોસ આધુનિક યુગના રાક્ષસ તરીકે વગોવાઈ રહ્યા છે.

તાજેતરમાં જ થયેલા ઘટસ્ફોટ મુજબ એમેઝોને વિશ્વના સૌથી ફળદ્રુપ અને સતત વિકસી રહેલા ઈ-કોમર્સ માર્કેટપ્લેસ, ભારતમાં નાનાં અને સ્થાનિક ઉદ્યોગ સાહસોની પહોંચ ઘટાડીને ખુદની ચીજવસ્તુઓ ગ્રાહકોને વેચવા માટે અયોગ્ય પદ્ધતિ અપનાવી છે. જાણીતું ન્યૂઝ ઑર્ગેનાઇઝેશન રૉઇટર્સ લખે છે કે એમણે એમેઝોનના મેઇલ, સ્ટ્રેટેજી પેપર, બિઝનેસ પ્લાન વગેરેના હજારોના હજારો પેજના ડૉક્યુમેન્ટ તપાસીને જાણ્યું કે એમેઝોન એક પદ્ધતિસરની યોજના પ્રમાણે સર્ચ રિઝલ્ટમાં ચેડા કરીને પોતાની પ્રોડક્ટનું વેચાણ વધારવા એમને પ્રાધાન્ય આપે છે.

ભારતના જાણીતા ઉદ્યોગ સાહસી કિશોર બિયાણી હસ્તક જહોન મિલર બ્રાન્ડના પોશાક એમેઝોનની કુટિલ નીતિનો ભોગ બન્યા છે. એમેઝોને પોતાની પ્રોડક્ટ માટે કિચન ઇક્વિપમેન્ટ બનાવતી પ્રેસ્ટિજની પણ નકલ કરી છે. લૉજિટેક ઇલેક્ટ્રોનિક્સમાં જાણીતી બ્રાન્ડ છે, જેની પ્રૉડક્ટનું નાના ભારતીય રિટેલરો પણ વેચાણ કરે છે. એમેઝોને નોંધ્યું કે લૉજિટેકના માઉસપેડ ડિમાન્ડમાં રહે છે, એટલે એણે એવાં જ માઉસપેડ ૬૦ ટકા ઓછા ભાવે બનાવીને સંબંધિત ગ્રાહકવર્ગને ટારગેટ કર્યો. પરિણામે લૉજિટેક માઉસપેડનું વેચાણ ઘટી ગયું. આવું જ એમેઝોને ગારમેન્ટમાં પણ કર્યું. કયા ફિટિંગ અને ડિઝાઇન ગ્રાહકો વધારે પસંદ કરે છે એ નોંધીને એની જ નકલ મારી, સસ્તા ભાવે વેચીને સ્થાનિક વિક્રેતાઓને સ્પર્ધામાંથી જ ફેંકી દેવાની પ્રવૃત્તિ હાથ ધરાઈ. આ સ્ટ્રેટેજીની શરૂઆત 'જુન' નામક એક સ્માર્ટ ઑવન બનાવતા સ્ટાર્ટ-અપથી થયેલી હોવાનું નોંધાયું છે. જુને એમેઝોન પાસેથી ફન્ડિંગ મેળવેલું, પણ એના એક વર્ષ પછી એમેઝોને જ જુનની સ્પર્ધામાં, એની જ પ્રતિકૃતિ જેવું પોતાનું સ્માર્ટ ઑવન લગભગ અડધી કિંમતે લૉન્ચ કર્યું અને જુનને રેસમાંથી બહાર ફેંકી દીધું.

ગણતરીપૂર્વક આવી અન્ય બ્રાન્ડની પ્રૉડક્ટની એક કે બીજી રીતે કોપી મારીને એમેઝોન એ ડેટાનો ઉપયોગ કરે છે, જે એણે આટલાં વર્ષોના ઓનલાઈન વેપાર પછી જમા કર્યો છે : ગ્રાહકોની ચોક્કસ પસંદગીઓ, એમનું વલણ, ઇત્યાદિ જેવી ભેદી બાબતો જે આસાનીથી ખબર ના પડે. આજના જમાનામાં પ્રાઇવસી એટલે જ અત્યંત ગંભીર મુદ્દો છે. એકલદોકલ વ્યક્તિઓનો ડેટા કદાચ આવી મહાકાય કંપનીઓને ખાસ કામ ન લાગે. કિંતુ જ્યારે લાખો-કરોડો યુઝરોનો ડેટા એમની પાસે હોય ત્યારે વિશાળ ટોળારૂપી ગ્રાહકોનું માનસ સમજી, પોતાના સહિત અન્ય ઓનલાઈન પ્લેટફોર્મ પર કઈ વસ્તુઓ સૌથી વધારે વેચાય છે, પોતાને ત્યાં કઈ વસ્તુઓની ડિમાન્ડ વધારે છે, કેટલા ટકા ગ્રાહકો ઓછી કિંમત અને કેટલા ટકા ગ્રાહકો ગુણવત્તાને મહત્ત્વ આપે છે, શું વખાણે છે અને શેની ટીકા કરે છે - આવી ઘણી બધી વિગતોને અનુરૂપ બિઝનેસ સ્ટ્રેટેજી ઘડીને એમેઝોન જેવી કંપનીઓ સ્પર્ધાને ખતમ કરી પોતે તમામ ક્ષેત્રોમાં છવાઈ જાય છે.

ભારતમાં એની ગુપ્ત યોજનાનો પડઘો યુએસમાં પણ પડ્યો છે. આ વાત જાહેરમાં આવી ત્યારે ખાસ્સી ચોંકાવનારી સાબિત થઈ, પણ જો કોઈએ પાછલા થોડાક મહિનાઓમાં એમેઝોન ઇન્ડિયાની સાઇટ પર વિન્ડો શોપિંગ અર્થાત્ ખરીદવાના હેતુ વિના જ અલગ-અલગ પ્રોડક્ટ તપાસી હશે તો દેખાયું હશે કે એમેઝોન કેટલીક પ્રોડક્ટને સર્ચ રિઝલ્ટમાં મહત્ત્વ આપી એને વધારે ગ્રાહકો ખરીદે એવી



Join Our WhatsApp group
For Book & Magazine

હવે મેળવો વૉટ્સએપ ગ્રુપ માં બુક &
મેગેઝિન શ્રેષ્ઠ ગુજરાતી,હિન્દી,અંગ્રેજી,
પુસ્તકો વાંચવા માટે એક માત્ર
વૉટ્સએપ ગ્રુપ

🇮🇳 Only Book & Magazine 🇮🇳

આ ગ્રુપ માં જોડાવવા માટે
જય હિન્દ લખી ને વૉટ્સએપ મેસેજ કરો

9687042373

Or

CLICK HERE

રણનીતિ અપનાવી રહ્યું છે, જે શંકા પ્રેરે છે. આ માટે એણે 'એમેઝોન બેઝિક્સ' અને 'સોલિમો' નામક બ્રાન્ડ તૈયાર કરી છે જે અનુક્રમે ઘરેલુ કે ઑફિસના વપરાશની વસ્તુઓ, ઇલેક્ટ્રોનિક્સ અને કિચન, ઇત્યાદિનો સામાન બનાવે છે.

ઑલ ઇન્ડિયા ઓનલાઇન વેન્ડર એસોસિયેશને ૨૦૧૯માં આ બાબતે એમેઝોન વિરુદ્ધ ફરિયાદ કરેલી 'ને ૧ ફેબ્રુઆરીથી એમેઝોનની પોતાની બ્રાન્ડ એમની જ વેબસાઇટ પર વેચવા પર સરકારે પ્રતિબંધ લાદેલો. જોકે એમેઝોને કાયદાની છટકબારી શોધીને એ બધી જ પ્રોડક્ટ કોઈ લોકલ સેલર મારફતે વેચવાનું શરૂ કરી દીધેલું. વાત અહીંથી જ અટકતી નથી, કેમ કે વૉલમાર્ટના તાબામાં આવી ગયેલી ફ્લિપકાર્ટ પણ ધીમે ધીમે આવી રણનીતિ શરૂ કરી દે એવો અંદેશો છે. એમેઝોન અને ફ્લિપકાર્ટ ભારતમાં ઈ-કોમર્સના દરિયાની બે મોટી શાર્ક છે. એમેઝોન ને અન્ય વિદેશી સાહસો મૉડર્ન ઈસ્ટ ઇન્ડિયા કંપની બનીને ફરીથી ભારતના અર્થતંત્રને પાંગળું કરવા નાના વેપારીઓને ભરખી જવાનો આક્રમક સ્વભાવ કેળવે એ પહેલાં સરકારે સભાનતા અને ખાસ તો ઓનલાઈન ખરીદી કરતા ગ્રાહકોએ સમજદારી દાખવવાની જરૂર છે. ગ્રાહકો ટૂંકા ગાળાનો ફાયદો જોતા હોય છે, વાજબી કિંમત, સરળ રીતે ખરીદી અને ઝડપી ડિલિવરી ઇચ્છતા હોય છે. માટે ભારતીય સાહસિકોએ પણ ઈ-કોમર્સના ક્ષેત્રમાં શક્ય એટલા વધારે વિકલ્પો ઊભા કરવા પડશે, જેથી એક-બે કંપનીઓની મોનોપોલી તૂટે.

જેનાથી એમેઝોને પ્રારંભિક લોકપ્રિયતા મેળવેલી, એ પુસ્તકોના વેચાણ ક્ષેત્રે પણ બેઝોસે ક્રૂરતા દાખવી હતી. શરૂઆતમાં તેણે નાના 'ને અજાણ્યા પ્રકાશકોને એમેઝોન સાથે જોડવાના કાર્યને 'ગઝેલ પ્રોજેક્ટ' નામ આપી કહેલું કે એમેઝોને આવા પ્રકાશકો પાસે એ રીત જવાનું, જે રીતે એક ચિત્તો માંદલા હરણના શિકાર માટે આગળ વધતો હોય! એકવાર આવા પ્રકાશકો પુસ્તકોના વેચાણ

એમેઝોનના વેરહાઉસમાં અમાનવીય વર્તન થતું હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે

માટે ફક્ત એમેઝોન પર જ નિર્ભર થઈ જાય, એ પછી એમનો નફાનો ભાગ ઓછો કરી એમને પાંગળા કરવાની વ્યૂહરચના એમેઝોને ઘડેલી.

એમેઝોનની જેવી છાપ બહારથી છે, એવી જ અંદરથી પણ છે. ત્યાં કામ કરી ચૂકેલ એક કર્મચારી જેફ બેઝોસને 'કન્ટ્રોલ ફ્રિક' કહે છે. એની છાપ પણ 'સેડિસ્ટિક' (બીજાઓ પ્રત્યે ક્રૂરતામાં જાતીય આનંદ લેનાર) માણસની છે. એને નાનામાં નાનીથી લઈને મોટામાં મોટી દરેક બાબતો અને વસ્તુઓ પર નિયંત્રણ સ્થાપવું છે. એમેઝોનમાં કામ કરતા માણસે સતત માનસિક ત્રાસ અને અપમાન ભોગવવા પડે છે. કર્મચારીઓ વચ્ચે સહકાર અને સુમેળ વધે એવું નહીં, પણ તેઓ એકબીજા સામે જ ગળાકાપ સ્પર્ધા કરે એવું વાતાવરણ સર્જવામાં આવે છે. એમેઝોનના વેરહાઉસમાં કામ કરનાર માણસોની સ્થિતિ પણ જેલમાં બંધ ગુલામો જેવી હોય છે એવો આક્ષેપ લાગ્યો છે. ત્યાં કર્મચારીને સરખી રીતે ખાવાપીવાનો પણ સમય નથી મળતો ને તેઓ પેશાબ પણ ક્યારેક બૉટલમાં કરીને કામ ચલાવી લે છે, કારણ કે સતત આવતા ઓર્ડરને સમયસર ડિલિવર કરવાનું એમના પર ઘણુ પ્રેશર રહે છે અને એમના સુપરવાઇઝર પણ જાણે એક એક મિનિટનો હિસાબ રાખતા હોય એમ સતત એમના પર નજર ખોડેલી રાખે છે. આ માહિતી જેમ્સ બ્લડવર્થ નામક લેખક જાતે જ ઇંગ્લેન્ડના એક વેરહાઉસમાં કામ કરીને જાણી લાવ્યો હતો.

ઓનલાઇન પ્રશ્નોત્તરી માટેની વેબસાઇટ 'ક્વોરા' પર જેફ બેઝોસ વિશે ભાતભાતના સવાલો પૂછાયેલા છે : શું તે દુષ્ટ છે? લોકો કેમ તેને ધિક્કારે છે? શું તે ઉચ્ચ કક્ષાની મનોવિકૃતિ ધરાવતો માણસ છે. એના જવાબો હકાર અને નકારમાં મળે છે. એક જવાબ આપનાર યુઝર લખે છેઃ 'તમે વિશ્વનું સૌથી મોટું ઑમલેટ અમુક સંખ્યામાં ઈંડાં ફોડ્યા વિના ન બનાવી શકો.' ચિક્કાર સંપત્તિ, સત્તા, નિયંત્રણનો અધિકાર, પ્રભુત્વ, ઇત્યાદિ કમાવવા માગે નૈતિક રીતે ખોટું આચરણ કરવું પડતું હોય છે એવો આનો ગર્ભિતાર્થ નીકળે છે. એ અને એના જેવા અતિધનાઢ્ય માણસો પગારના નામે અત્યંત ઓછા પૈસા લઈને પણ, બેન્ક પાસેથી શક્ય એટલા ઓછા વ્યાજે મેળવેલા પૈસાથી મોંઘામાં મોંઘી સુખસુવિધાઓ ભોગવે છે. ૨૦૧૧માં જેફ બેઝોસે કુલ સંપત્તિ ૧૮ અબજ ડૉલર હોવા છતાં ટેક્સના આંકડામાં ખોટ દર્શાવેલી. આટલું ઓછું હોય એમ તેણે ઓછી આવક ધરાવતા પરિવારને સંતાનોની સહાયરૂપે મળતી ૪૦૦૦ ડૉલરની ટેક્સ ક્રેડિટ પણ મેળવેલી! યુએસ જેવા દેશોમાં પણ જ્યાં ગરીબ અને ધનવાન વચ્ચેનો ભેદ વિશાળ થઈ રહ્યો છે, ત્યાં કાયદાના છીંડાઓ શોધીને ટેક્સની રકમમાંથી મુક્તિ મેળવનાર જેફ બેઝોસ આવા ઘણા કારણોસર લોકોની નજરમાં રાક્ષસ બની ગયો છે.

આ બધી જ નકારાત્મક બાબતો છતાં પણ, જેફ બેઝોસ બુદ્ધિશાળી અને સમયથી પણ આગળ દોડીને ભવિષ્યની સંભાવનાઓ જોઈ શકનારો માણસ કહેવાયો છે, માટે તે આટલો સફળ રહ્યો છે. તે સંઘર્ષ કરીને આગળ આવ્યો છે અને એની પાસે દુનિયાને આગળ લઈ જવાનું વિઝન છે, એમાં ના નહીં. પરંતુ એ માટે ઉપયોગમાં લેવાઈ રહેલી રણનીતિ લાંબા ગાળે ફક્ત એક નહીં ઘણા બધા દેશોની જનતાને નુકસાન કરશે એવો ભય આ વિષયને સમજતા દરેક જાગૃત મનુષ્ય સેવી રહ્યા છે.

કૉફી-સ્કિપ્ટ :

અપરાધ કર્યાની લાગણીને બાદ કરતા, વેપારમાં એ તમામ પ્રકારનું આકર્ષણ છે જે જુગારમાં જોવા મળે. - વૉલ્ટર સ્કોટ ■

જેફ બેઝોસ બુદ્ધિશાળી અને સમયથી પણ આગળ દોડીને ભવિષ્યની સંભાવનાઓ જોઈ શકનારો માણસ કહેવાયો છે, માટે તે આટલો સફળ રહ્યો છે

દરિયાનું અધિક્રમણ ગુજરાતનાં કેટલાં નગર-ગામોને ગળી જશે?

સમુદ્ર સપાટી ઊંચી આવે તો કચ્છને સૌથી વધુ નુકસાન થવાની ભીતિ છે. જે કિનારો અત્યારે ઊંચો છે તેને અસર ઓછી થશે અને જે વિસ્તાર નીચો છે તેને વધુ અસર થશે. સુથરીથી બાડા સુધીના એટલે કે અબડાસા તાલુકાથી માંડવી તાલુકાના દરિયાકિનારનો અંદાજિત ૨૫ ટકા વિસ્તાર ઊંચો હોવાથી તેને ઓછી અસર થશે, પરંતુ મુન્દ્રા અને કંડલા મહાબંદરો સહિત બાકીના ૭૫ ટકા દરિયોકિનારાની ભૂગોળ સંપૂર્ણ બદલાઈ જઈ શકે છે. આ વિસ્તારનો મોટો ભાગ ડૂબમાં આવી જશે.

suchita@sambhaav.com

છેલ્લાં કેટલાંક વર્ષોથી ક્લાયમેટ ચેન્જ, ગ્લોબલ વૉર્મિંગ જેવા શબ્દો સામાન્ય લોકોના કાન પર વારંવાર અથડાઈ રહ્યા છે. જોકે તેનો સંદર્ભ વૈશ્વિક હોવાથી આમાં અમને શું લાગેવળગે એમ માનીને લોકો તેને સાંભળે કે તરત જ ભૂલી પણ જાય છે, પરંતુ હવે આ મહાભયંકર શબ્દોની અસર આપણા ઘરઆંગણા સુધી આવી પહોંચવામાં સમય લાગે તેમ નથી. આગામી ૩૦-૩૫ કે ૪૦ વર્ષમાં જ તેની ભયાવહ અસર સામાન્ય લોકો પણ જોઈ અને અનુભવી શકશે. નિષ્ણાતોના મતે ગ્લોબલ વૉર્મિંગની અસરથી દુનિયાના દરિયાકાંઠાના પ્રદેશો ડૂબમાં જવાની ભીતિ છે. ભારતનાં મહાનગરો મુંબઈ, ચેન્નઈ, કોલકોતાની ભૂગોળ પણ નજીકના ભવિષ્યમાં જ બદલાઈ જવાની છે, તેમાં બેમત નથી, પરંતુ વાત માત્ર આ શહેરો પૂરતી જ મર્યાદિત રહી નથી. ગુજરાત કે કચ્છના દરિયાકિનારાનાં નાનાં ગામો કે કિનારા પાસેના નાના ટાપુઓ પણ ડૂબમાં જવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

અત્યારે ગ્લોબલ વૉર્મિંગની પ્રક્રિયા પુરજોશમાં ચાલી રહી છે. આ કુદરતી પ્રક્રિયામાં માનવીય પ્રવૃત્તિઓએ ઉદ્દીપકનું કાર્ય કરીને તેના વેગને અનેક ગણો વધારી નાખ્યો છે. કોલસો, પેટ્રોલ, ડીઝલ જેવા અશ્મિભૂત ઈંધણો (ફોસિલ ફ્યુએલ)ના વધતા વપરાશના કારણે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ જેવા હાનિકારક વાયુઓનું પ્રમાણ વધ્યું છે. તેના પગલે વાતાવરણના ઓઝોનના પડમાં ગાબડાં પડ્યા છે અને તેનાથી ગ્લોબલ વૉર્મિંગની પ્રક્રિયામાં વેગ આવ્યો છે.

જ્યારથી પૃથ્વી પર વાતાવરણ રચાયું, પાણી બન્યું, જમીન બની ત્યારથી તેમાં સતત ફેરફારો થતાં આવ્યા જ છે. કુદરતી પ્રક્રિયાના ભાગરૂપે જ અનેક વખત હિમયુગ આવ્યા છે અને ફરી વાતાવરણ સામાન્ય બન્યું છે. વાતાવરણમાં પાણીનું વધવું અને ઘટવું એ પણ એક કુદરતી પ્રક્રિયા જ છે, પરંતુ છેલ્લાં ૨૦૦ વર્ષોથી સતત ચાલતા ઔદ્યોગિકીકરણે આ પ્રક્રિયાને વધુ ઝડપી બનાવી છે. તેના પરિણામે જે ભૌગોલિક ફેરફારો થવાના છે તેમાં પણ અકલ્પનીય ગતિ નોંધાઈ છે. જેથી આપણી પેઢી કે આવતી પેઢી આ ફેરફાર નજરોનજર નિહાળી શકશે અને તેનાં માઠા ફળો પણ તેને ચાખવા પડશે. અત્યારે દરિયાકિનારે અબજો, અબજો રૂપિયાના રોકાણથી નવા નવા ઉદ્યોગો આવી રહ્યા છે, અબજો રૂપિયાના ખર્ચે દરિયાકિનારાનો વિકાસ થઈ રહ્યો છે, માળખાકીય સુવિધાઓ ઊભી કરાઈ રહી છે, જો ગ્લોબલ વૉર્મિંગ જેવા કુદરતી કોપના પરિણામે સર્જનારી હાનિ રોકવા યોગ્ય અને સમયસરનાં પગલાં નહીં લેવાય તો બધા જ પૈસા પાણીમાં જશે એટલું જ નહીં, પરંતુ ત્રણેક દાયકા પછીની પેઢીના જીવન સાથે પણ ખતરનાક રમત રમાઈ જશે.

આ ગ્લોબલ વૉર્મિંગ તેના પરિણામે દરિયાના પાણીનું સ્તર વધવું, તેનાથી દરિયા કિનારા વિસ્તારમાં જબરજસ્ત ભૌગોલિક ફેરફાર થવા વગેરે અંગે ખૂબ વિસ્તૃત વાત કરતાં કચ્છ યુનિવર્સિટીના અર્થ એન્ડ એન્વાયરન્મેન્ટ સાયન્સ વિભાગના વડા ડૉ. મહેશ ઠક્કર જણાવે છે કે, 'વાતાવરણીય ફેરફાર બે રીતે થાય છે - કુદરતી અને માનવ સર્જિત. કુદરતી ફેરફારો હજારો, લાખો વર્ષોથી થયા કરે છે. તેમાં માનવ કોઈ જ ફેરફાર કરી શકતો નથી. આ કુદરતી ફેરફારો માટે મુખ્યત્વે સૂર્યની સપાટી પર થતી વિવિધ પ્રક્રિયાઓ અને પૃથ્વીની ધરીની ભ્રમર ગતિ

ગ્લોબલ વૉર્મિંગના કારણે સમુદ્રના સ્તરમાં ધરમૂળથી ફેરફાર આવી રહ્યા છે

(વોબલિંગ) જવાબદાર છે. સૂર્યકલંકો દર ૧૧ વર્ષે બદલાય છે. હવે નજીકના ભવિષ્યમાં તે સક્રિય થવાના છે. તેની સાથે જ અસહ્ય ગરમી પડશે અને વરસાદ વધશે. હાલમાં પણ આ ફેરફારો થોડા વધતા અંશે અનુભવી શકાય છે. આ ઉપરાંત પૃથ્વીની ધરીની ભ્રમર ગતિ આંતર હિમયુગ અને હિમયુગ લાવવા માટે કારણભૂત હોવાનું મનાય છે. આબોહવા પરિવર્તનમાં પણ તે મહત્ત્વનો ભાગ ભજવે છે.'

તેઓ વિશેષમાં ઉમેરે છે કે, 'કુદરતી પ્રક્રિયા તો માનવના હાથના બહારની વાત છે, પરંતુ માનવીય પ્રવૃત્તિઓ પણ આબોહવામાં ફેરફાર માટે તેટલી જ જવાબદાર છે. કુદરતી પ્રક્રિયા તો લાખો વર્ષોથી થાય છે, પરંતુ તેમાં છેલ્લાં ૨૦૦-૨૫૦ વર્ષની માનવીય પ્રવૃત્તિઓએ વૃદ્ધિ કરી છે. યુરોપમાં ૧૮મી સદીના અંતમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત થઈ. ત્યારથી અશ્મિભૂત ઈંધણોના દહનનું પ્રમાણ વધતું જ રહ્યું છે. કોલસા અને પેટ્રોલિયમની શોધ થઈ, ત્યાર પછી પેટ્રોલ, ડીઝલનો વપરાશ વધતો રહ્યો. મશીનો અને વાહનોની શોધ થઈ. તેના પરિણામે વાતાવરણમાં છોડાતા કાર્બન ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ, સલ્ફર હેક્સાફ્લોરાઈડ, નાઈટ્રસ ઓક્સાઈડ જેવા વાયુઓનું પ્રમાણ ખૂબ વધ્યું છે. આ ઉપરાંત જંગલો કપાયા છે, વસતીનો વધારો થયો છે. જંગલના નાશના કારણે ઓક્સિજનનું પ્રમાણ ઘટ્યું અને કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધ્યું છે. આ ઉપરાંત એરકન્ડિશનર અને રેફ્રિજરેટર જેવા સાધનોના કારણે ક્લોરોફ્લોરો કાર્બન વાયુનું પ્રમાણ પણ ખૂબ વધ્યું છે. આ વાયુ ઓઝોનનું પડ તોડીને ગાબડાં પાડે છે. ઓઝોન સૂર્યના હાનિકારક કિરણોથી બચાવતું રક્ષણાત્મક પડ છે. તેમ જ જ્વાળામુખીના વિસ્ફોટના કારણે જે વાયુ નીકળે છે તેમાં પણ હાનિકારક વાયુઓ હોય છે. વાયુઓની સાથે વધુ ઘાતક તેની રાખ હોય છે, જે વાતાવરણને નુકસાન કરે છે. આ રાખની જેમ જ કારખાનામાંથી નીકળતી રાખ પણ તેટલી જ હાનિકારક હોય છે.

'આ બધા વાયુઓ વાતાવરણને ઘટ્ટ બનાવે છે. જેથી સૂર્યપ્રકાશ તો અંદર આવે છે પરંતુ તેની ઊર્જા પરાવર્તિત થઈને પરત જઈ શકતી નથી. આથી વાતાવરણમાં ગરમી વધે છે. જેના કારણે વૈશ્વિક તાપમાન વધે છે. તેથી ધ્રુવીય બરફ ઓગળે છે. તેના કારણે સમુદ્રની સપાટી ઊંચી આવે છે. તેમ જ તાપમાનમાં થતાં વધારાથી

દરિયાના સ્તરનું ઉપર- નીચે થવું એ પ્રક્રિયા નિરંતર ચાલતી પ્રક્રિયા છે, પરંતુ કુદરતી રીતે જે વધારો થાય તેમાં માનવીય ગતિવિધિઓના કારણે ભારે વધારો કરી દીધો છે

ડો. મહેશ ઠક્કર, વડા, સાયન્સ વિભાગ
અર્થ એન્ડ એન્વાયરન્મેન્ટ, કચ્છ યુનિ.

જો દરિયો જમીનને ગળી જશે તો ઉદ્યોગોને પણ મોટા પાયે નુકસાન જશે

પૃથ્વી પરના પાણીનું વરાળમાં રૂપાંતર થવાની ગતિ વધે છે. જેના કારણે વરસાદ વધુ પડે છે. તેવી જ રીતે ચોમાસાનું ચોક્કસ સ્વરૂપ હતું તે પણ બદલાઈ જાય છે. વરસાદ અનિયમિત થઈ ગયો છે. આકસ્મિક પૂર, ભૂસ્ખલન, રણમાં ભારે વરસાદ જેવી ઘટનાઓ વારંવાર બને છે. જોકે કુદરતની આ નિરંતર પ્રક્રિયા છે. પાંચેક હજાર વર્ષ પહેલાં દરિયાનું સ્તર હાલના સ્તર કરતાં ૪૦ મીટર નીચું હતું. આથી દરિયો પણ હાલના સ્થળથી લગભગ દસેક કિ.મી. દૂર હતો. તેથી જ શ્રીકૃષ્ણની દ્વારકાના અવશેષો, હાલની દ્વારકાથી દરિયા નીચે ૧૦ કિ.મી. દૂર મળી આવ્યા છે. આમ દરિયાના સ્તરનું ઉપર-નીચે થવું એ પ્રક્રિયા નિરંતર ચાલતી પ્રક્રિયા છે, પરંતુ કુદરતી રીતે જે વધારો થાય તેમાં માનવીય ગતિવિધિઓના કારણે ભારે વધારો કરી દીધો છે.'

સમુદ્ર સપાટી જો ઊંચી આવે તો દરિયો જમીન પર વધુ અંદર ધસે છે. તેથી જમીનનું ક્ષેત્રફળ ઘટે છે અને સમુદ્રકિનારાના પ્રદેશો ડૂબમાં જાય છે. ગુજરાતનો દરિયાકિનારો ૧૬૦૦ કિ.મી.નો છે. જ્યારે કચ્છનો દરિયાકિનારો ૩૫૦ કિ.મી.નો છે. (જોકે ગુજરાત સરકારની સત્તાવાર વેબસાઇટ ઉપર કચ્છનો દરિયા કિનારો ૪૦૬ કિ.મી. લાંબો હોવાનું જણાવાયું છે.) આ ઉપરાંત ભૂકંપ પછી કચ્છના દરિયાકિનારે અનેક ઉદ્યોગો આવતા તેનો જબરજસ્ત વિકાસ પણ થયો છે. આથી જ સમુદ્ર સપાટી ઊંચી આવે તો કચ્છને સૌથી વધુ નુકસાન થવાની ભીતિ છે. જે કિનારો અત્યારે ઊંચો છે તેને અસર ઓછી થશે અને જે વિસ્તાર નીચો છે તેને વધુ અસર થશે. સુથરીથી બાડા સુધીના એટલે કે અબડાસા તાલુકાથી માંડવી તાલુકાના દરિયાકિનારનો અંદાજિત ૨૫ ટકા વિસ્તાર ઊંચો હોવાથી તેને ઓછી અસર થશે, પરંતુ મુન્દ્રા અને કંડલા મહાબંદરો સહિત બાકીના ૭૫ ટકા દરિયોકિનારાની ભૂગોળ સંપૂર્ણ બદલાઈ જઈ શકે છે. આ વિસ્તારનો મોટો ભાગ ડૂબમાં આવી જશે. આ ઉપરાંત જખૌ અને લખપતના દરિયાકિનારા નજીક આવેલા સેંકડો નાના ટાપુઓ દરિયામાં સમાઈ જશે. અમુક જગ્યાએ દરિયો એકાદ કિ.મી. જેટલો જમીન પર આવી જશે તો અમુક જગ્યાએ તે દસ કિ.મી. જેટલી જમીન પર પગપેસારો પણ કરી શકે છે. ડૉ. ઠક્કરના મતે, 'આ પ્રક્રિયા અત્યારે એટલી ઝડપી બની છે કે કુદરતનો આ કોપ આગામી ૩૦-૩૫ વર્ષમાં જોઈ શકાશે. વર્ષ ૨૦૫૦થી ૬૦નો દાયકો સૌથી ખરાબ હશે. તેની અસર માનવી ઉપરાંત દરિયાઈ જીવ સૃષ્ટિ પર પડશે. માછલીની અમુક જાતો કદાચ નામશેષ પણ થઈ શકે. વરસાદનું પ્રમાણ વધશે. પૂરનું જોર વધશે. હાલમાં બનાવેલા ડેમો તૂટી જશે. આ બધાને ધ્યાનમાં રાખીને તેના સામના માટે અત્યારથી જ તૈયારી કરવી જરૂરી છે. આગામી ૫૦ વર્ષમાં આજનો દરિયા કિનારો આમૂલ બદલાઈ જશે.'

જે વિસ્તારમાં દરિયાનું સ્તર વધુ ઊંચું જશે અને જ્યાં દરિયો વધુ જમીન ગળી જશે તેવા વિસ્તારમાં જ કચ્છમાં વધુ ઔદ્યોગિક રોકાણો છે. તેથી જો દરિયો જમીનને ગળી જશે તો આ ઉદ્યોગોને સૌથી વધુ નુકસાન જશે. આ વિસ્તારને બચાવવા માટે અત્યારે જ ભારે રોકાણ કરીને યોગ્ય પગલાં લેવા જોઈશે. કુદરતના આ કોપથી બચવા અથવા તેની ઘાતક અસરોને થોડી ઓછી કરવા માટે કેવા પગલાં લેવા જોઈએ એ વિશે વાત કરતાં ઠક્કર જણાવે છે કે, 'દરિયાકિનારા પરની વિવિધ માળખાકીય યોજનાઓમાં મૂળભૂત પરિવર્તન લાવવું પડશે. પહેલા તો આ વિસ્તારમાં સેંકડો કિ.મી. લાંબી વેવ બ્રેકર દીવાલો બનાવવી પડશે. આવી દીવાલ સોમનાથ મંદિર પાસે બનાવાઈ છે. આ ઉપરાંત જો દરિયો ઊંચો આવશે તો કેટલી જમીન દરિયામાં સમાઈ જશે તેનો સઘન અભ્યાસ કરીને અત્યારે જે નવો વિકાસ થઈ રહ્યો છે અથવા જે આયોજન થઈ રહ્યું છે તે કરવું રહ્યું. આ માટે હાલના દરિયાકિનારાથી એટલી જમીન છોડીને પછી જ નવું આયોજન કરવું જોઈએ. તેમ જ દરિયા કિનારે ચેરિયાનું વાવેતર પણ વધારવું જોઈએ. ચેરિયા મોજાંની મારક શક્તિને ઓછી કરવામાં મદદ કરે છે.'

દરિયાનું સ્તર ઊંચું કરવા માટે જે પરિબળો ઈંધણનું કામ કરે છે તે ઘટાડવાથી તેની અસર થોડી મોડી કરી શકાય તેમ છે. અશ્મિભૂત ઈંધણોની જગ્યાએ બિનપરંપરાગત ઊર્જા જેવી કે સૂર્ય ઊર્જા અને પવન ઊર્જાનો વપરાશ વધારવો જોઈએ. ગ્રીન એનર્જીના મહત્તમ વપરાશના કારણે ગ્લોબલ વૉર્મિંગમાં ચોક્કસ ઘટાડો નોંધાશે. કચ્છમાં આ દિશામાં ઘણુ મહત્ત્વનું કાર્ય થઈ રહ્યું છે. અહીં વિશ્વનો સૌથી મોટો સોલર એનર્જી પાર્ક આકાર લઈ રહ્યો છે.

યુએન(યુનાઈટેડ નેશન્સ)ના એક વિભાગ આઈ.પી.સી.સી. (ઇન્ટ્રા ગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાયમેટ ચેન્જ) દ્વારા તાજેતરમાં વર્ષ ૨૦૨૧નો ક્લાયમેટ ચેન્જ અંગેનો રિપોર્ટ બહાર પડાયો છે. તેમાં કયા વિસ્તારમાં કેવી અસરો થશે તેની વાત છે. આ રિપોર્ટને અનુસરીને ભારતની કેન્દ્ર અને રાજ્ય સરકારોએ યોગ્ય અને સમયસરનાં પગલાં લેવા જોઈએ. હવે વિશ્વ એ સ્થિતિમાં પહોંચી ગયું છે કે, ગમે તેટલા પ્રયત્ન કરવા છતાં દરિયાની સપાટીને ઊંચી આવતી રોકી શકાશે નહીં, પરંતુ તેની ગતિ થોડી ધીમી જરૂર કરી શકાશે. આથી જ આ કહેર ત્રાટકવાનો જ છે, તેધ્યાને લઈને તમામ શક્યતાઓ પર વિચાર કરીને સાવચેતીનાં પગલાં નિષ્ણાતોની મદદથી લેવાય તો જ દરિયાકિનારાના પ્રદેશને ભયંકર આપત્તિમાંથી બચાવી શકાશે, અન્યથા નહીં. ■

■ સુચિતા બોઘાણી કનર

જમીન ડૂબવાની ઘટનાઓ: ભૂતકાળની અને ભવિષ્યની

તકેદારી નહીં દાખવવામાં આવે તો વિશ્વની ભૂગોળ બદલાતા વાર નહીં લાગે

only books magazine

suchita@sambhaav.com

ઉત્પત્તિ વખતથી અત્યાર સુધી પૃથ્વીનું વાતાવરણ, આબોહવા કે ભૂગોળ ક્યારેય એક સરખાં કે સ્થિર રહ્યાં નથી. તેમાં સતત બદલાવ આવ્યા જ કરે છે, પરંતુ કુદરતી રીતે બદલાતા વાતાવરણનો ફેરફાર મોટા ભાગે ખૂબ જ ધીમો હોય છે, જ્યારે માનવીય હસ્તક્ષેપના કારણે થતાં બદલાવની ગતિ અકલ્પનીય છે. જેના કારણે થનારી હાનિ પણ ઘણી વધુ છે.

ગ્લોબલ વોર્મિંગના કારણે સમુદ્રનું સ્તર વધશે એ વાત હવે હકીકતમાં પલટાતી દેખાઈ રહી છે. જોકે પૃથ્વી પર આવી ઘટનાઓ સમયાંતરે ઘટતી જ રહે છે. ઉત્પત્તિ વખતથી અત્યાર સુધી પૃથ્વીનું વાતાવરણ, આબોહવા કે ભૂગોળ ક્યારેય એક સરખાં કે સ્થિર રહ્યાં નથી. તેમાં સતત બદલાવ આવ્યા જ કરે છે, પરંતુ કુદરતી રીતે બદલાતા વાતાવરણનો ફેરફાર મોટા ભાગે ખૂબ જ ધીમો હોય છે, જ્યારે માનવીય હસ્તક્ષેપના કારણે થતાં બદલાવની ગતિ અકલ્પનીય છે. જેના કારણે થનારી હાનિ પણ ઘણી વધુ છે.

ભારતીય પુરાતત્ત્વવિદ્ ડો. એસ.આર. રાવ અને તેમની ટીમ દ્વારા ખંભાતના અખાતમાં હાથ ધરાયેલા સંશોધનના પરિપાકરૂપે સમુદ્રમાં ડૂબી ગયેલી દ્વારકાના અવશેષો મળ્યા હતા

જેવી રીતે નજીકના ભવિષ્યકાળમાં દરિયાકિનારાનાં શહેરો, માનવીય વસાહતો, ટાપુઓ સમુદ્રમાં ડૂબી જવાની ભીતિ છે તેવી જ રીતે ભૂતકાળમાં પણ અનેક નગરો દરિયામાં ગરક થઈ ગયા હોવાના દાખલા જોવા મળે છે. સૌથી જાણીતો દાખલો ભગવાન શ્રીકૃષ્ણની દ્વારકાનો છે. મહાભારત અને ભગવાન શ્રીકૃષ્ણનો સમયગાળો અંદાજે ૫૦૦૦ વર્ષ પુરાણો હોવાનું નિષ્ણાતો માને છે. ભગવાન શ્રીકૃષ્ણ, પાંડવો કે કૌરવોની હસ્તી ભૂતકાળમાં ખરેખર હતી કે તેઓ માત્ર કવિની કલ્પનામાં જ હતા તે વિદ્વાનોની ચર્ચાનો વિષય છે, પરંતુ ૫૦૦૦ વર્ષ પહેલાં જે સંસ્કૃતિ ભારતીય ઉપખંડમાં હતી તેના પ્રમાણો અત્યારે સમુદ્રમાંથી મળે છે. ભારતીય પુરાતત્ત્વવિદ્ ડૉ. એસ.આર. રાવ અને તેમની ટીમ દ્વારા ખંભાતના અખાતમાં હાથ ધરાયેલા સંશોધનના પરિપાકરૂપે સમુદ્રમાં ડૂબી ગયેલી દ્વારકાના અવશેષો મળ્યા હતા. જેના પરથી મહાભારત અને તેનાં પાત્રો માત્ર કવિકલ્પના નથી તે વાતને વધુ મજબૂત સમર્થન મળ્યું હતું.

નિષ્ણાતોના મતે હાલની દ્વારકાથી અંદાજે ૧૦ કિ.મી. દૂર દરિયામાં ૧૩૧ ફૂટ ઊંડેથી આ અવશેષો મળ્યા છે. દસ હજાર વર્ષ પહેલાં વસેલી અને પાંચેક હજાર વર્ષ પહેલાં દરિયામાં ડૂબી ગયેલી દ્વારકા કાં તો સમુદ્રના તળમાં અચાનક થયેલા ફેરફારના કારણે ડૂબી ગઈ હોય, કાં તેને ત્સુનામી કે ભૂકંપે તેને જળસમાધિ લેવડાવી અથવા સમુદ્ર સ્તરમાં અચાનક થયેલો ફેરફાર તેના માટે જવાબદાર હોય તેવું પહેલા મનાતું હતું, પરંતુ હવે ત્યાં મળેલા અવશેષો પરથી નિષ્ણાતો એ નિષ્કર્ષ પર પહોંચ્યા હતા કે માત્ર સમુદ્ર સ્તરનું અચાનક વધવું જ તેના માટે જવાબદાર હતું. આ સમયગાળામાં જ બહેરિનમાં આવી ઘટના ઘટી હોવાનું નોંધાયું છે.

ડૉ. મહેશ ઠક્કરના મતે, 'આજથી પાંચેક હજાર વર્ષ પહેલાં સમુદ્રનું સ્તર હાલના સ્તરથી ૪૦ મીટર નીચું હતું. આથી મહાભારતકાળમાં

પાંચ હજાર વર્ષ પહેલાં દ્વારિકા પણ સમુદ્રમાં ગરકાવ થઈ ગઈ હતી

દરિયાકિનારો દસેક કિ.મી. જેટલો હાલના દરિયા કિનારાથી અંદરના ભાગે હતો. તેથી પ્રાચીન દ્વારકાના અવશેષો સમુદ્રમાં, હાલની દ્વારકાથી દસેક કિ.મી. દૂર જોવા મળે છે.'

આ ઉપરાંત દક્ષિણ ભારતના અંતિમ છેડે રામેશ્વર - ધનુષકોડીથી શ્રીલંકા વચ્ચેના દરિયામાં રામસેતુ ડૂબેલો હોવાનું મનાય છે. રામસેતુના નામે જાણીતી આ રચનાની નાસા અને ઈસરોએ સેટેલાઈટ ઈમેજ દ્વારા પુષ્ટિ કરી છે. આ ઈમેજથી ખ્યાલ આવે છે કે સમુદ્રમાં ૩૦ કિ.મી. લાંબી પથ્થરોથી માનવોએ બનાવેલી રચના છે. આ માનવસર્જિત રસ્તો ભારત અને શ્રીલંકાના ટાપુને જોડતો હતો. આવો જ અન્ય એક રસ્તો પણ સમુદ્રનું સ્તર વધતાં ડૂબી ગયો છે. આ રસ્તો તો ખૂબ જૂનો છે. ૨૬૫૦૦ વર્ષ પહેલાં શરૂ થયેલો અને ૧૧,૭૦૦ વર્ષ પહેલાં સમાપ્ત થયેલો આખરી હિમયુગ આવ્યો ત્યારે પૃથ્વી પર ૨૬ મિલિયન ચો.કિ.મી. જમીન બર્ફાચ્છાદિત હતી. તે સમયે આખું કેનેડા, અડધું અમેરિકા, બ્રિટિશ ટાપુઓ, ઉત્તરી યુરોપ, જર્મની, પોલેન્ડ, ચીલી અને આર્જેન્ટિના વગેરે બધું જ બરફની ચાદરથી ઢંકાયેલું હતું. તે સમયે સમુદ્રનું સ્તર ૪૦૦ ફૂટ એટલે કે અંદાજે ૧૨૦ મીટર નીચું હતું. અલાસ્કાથી સાઈબેરિયાને જોડતો બેરિંગ લેન્ડ બ્રિજ પણ ત્યારે અસ્તિત્વમાં હતો. આ રસ્તા પર થઈને જ ઉત્તરી અમેરિકામાં એશિયાના શિકારી લોકો પહોંચ્યા હતા. આ જમીની રસ્તા પર પાછળથી- આજથી અંદાજે ૧૩,૦૦૦ વર્ષ પહેલાં જ્યારે પૃથ્વીનું તાપમાન વધવા લાગ્યું ત્યારે બરફ પીગળ્યો, પૂર આવ્યા અને સમુદ્રનું સ્તર વધ્યું ત્યારે પાણી ફરી વળ્યું હતું. આવી જ રીતે વિશ્વના બીજા લેન્ડ બ્રિજ પણ બન્યા અને અદૃશ્ય થયા હતા. આશરે ૧૪,૦૦૦ વર્ષ પહેલાં ઓસ્ટ્રેલિયા ન્યુ ગિની અને તાસ્માનિયા સાથે લેન્ડ બ્રિજથી જોડાયેલો હતો. બ્રિટિશ ટાપુઓ પણ યુરોપ ખંડ સાથે જોડાયેલા હતા. દક્ષિણ ચીન સમુદ્ર વચ્ચેનો રસ્તો સુમાત્રા અને જાવાને તથા બોર્નિયો અને ઈન્ડોચાઈનાને જોડતો હતો.

દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના તરંગમબાડી નામના શહેર પાસેના દરિયામાં ૧૦૦ મીટરના અંતરે ચૌલ સમયગાળાના એક મંદિરના અવશેષો જોવા મળે છે. જો સમુદ્રનું સ્તર ૩-૪ મીટર નીચે આવે તો મંદિર ખુલ્લું થાય. આ મંદિર પણ ક્લાયમેટ ચેન્જના કારણે થતા બદલાવ થકી સમુદ્રમાં ગરક થઈ ગયું છે.

જેવી રીતે ભૂતકાળમાં સમુદ્રમાં અનેક શહેરો અને દરિયા કિનારા નજીકનાં વિવિધ બાંધકામો દરિયામાં સમાઈ ગયા છે તેવી જ રીતે નજીકના ભવિષ્યમાં પણ અનેક શહેરો પર ખતરો તોળાઈ રહ્યો છે.

ભારતની જ વાત કરીએ તો ૧૨-૧૩ જેટલા સમુદ્ર કિનારા પર વસેલાં શહેરો પર ખતરો તોળાઈ રહ્યો છે અને ૨૦૫૦ સુધીમાં આ શહેરો અથવા તેનો મોટા ભાગનો વિસ્તાર સમુદ્ર નીચે ગરક થવાની ભીતિ આઈ.પી.સી.સી.ના રિપોર્ટમાં વ્યક્ત કરાઈ છે. ગુજરાતનું, કચ્છનું મહાબંદર કંડલા, ઓખા, ભાવનગર, મહારાષ્ટ્રનું મુંબઈ, ગોવાનું માર્મગોવા, કર્ણાટકનું મેંગ્લોર, કેરલાનું કોચીન, ઓરિસાનું પારાદિપ, પ.બંગાળનું કોલકત્તા, ખીડીરપુર, આંધ્રપ્રદેશનું વિશાખાપટ્ટનમ્, તામિલનાડુનું ચેન્નઈ અને તુતીકોરીન હાઈરિસ્ક પર છે.

તેવી જ રીતે વિશ્વનાં પણ અનેક શહેરો ૨૧૦૦ સુધીમાં સમુદ્રમાં ગરક થઈ જવાની ભીતિ છે. ઈન્ડોનેશિયાનું જાકાર્તા, ઈંગ્લેન્ડનું લંડન, ફ્લોરિડાનું મિયામી, ઈટાલીનું વેનિસ, મેક્સિકોનું મેક્સિકો શહેર, લ્યુસિઆનાનું ન્યુ ઓર્લિયન્સ, બેલ્જિયમનું બ્રુગ્સ, નાઈજીરિયાનું લાગોસ શહેર ઉપરાંત અનેક શહેરોમાં ગ્લોબલ વોર્મિંગના કારણે સમુદ્ર સ્તર ઊંચું થવાથી પાણી ઘૂસી જવાની ભીતિ છે.

આ ઉપરાંત માલદીવ્સ જેવા ટાપુઓના બનેલા દેશો તો આ સદીના અંત સુધીમાં પૂરા ને પૂરા સમુદ્રમાં અદૃશ્ય થઈ શકે છે. માલદીવ્સ ઉપરાંત ઓસ્ટ્રેલિયાની ઉત્તર પૂર્વે આવેલો કિરીબતી, ૮૩ જેટલા જ્વાલામુખીય બેટથી બનલો દક્ષિણ પેસિફિક મહાસાગરમાં આવેલો વનુઆતુ, પેસિફિક મહાસાગરનો અન્ય ૧૨ જેટલા ટાપુઓથી બનેલો નાનકડો દેશ તુવાલુ, હિન્દ મહાસાગરમાં આવેલો ૯૯૦ ટાપુઓથી બનેલો સોલોમન ટાપુઓ નામનો દેશ, દક્ષિણ પેસેફિકમાં આવેલો સાત ટાપુઓથી બનેલો સમોઆ, મધ્ય પેસેફિકમાં આવેલો માત્ર ૨૦ ચો. કિ.મી.માં ફેલાયેલો નૌરૂ દેશ, પેસિફિક મહાસાગરમાં આવેલા ફિઝી અને માર્શલ ટાપુઓ જેવા નાના દેશો તો સમુદ્ર સ્તર વધતાં સંપૂર્ણપણે સમુદ્રમાં ગરકાવ થઈ જવાની ભીતિ છે.

આમ જો આખા વિશ્વના તમામ દેશો દ્વારા સંપૂર્ણ તકેદારીનાં પગલાં નહીં લેવાય તો દુનિયાની ભૂગોળ બદલાતા વધુ વાર લાગશે નહીં તે હકીકત છે. ■

દ.ભારતના અંતિમ છેડે રામેશ્વર - ધનુષકોડીથી શ્રીલંકા વચ્ચેના દરિયામાં રામસેતુ ડૂબેલો હોવાનું મનાય છે. રામસેતુની જાણીતી આ રચનાની નાસા - ઇસરોએ સેટેલાઇટ ઇમેજ દ્વારા પુષ્ટિ કરી છે

only books magazine

ગ્લોબલ વોર્મિંગ : કર્મોનું ફળ માણસે ચાખવું જ પડશે

suchita@sambhaav.com

સંયુક્ત રાષ્ટ્રની ક્લાયમેટ ચેન્જ પર અભ્યાસ કરતી આંતર સરકારી પેનલ (ઇન્ટરગવર્નમેન્ટ પેનલ ઓન ક્લાયમેટ ચેન્જ) દ્વારા તાજેતરમાં એક રિપોર્ટ બહાર પાડ્યો છે. જે મુજબ આગામી ૨૦ વર્ષથી ઓછા સમયમાં વૈશ્વિક તાપમાનમાં ઔદ્યોગિક યુગ પહેલાંના સમયના તાપમાન કરતાં ૧.૫થી ૨ ડિગ્રી સેલ્સિયસ જેટલો વધારો થવાની પૂરી શક્યતા છે. જેના કારણે ભારત સહિત વિશ્વભરમાં પૂર, વાવાઝોડાં, હિટવેવ જેવી ઘટનાઓ વારંવાર અને અત્યંત ઘાતક અસરો સાથે ઉદ્‌ભવશે. સમુદ્રનું સ્તર ઊંચું આવશે, તેના કારણે જમીન દરિયામાં ડૂબી જશે.

કરેલાં કર્મોનું ફળ તો મળે જ છે, આ ઉક્તિને સમગ્ર માનવજાત સાચી સાબિત કરી રહી છે. વિકાસ, ક્રાંતિ, સુવિધાઓ, સગવડતા અને આધુનિકતાના નામે માનવજાતિએ પ્રકૃતિનું સંતુલન ખોરવી નાખ્યું છે, તેનું ફળ અત્યારે ગ્લોબલ વોર્મિંગના સ્વરૂપે લોકો સુધી પહોંચી રહ્યું છે. પૃથ્વીના વાતાવરણમાં ફેરફાર થવો, તેની ભૌગોલિક સ્થિતિમાં બદલાવ આવવો, જળ છે ત્યાં સ્થળ અને સ્થળ છે ત્યાં જળનું નિર્માણ થવું એ કુદરતી પ્રક્રિયા છે, પરંતુ કુદરતી રીતે જે ફેરફાર થાય અને માનવીય દખલગીરીના ફેરફાર થાય તેમાં ઘણો ફરક છે. અત્યારે તાપમાનમાં થતો વધારો, વરસાદમાં વધારા, ગ્લેશિયર સહિતના પૃથ્વી પરના બરફના જથ્થાનું મોટા પ્રમાણમાં ઓગળવું વગેરે પ્રક્રિયાની ગતિમાં અનેક ગણો વધારો થયો છે. તેથી તેના કારણે થનારું નુકસાન પણ અનેક ગણુ વધુ હોવાનું તેમાં નિષ્ણાતોમાં બેમત નથી. સંયુક્ત રાષ્ટ્રની ક્લાયમેટ ચેન્જ પર અભ્યાસ કરતી આંતર સરકારી પેનલ (ઇન્ટરગવર્નમેન્ટ પેનલ ઓન ક્લાયમેટ ચેન્જ) દ્વારા તાજેતરમાં એક રિપોર્ટ બહાર પાડ્યો છે. જે મુજબ આગામી ૨૦ વર્ષથી ઓછા સમયમાં વૈશ્વિક તાપમાનમાં ઔદ્યોગિક યુગ પહેલાંના સમયના તાપમાન કરતાં ૧.૫થી ૨ ડિગ્રી સેલ્સિયસ જેટલો વધારો થવાની પૂરી શક્યતા છે. જેના કારણે ભારત સહિત વિશ્વભરમાં પૂર, વાવાઝોડાં, હિટવેવ જેવી ઘટનાઓ વારંવાર અને અત્યંત ઘાતક અસરો સાથે ઉદ્‌ભવશે. સમુદ્રનું સ્તર ઊંચું આવશે, તેના કારણે જમીન દરિયામાં ડૂબી જશે. જેના કારણે દરિયાકિનારાનાં અનેક બંદરો અને શહેરોને ભારે નુકસાની વેઠવી પડશે.

આઇ.પી.સી.સી.ના ક્લાઇમેટ ચેન્જ અંગેના રિપોર્ટ ૧૯૮૮થી સમયાંતરે બહાર પડી રહ્યા છે. ઑગસ્ટ ૨૦૨૧માં બહાર પડાયેલો રિપોર્ટ છઠ્ઠો છે. તે ફિઝિકલ સાયન્સના આધારે, બનાવાયો છે. તેમાં ક્લાઇમેટ ચેન્જની પ્રાદેશિક અસરોની આગાહી કરાઈ હોવાથી તે મહત્ત્વનો

મનાઈ રહ્યો છે. આ સદીનો આ પહેલો રિપોર્ટ છે. યુ.એન.ના સેક્રેટરી જનરલ એન્ટાનિઓ ગુટેરેસના મતે તો આ રિપોર્ટ માનવજાત માટે લાલબત્તી સમાન છે. આ રિપોર્ટ મુજબ આબોહવામાં થયેલા ફેરફારો વ્યાપક, ઝડપી અને તીવ્ર હોવાનું મંતવ્ય આઇ.પી.સી.સી.ના વાઇસ ચેરમેન કો બેરેટનું છે. આ ફેરફારો માટે માનવીય પ્રવૃત્તિઓ જ મુખ્યત્વે જવાબદાર છે. ઔદ્યોગિક યુગના આગમન પછી અશ્મિભૂત ઈંધણો જેવા કે કોલસો, પેટ્રોલિયમ પેદાશો, નેચરલ ગેસ વગેરેના દહને ગ્લોબલ વોર્મિંગ સર્જ્યું છે. આ તમામના પરિણામે સમુદ્રનું સ્તર પણ ખતરનાક હદે ઊંચું આવી રહ્યું છે. ઈ.સ. ૧૯૦૦ પછી સમુદ્રનું સ્તર વૈશ્વિક સ્તરે ૨૦ સે.મી. જેટલું વધ્યું છે. તેમાં પણ ગયા દશકામાં તે વધવાનું પ્રમાણ ત્રણ ગણુ વધ્યું છે. તેમ જ છેલ્લાં ૧૦૦૦ વર્ષમાં અત્યારે આર્કટિક સમુદ્રના બરફનું પ્રમાણ સૌથી ઓછું છે. આ બધાના કારણે સમુદ્રસપાટી ઊંચી આવશે. દરિયાકાંઠાની જમીનોનું ધોવાણ વધશે. ભારે પૂર અનુભવાશે.

આ ઉપરાંત કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ પણ ભયજનક સ્તરે વધ્યું છે. છેલ્લાં વીસ લાખ વર્ષોમાં ક્યારેય ન થયું હોય તેટલું કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન અત્યારે થઈ રહ્યું છે. મિથેન અને નાઇટ્રસ ઓક્સાઇડના વધેલા સ્તર પણ ગ્લોબલ વોર્મિંગ માટે એટલા જ જવાબદાર છે. ઈ.સ. ૧૮૦૦ પછી ૨૪ અબજ ટન કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન થયું છે.

જેવી રીતે તાપમાન વધતાં પરિબળોમાં વધારો થયો છે તેવી રીતે તે ઘટાડતા પરિબળો નબળાં પડ્યા છે. એક રિપોર્ટ મુજબ, ૧૯૬૦ સુધી જંગલો, જમીન અને સમુદ્ર માણસોએ વાતાવરણમાં છોડેલા કાર્બન ડાયોક્સાઇડ પૈકીનો ૫૬ ટકા શોષી લેતા હતા, પરંતુ અત્યારે ખૂબ વધુ પ્રમાણમાં ગરમીના કારણે જંગલો, સમુદ્ર કે જમીન પણ પહેલા જેટલું કાર્બન ડાયોક્સાઇડ શોષતાં નથી. તેમ જ જંગલો કપાતાં વૃક્ષોનું પ્રમાણ પણ ઘટ્યું છે.

મુંબઈ આઇઆઇટીના એક ફેકલ્ટી અને આઇ.પી.સી.સી.ના રિપોર્ટના એક લેખક પ્રો. સબીમલ ઘોષના એક ઈન્ટરવ્યૂમાં તેમણે આ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમના મતે ઔદ્યોગિક યુગ પહેલાંના સમયમાં જે તાપમાન હતું તેના કરતાં ૧.૫થી ૨ ડિગ્રી જેટલું તાપમાન હવે માત્ર ૨૦ વર્ષમાં જ વધી જશે. જેના કારણે હિટવેવનું પ્રમાણ વધશે. ભારતમાં તેની અસરો આત્યંતિક હશે. તેનાથી ખેતી પર તો ભારે અસર થશે જ, પરંતુ માનવ આરોગ્ય પર પણ ખરાબ અસર પડશે. તેનાથી મૃત્યુદર વધશે. અન્ય એક રિપોર્ટ મુજબ, ૧૮૫૦થી ૧૯૦૦ દરમિયાન તાપમાન ૧.૦૯ ડિગ્રી સે. વધ્યું છે.

આ ઉપરાંત ભારત સહિત વિશ્વભરમાં ચોમાસાનું સ્વરૂપ બદલાશે. તેથી તેની આગાહી કરવી મુશ્કેલ બનશે. ૧૯૫૦થી ૨૦૦૦ના સમયગાળામાં વરસાદ ઘટ્યો હતો, પરંતુ હવે ભવિષ્યમાં વધવાની જ શક્યતા છે. ભારતના અર્થ સાયન્સ મંત્રાલય દ્વારા દુષ્કાળ પણ વધવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. તેવી જ રીતે હિંદુકુશ હિમાલય પર્વતમાળાનાં શિખરો પરથી આગામી થોડા દાયકાઓમાં બરફ ઓગળવાનું પ્રમાણ ખૂબ વધશે.

નિષ્ણાતોના મતે આગામી એકાદ- બે દાયકામાં જ તાપમાન ૦.૫ ડિગ્રી સે. વધારો થવાથી ગરમીમાં ભયાનક વધારો થશે. ભારે વરસાદ પડશે અને અમુક જગ્યાએ ભારે દુકાળ પડશે. તેમ જ પર્વત શિખરો પરના ફ્રિઝિંગ લેવલમાં ફેરફાર થશે. તેનાથી ભારે પૂર આવશે અને ખાનાખરાબી સર્જનારા આ પૂરની સચોટ આગાહીઓ પણ કરી શકાશે નહીં.

આ ઉપરાંત અરબી સમુદ્ર, બંગાળનો ઉપસાગર, હિન્દ મહાસાગરનું તાપમાન વૈશ્વિક સરેરાશ કરતાં વધુ ઝડપથી વધશે. આગામી ૨૦ વર્ષમાં જ આ સમુદ્રનું તાપમાન ૧થી ૨ ડિગ્રી સે. વધી જશે. ઈ.સ. ૧૯૫૧થી ૨૦૧૫ સુધીમાં તાપમાન ૧ડિગ્રી સે. વધ્યું હતું. ત્યારે વિશ્વના અન્ય વિસ્તારના સમુદ્રમાં ૦.૭ ડિગ્રી સે. વધ્યું હતું. આ ફરક નાનો લાગતો હોવા છતાં તેની અસર બહુ વ્યાપક હોય છે. જેમ દરિયાની સપાટી ઊંચી જાય તેમ તેમ તાપમાન પણ વધે છે. જો સમુદ્રનું સ્તર ૪- ૮ સે.મી.થી ૧૫-૩૮ સે.મી. વધે તો તાપમાનમાં ૨ ડિગ્રી સે.નો વધારો થવાની શક્યતા રહે છે. જેની અસર નીચાણવાળા વિસ્તારોને વધુ થાય. આવા વિસ્તારમાં પૂર આવે, દરિયાકિનારાનું ધોવાણ થાય, ત્યાં વસતા લોકોને ખસેડવા પડે. ધ એનર્જી ઈન્સ્ટિટ્યૂટના એક અભ્યાસ મુજબ, સમુદ્ર સ્તરમાં ૧ મી.નો વધારો થાય તો ૫૭૬૪ ચો.કિ.મી. જમીન ડૂબમાં જવાની ભીતિ રહે છે અને ૭.૧ મિલિયન લોકોને ખસેડવા પડે. આવા જ કારણોસર ૧૯૯૦થી ૨૦૧૬ સુધીમાં ભારતની ૨૩૫ કિ.મી. દરિયાકિનારાની જમીનનું ધોવાણ થઈ ચૂક્યું છે.

નાસાના વૈજ્ઞાનિક ડૉ. જોશુઆ વિલિસ, ડૉ. એન્ડ્રુ કેમ્પ, ડૉ. બેન્જામિન સ્ટ્રોસના એક રિપોર્ટ મુજબ, વીસમી સદીમાં સરેરાશ ૧ સે.મી. જેટલું સમુદ્ર સ્તર વધે છે. અગાઉના ૨૦૦૦ વર્ષના ગાળામાં સમુદ્ર સપાટી આટલી વધી નથી. ઈ.સ. ૧૯૦૦થી ૧૯૯૦ના અરસામાં પ્રતિવર્ષ ૧.૨ મી.મી.થી ૧.૭ મી.મી. સમુદ્રનું સ્તર ઉપર ઊઠ્યું હતું, પરંતુ વર્ષ ૨૦૦૦ પછી દર વર્ષ ૩.૪ મી.મી. જેટલું વધી રહ્યું છે. એકવીસમી સદીના અંત સુધીમાં સમુદ્રસ્તર વધવાનો વેગ ખૂબ વધી જવાની ભીતિ છે.

સમુદ્ર સ્તર વધવાનાં બે મુખ્ય કારણો છે. સામાન્ય રીતે પાણી ગરમ થાય ત્યારે ત્યારે તેનું વિસ્તરણ થાય. આ નિયમ મુજબ સમુદ્ર સપાટીના તાપમાનમાં થતો વધારો તેનું સ્તર વધારે છે. ઉપરાંત વૈશ્વિક તાપમાન વધે છે તેના કારણે પૃથ્વી પર રહેલો બરફ ઓગળે છે. તેના કારણે પણ સમુદ્રની સપાટી વધે છે.

ભારત પર અસરો

ગ્લોબલ વોર્મિંગ અને તેના કારણે વધતા સમુદ્રસ્તરની અસરો વૈશ્વિક છે, પરંતુ વધુ વ્યાપક અસરો દક્ષિણ એશિયા અને વિશેષતઃ ભારતીય ઉપખંડ પર થશે. કોચીના એક એન્વાયરોમેન્ટલ રિસર્ચર નૈયર કે. સદાનનના એક પેપર મુજબ, ક્લાયમેટ ચેન્જની સૌથી વધુ અસર ભારતીય ઉપખંડ પર થશે. ભારતનો ૭૫૦૦ કિ.મી. લાંબો દરિયાકિનારો ૯ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલો છે. એક અંદાજ મુજબ આ વિસ્તારમાં ૧૭૦ મિલિયન લોકો વસે છે અને તેના સંસાધનો પર નભે છે. અહીં મોટા પ્રમાણમાં નીચાણવાળા વિસ્તારો છે. જેમાં ખૂબ વધુ વસતી છે. જેના કારણે સમુદ્ર સ્તરના વધવાની મહત્તમ અસર ભારતના દરિયા કાંઠે વસતા લોકોને થાય છે. આ વિસ્તારોમાં વારંવાર વાવાઝોડા પણ આવે છે. અનેક માનવીય પ્રવૃત્તિઓ થકી

એક રિપોર્ટ મુજબ, ૧૯૬૦ સુધી જંગલો, જમીન અને સમુદ્ર માણસોએ વાતાવરણમાં છોડેલા કાર્બન ડાયોક્સાઇડ પૈકીનો ૫૬ ટકા શોષી લેતા હતા

દરિયાકિનારાના પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે. દરિયા કિનારા પર દેશના ૩ મેગાસિટી અને સંખ્યાબંધ બીજા શહેરો વસેલાં છે. સમુદ્ર સપાટીનું તાપમાન વધવાથી ઉષ્ણકટીબંધીય તોફાનો પણ વધશે, વરસાદ અને પૂર પણ વધશે. સમુદ્ર સ્તર વધવાથી ખેતીલાયક જમીન ઘટશે. મીઠા પાણીના સ્રોત ઘટશે. જૈવવિવિધતાને પણ અસર પહોંચશે. અન્ન ઉત્પાદન પણ ઘટશે. આ ઉપરાંત માછીમારીના વ્યવસાયને ભારે હાનિ પહોંચશે. ભારત વિશ્વનો મચ્છી ઉત્પાદનોનો મોટો નિકાસકાર દેશ છે. આથી તેની અસર અર્થવ્યવસ્થા પર પણ પડશે.

આ ઉપરાંત બ્લાસ્ટિંગ, ઔદ્યોગિક પ્રદૂષણ, ભૂગર્ભજળનો વધુ પ્રમાણમાં ઉપયોગ, રેતીનું ખનન, નદીઓમાં પ્રદૂષિત પદાર્થોનું ઠલવાવું, અન્ય વિકાસલક્ષી પ્રવૃત્તિઓના કારણે હાલમાં પણ દરિયા કિનારાના પ્રદેશ પર અનિચ્છનીય અસરો થઈ રહી છે. તેવામાં સમુદ્ર સ્તર વધવાથી દરિયાકિનારે વસતા લોકોનું કિનારો છોડીને જમીન તરફના ભાગમાં જવાનું વલણ વધશે. તેના કારણે જમીન અને પાણી માટેના ઝઘડા અને યુદ્ધોમાં વધારા થશે.

ભારતમાં ૧૨ મેજર બંદરો અને ૨૦૫ નાના અને મધ્યમકક્ષાના જાહેર કરાયેલાં બંદરો છે. વધુ છ નવા મેગા પોર્ટ વિકસાવવાની યોજના છે. ભારતમાં બંદરો થકી જ ૯૫ ટકા માલસામાનની હેરફેર થાય છે. જે કુલ કિંમતના ૭૦ ટકા થાય છે. જો સમુદ્રનું સ્તર વધે અને વાવાઝોડા, પૂર જેવી આપદાઓ પણ વધે તો બંદરો પરની માલસામાનની હેરફેરને ભારે અસર થાય અને તેના કારણે અબજો અબજો રૂપિયાનું નુકસાન જાય. ઉપરાંત દરિયાકાંઠાના રસ્તાઓ, રેલવે નેટવર્ક પણ અસરગ્રસ્ત બને. આ બધાના કારણે દેશની અર્થવ્યવસ્થાને ભારે નુકસાન થાય. ઉપરાંત જે-તે શહેરની વસતી, તેની અર્થવ્યવસ્થા, ત્યાંનું પ્રવાસન, દરિયાકિનારા પરની માળખાકીય સુવિધાઓ, દરિયાઈ ઇકો-સિસ્ટમને મોટી અસર થાય.

સમુદ્રનું સ્તર વધવાના કારણે વસતીના વિસ્થાપનનો પ્રશ્ન તો ઊભો થાય જ ઉપરાંત સામાજિક આર્થિક વ્યવસ્થા પણ વિખેરાઈ જાય.

ગ્રીન હાઉસ ગેસ ઇફેક્ટ ઘટાડાશે તો ગ્લોબલ વોર્મિંગની ગતિ ઘટવામાં થોડી મદદ થશે

માનવી અને અન્ય સજીવ સૃષ્ટિના અસ્તિત્વ પર પણ ખતરો તોળાઈ શકે. હાલમાં પણ અનેક દરિયાઈ વનસ્પતિ અને જીવોનું અસ્તિત્વ જોખમાઈ રહ્યું છે.

હવે કાર્બન ડાયોક્સાઇડ જેવા ગ્રીન હાઉસ ગેસનું વાતાવરણમાં છોડવાનું પ્રમાણ ઘટાડાશે તો પણ ગ્લોબલ વોર્મિંગ અને તેના કારણે થનારી સમુદ્ર સ્તર વધવાની સમસ્યા ઘટશે નહીં, કારણ દિવાસળી ચંપાઈ ગઈ છે, પરંતુ ગ્રીન હાઉસ ગેસ ઈફેક્ટ ઘટાડાશે તો ગ્લોબલ વોર્મિંગની ગતિ થોડી ઘટવામાં થોડી મદદ થશે.

હવામાનશાસ્ત્રીઓ વર્ષોથી ગ્રીન હાઉસ ઇફેક્ટ પેદા કરતાં કાર્બન ડાયોક્સાઇડ જેવા વાયુઓનું ઉત્સર્જન ઘટાડવા કહી રહ્યા છે પરંતુ વિકસિત અને વિકાસશીલ દેશોએ આ દિશામાં કોઈ ઠોસ પ્રયત્ન કર્યા નથી અથવા કરેલા પ્રયત્નો પૂરતા નથી. વિશ્વમાં કાર્બનનું ઉત્સર્જન ચીન અને અમેરિકા સૌથી વધુ કરે છે. જ્યારે ત્રીજો નંબર ભારતનો આવે છે. અત્યારે અસરકારક આબોહવા શમન અને અનુકૂલન તકનીકો વિકસાવવા માટે દેશે તાત્કાલિક આયોજન બોર્ડને વધુ સક્રિય કરવાની જરૂર છે. આ ઉપરાંત મુંબઈ અને કલકત્તાને વારંવાર બાનમાં લેતા પૂરને જોતા ગટર વ્યવસ્થાને સુધારવી પડશે. વધુ માળખાકીય સુવિધાઓ વિકસાવવી જોઈએ. લોકોને વાવાઝોડા, દુષ્કાળ, પૂર, ભારે વરસાદની સ્થિતિ માટે તૈયાર કરવા જોઈએ. જો એકીસાથે વાવાઝોડું, ભારે વરસાદ, દરિયાની ભરતી વગેરે જેવી આફતો એકસાથે ત્રાટકે તો તેની તૈયારી પણ કરવી જોઈએ. પશ્ચિમ બંગાળમાં સુંદરવનમાં આવી આફતો એકીસાથે આવી હતી. સરકારે લોકોના અને સંપત્તિના બચાવની અલાયદી તૈયારીઓ કરવી જોઈએ. આ ઉપરાંત તાપમાન ઘટાડવા અને કાર્બનનું વધુ શોષણ કરવાના હેતુથી જંગલોની સંખ્યા વધારવી પડશે.

વર્ષ ૨૦૧૫માં પેરિસમાં થયેલી એક સમજૂતી મુજબ, વાતાવરણનું તાપમાન ૨ ડિગ્રી સે.થી ઓછું રાખવા માટે ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન ઘટાડવા અને કાર્બન ન્યુટ્રાલિટી પર વિશ્વના ૧૯૬ દેશો સહમત થયા હતા. અમેરિકા આ સમજૂતીમાં જોડાયું તો હતું, પરંતુ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૧૭માં તેમાંથી બહાર થઈ ગયા હતા. જોકે બાઇડેન પ્રમુખ બન્યા પછી ફરી સમજૂતીમાં અમેરિકા જોડાયું હતું. વિશ્વના આટલા દેશો જોડાયા છતાં ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનમાં જોઈએ તેટલો ફરક પડ્યો નથી. જોકે વિશ્વસ્તરે ભારતના ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જન ઘટાડાના પ્રયત્નની સરાહના થાય છે. ભારતમાં ગ્રીન અને બિનપરંપરાગત ઊર્જાના ઉત્પાદનને અને ઉપયોગને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે.

આમ છતાં વિશ્વ આખું આ દિશામાં જોઈએ તેટલા પ્રયત્નો કરતા હોય તેવું લાગતું નથી. પરંતુ આજે ક્લાયમેટ પૉલિસીમાં ઢીલ એ કોઈ દેશ કે વિશ્વને પરવડી શકે તેમ નથી. ■

- સુચિતા બોઘાણી કનર

નિષ્ણાતોના મતે આગામી એકાદ- બે દાયકામાં જ તાપમાન ૦.૫ ડિગ્રી સે. વધારો થવાથી ગરમીમાં ભયાનક વધારો થશે. ભારે વરસાદ પડશે અને અમુક જગ્યાએ ભારે દુકાળ પડશે

ભાવનગર કરતાં વધુ ઘોઘા, દીવ ડૂબી જવાનો ભય

સમુદ્ર સ્તરથી દીવની જમીની ઊંચાઈ ઝીરો લેવલ છે

ઈસ. ૨૧૦૦ સુધીમાં એટલે કે ૮૦ વર્ષમાં નાસાના રિપોર્ટ મુજબ ગુજરાતના ભાવનગર શહેરને ડૂબી જવાનો ખતરો બતાવવામાં આવ્યો છે, પરંતુ પર્યાવરણશાસ્ત્રી ડૉ. ભરત પંડિતના મતે એ રિપોર્ટ સેટેલાઈટને આધારે હોવાથી ભાવનગરની નજીકના ઘોઘા અને દીવ ડૂબી જવાનો વધુ ભય છે, કારણ કે તેની સમુદ્ર સ્તરથી જમીની ઊંચાઈ માત્ર ૦ મીટર છે, જ્યારે ભાવનગરની ઊંચાઈ સમુદ્ર સ્તરથી ૨૪ મીટર છે. વધતાં જતાં તાપમાન અને પીગળતા જતા હિમાચ્છાદિત શિખરોને કારણે ભવિષ્યમાં દરિયાનું જળસ્તર વધશે અને ગુજરાતના ભાવનગર, ઓખા, કંડલા જેવાં શહેરો ડૂબી જશે તેવો નાસાએ રિપોર્ટ જારી કર્યો છે, પરંતુ તેના કારણે અત્યારથી ચિંતિત થઈ જવાની જરૂરિયાત નથી. અત્યારે ખરેખર તો કોરોના સામે ચિંતા કરવાની જરૂરિયાત છે. હા, આ જે રિપોર્ટ જાહેર થયો છે તેનાથી ૮૦ વર્ષ પછીનો ભય બતાવવામાં આવ્યો છે. જોકે, પર્યાવરણશાસ્ત્રીઓની દ્રષ્ટિએ ખરેખર તો ભાવનગર કરતાં ઘોઘા, દીવ, વેરાવળ, જેવાં શહેરો ઉપર વધુ ખતરો રહેલો છે.

નાસાના રિપોર્ટમાં એવું જણાવવામાં આવ્યું છે કે ૮ દાયકા પછી એટલે કે ઈસવીસન ૨૧૦૦ સુધીમાં ભાવનગર જેવા શહેરો ડૂબી જશે, પરંતુ ખરેખર તો ભાવનગર, ઓખા જેવાં શહેરો કરતાં પણ ગુજરાતનાં એવા ઘણા શહેરો છે કે જેની સમુદ્ર સ્તરથી જમીની ઊંચાઈ એકદમ ૦ લેવલ છે અથવા તો ઘણી ઓછી છે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર અને પર્યાવરણ શાસ્ત્રી ડૉ. ભરત પંડિત જણાવે છે કે, નાસાનો રિપોર્ટ છે તે સેટેલાઈટને આધારે છે. ખરેખર ભાવનગરની સમુદ્ર સ્તરથી ઊંચાઈ ૨૪ મીટર છે, પરંતુ તેના કરતાં વધારે ખતરો ઘોઘા ઉપર છે, કારણ કે તેની સમુદ્ર સ્તરથી ઊંચાઈ એકદમ ૦ મીટર છે. એટલે જો જળસ્તર વધશે તો ભાવનગરની બદલે ઘોઘા જેવા શહેરો પાણીમાં ગરકાવ થઈ શકે છે.સેટેલાઈટમાં ભાવનગર શહેર મોટું હોવાથી તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે, પરંતુ ભાવનગરથી નજીક આવેલા ઘોઘા અને દીવ ઉપર વધારે ચિંતા ફેલાયેલી છે. એ જ રીતે ગુજરાતનાં અન્ય શહેરો કે જે સમુદ્રની એકદમ નજીક આવેલાં છે, તેમની સમુદ્ર સ્તરથી ઊંચાઈ એકદમ ઓછી છે.જેમાં ઘોઘા ૦ મીટર, દીવ ૦ મીટર, વેરાવળ ૦ મીટર, પોરબંદર ૧ મીટર, કંડલા ૩ મીટર, હજીરા- દહેજ ૪ મીટર, ખંભાત ૮ મીટર, દ્વારકા ૧૨ મીટર, સુરત ૧૨ મીટર, વલસાડ ૧૨ મીટર, ભાવનગર ૨૪ મીટર, ગાંધીધામ ૨૭ મીટરનો સમાવેશ થાય છે. સમુદ્ર સ્તરથી ઊંચાઈ ભારતમાં સર્વે ઓફ ઈન્ડિયાએ

નાસાનો રિપોર્ટ છે તે સેટેલાઈટને આધારે છે. ખરેખર ભાવનગરની સમુદ્ર સ્તરથી ઊંચાઈ ૨૪ મીટર છે, પરંતુ તેના કરતાં વધારે ખતરો ઘોઘા ઉપર છે

ડો. ભરત પંડિત,
નિવૃત્ત પ્રોફેસર, ભાવનગર યુનિવર્સિટી

સમુદ્રથી જે-તે ગામ-શહેરની ઊંચાઈ કેટલી છે તે આપેલી છે. દરેક રેલવે સ્ટેશન ઉપર સમુદ્ર સ્તરથી જે-તે સ્થળની ઊંચાઈ નોંધેલી હોય છે. જે સહેલાઈથી વાંચી શકાય છે. દરિયામાં ભરતી અને ઓટના માપન આધારે ઊંચાઈ નોંધવામાં આવે છે. જેમાં બંનેની સરેરાશને આધાર માનવામાં આવે છે. એ પ્રમાણે ભાવનગર શહેરની સપાટી ૨૪ મીટર છે.

આમ પણ દર વર્ષે ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. તે રિપોર્ટ મુજબ આગામી વર્ષોમાં ૨ ડિગ્રી જેટલું તાપમાન વધી શકે છે. જ્યારે ૨૧૦૦ની સાલ સુધીમાં સાડા ૪ ડિગ્રી તાપમાન વધવાની સંભાવના બતાવાઈ છે. જો આટલી હદે ગરમી વધશે તો ગ્લેશિયર પીગળવાનો જથ્થો વધશે. તેના કારણે સમુદ્રની જળ સપાટી વધશે અને તેની સીધી અસર નજીકના રહેઠાણ ઉપર પડશે. હાલની પરિસ્થિતિ મુજબ રિપોર્ટમાં ત્રણ-ત્રણ ફૂટ જમીન દરિયામાં ગરકાવ થશે એવું કહેવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નાસાનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. તેમાં ગુજરાતનાં શહેરોને ૮ દાયકામાં ૩-૩ ફૂટ દબાઈ જશે તેવું જણાવવામાં આવ્યું છે. જેનાથી ભવિષ્યમાં જાગૃતિનાં પગલાં ભરી શકાય તેવો તેનો હેતુ છે. ઉપરાંત ગુજરાત નજીકનું મુંબઈ શહેર પણ તે રીતે દરિયામાં ડૂબવાની સંભાવના બતાવાઈ છે.

નાસાનો રિપોર્ટ સેટેલાઈટ આધારિત હોય તેના કારણે પર્યાવરણશાસ્ત્રીઓ ભાવનગરની બદલે તેની નજીક આવેલા ઘોઘા અને દીવ કે જે સમુદ્ર સ્તરથી એકદમ ઉપર છે તે ભવિષ્યમાં ડૂબી શકે છે એવો મત ધરાવે છે. ■

ક્રૂડ, કોલસાનો સાથ જલ્દી છૂટશે નહીં : નવા પર્યાયો પારાવાર મુસીબતો પેદા કરશે

રીન્યુએબલ અને સસ્ટેનેબલ ઊર્જાના સ્ત્રોત અને ટૅક્નોલોજીઓ વિકસાવવા માટે હજી દાયકાઓ લાગી જશે. ઊર્જા પ્રાપ્તિની એક ટૅક્નોલોજીમાંથી બીજી ટૅક્નોલોજીમાં રૂપાંતર કે સ્થળાંતર કરવામાં જ દુનિયાને ઘણી મુસીબતોનો સામનો કરવો પડશે. સ્વચ્છ ઊર્જા અને પ્રદૂષણ ન કરે એવાં વાહનોની વાત ઘણા વરસોથી થાય છે, પરંતુ હમણા ચીન ભારત વગેરેમાં કોલસાની તંગીની સંભાવના જાગી તો બંને દેશોમાં ચિંતાના સમાચારો ફેલાયા. તેમાં ચીન અને ભારતમાં અનેક ચીજોનું નિર્માણ થાય. વીજળી ન મળે તો વૈશ્વિક મંદી વધે તે આગાહીઓ પણ થઈ.

આગામી ૩૧ તારીખથી નવેમ્બરની ૧૨ તારીખ સુધી સ્કોટલેન્ડ, યુકેના ગ્લાસગો શહેર ખાતે 'કોપ ટ્વેન્ટી સિક્સ (૨૬) ગ્રૂપ'ની હવામાન અને પર્યાવરણ સંરક્ષણ માટેની વિશ્વ પરિષદ યોજાઈ રહી છે. ૨૦૧૫માં જગતના દેશો પેરિસમાં એકઠા થયા હતા અને સમજૂતી પર પહોંચ્યા હતા, તે પેરિસ એગ્રીમેન્ટ તરીકે ઓળખાય છે. તે એક ખૂબ મહત્ત્વની પરિષદ હતી. ત્યાર બાદ અમેરિકામાં નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એ જાગતિક હવનમાં હાડકાં નાખ્યાં હતાં. પરિષદ દર બે વરસે મળે છે અને ગયા વરસે મળવાની હતી તે કોવિડ પ્રતાપે આ વરસ પર ઠેલવામાં આવી હતી, પરંતુ પેરિસ પરિષદ પછીનું આ સૌથી અગત્યનું સંમેલન હશે.

પેરિસ એગ્રીમેન્ટ દ્વારા જગતના મહત્ત્વના દેશોએ ૨૦૫૦ની સાલ સુધીમાં પ્રદૂષણનું પ્રમાણ ઘટાડીને એ સ્તરે લઈ જવાનો નિર્ધાર કર્યો છે, જે સ્તરે તે ઔદ્યોગિક યુગના આરંભ અગાઉ હતું. દુનિયા ઇચ્છે તો આ લક્ષ્યાંક વધુ વહેલો પ્રાપ્ત કરી શકાય, પણ તેમ કરવામાં ઉદ્યોગ-ધંધાઓને મોટું નુકસાન થાય તેમ છે. હાલમાં જગતના ધનપતિઓએ જે જે આયામોની જૂની ટૅક્નોલોજીમાં

વિશ્વના દેશો વર્ષ ૨૦૧૫માં પેરિસ ખાતે પર્યાવરણ સંરક્ષણ માટે મળ્યા હતા

મસમોટું મૂડીરોકાણ કર્યું છે તેનો પૂરેપૂરો કસ કાઢી લે ત્યાર બાદ પર્યાવરણ ફ્રેન્ડલી ગ્રીન ટેક્નોલોજીમાં તેઓ આગળ વધશે. સાવ એવું નથી કે બધી ટેક્નોલોજીઓમાં રાતોરાત કે બે પાંચ વરસમાં ફેરફાર કરી શકાય. ઘણી ગ્રીન ટેક્નોલોજીઓ પૂરેપૂરી વિકસી પણ નથી.

ઊર્જા ઉત્પાદન, યંત્રો અને વાહનો ચલાવવા માટે પેટ્રોલિયમ તેલ, વાયુ અને કોલસા જેવા અશ્મિભૂત બળતણો વાપરવા પડે છે, તેથી વસુંધરાનું હવામાન પ્રદૂષિત થાય છે અને વાતાવરણમાં ગરમીનું કાયમી પ્રમાણ વધે છે. પ્રદૂષણનું સૌથી મોટું કારણ આ કુદરતી તેલ, ગેસ અને કોલસો છે. તેનો વપરાશ બંધ કરી, વિકલ્પ તરીકે કુદરતી સ્ત્રોતમાંથી પેદા કરેલી સસ્ટેનેબલ ઊર્જા પેદા કરવાની ટેક્નોલોજીઓ વિકસી છે અને હજી તેને પરફેક્ટ બનાવવાના પ્રયત્નો જોરશોરથી ચાલી રહ્યા છે. દુનિયામાં ઊર્જા ઉત્પાદન ક્ષેત્રમાં રહેલી જૂના જોગી જેવી કંપનીઓ કાર્યરત છે અને કંઈક ને કંઈક આનુષંગિક ઉદ્યોગ પ્રવૃત્તિઓ માટે હજારો નવી સ્ટાર્ટ-અપ કંપનીઓ તૈયાર થઈ છે.

બે વિકલ્પો પર મદાર રાખીને દુનિયા આગળ વધી રહી છે. એક છે સૂર્ય અને પવન ઊર્જા. તે મેળવ્યા પછી તેના સંગ્રહ અને વિતરણ માટે બેટરીઓની જરૂર પડશે. તેનો સંગ્રહ, સંગ્રહ માટેની જગ્યા વગેરે મોટી વ્યવસ્થા માગે છે. બીજો વિકલ્પ હાઇડ્રોજન વાયુમાંથી ઊર્જા મેળવવાનો છે. એ માટેની ટેક્નોલોજી પણ બાલ્ય અવસ્થામાં છે, કારણ કે હાઇડ્રોજન વાયુના પ્રચંડ દબાણને સહન કરી શકે અને તેની હેરફેર કરી શકે એવી મજબૂત ધાતુનાં સિલિન્ડરો જોઈએ. બાકી હાઇડ્રોજન તો હવામાં પુષ્કળ છે. રિન્યુએબલ

ગ્લાસગો પરિષદમાં ત્રીસ હજાર લોકો હાજરી આપશે. હવે પછીના થોડા દિવસો બાદ લગભગ ૧૪-૧૫ દિવસે પર્યાવરણના સમાચારોની હેડલાઇનોમાં હાજરી હશે. બોસ્ટન કન્સલ્ટન્સી ગ્રૂપ જેવી અનેક નામવર સંસ્થાઓ પણ પોતપોતાનાં નક્કર કાર્યો અને ઉપાયો સાથે પરિષદમાં ભાગ લેશે. આ પરિષદ યુનાઇટેડ નેશન્સના નેજામાં યોજાય અને આ વખતની પરિષદનું અધ્યક્ષ અને યજમાન યુકે છે. 'યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાયમેટ ચેન્જ' (યુએનએફસીસીસી) નામનો યુનોનો દસ્તાવેજ છે, તેમાં જે રાષ્ટ્રોએ સહીઓ કરી છે તેઓ પરિષદમાં ભાગ લેશે. પરિષદ જે નિર્ણયો લેશે તે દરેક રાષ્ટ્રોએ શિરોમાન્ય રાખવા પડશે છતાં કેટલાક સવાલો ઊભા રહે છે. પ્રથમ મોટો સવાલ એ છે કે ગ્રીન એનર્જી અથવા સ્વચ્છ ઊર્જા આસાનીથી ઉપલબ્ધ બનશે?

રીન્યુએબલ અને સસ્ટેનેબલ ઊર્જાના સ્ત્રોત અને ટેક્નોલોજીઓ વિકસાવવા માટે હજી દાયકાઓ લાગી જશે. ઊર્જા પ્રાપ્તિની એક ટેક્નોલોજીમાંથી બીજી ટેક્નોલોજીમાં રૂપાંતર કે સ્થળાંતર કરવામાં જ દુનિયાને ઘણી મુસીબતોનો સામનો કરવો પડશે. સ્વચ્છ ઊર્જા અને પ્રદૂષણ ન કરે એવાં વાહનોની વાત ઘણા વરસોથી થાય છે, પરંતુ હમણા ચીન ભારત વગેરેમાં કોલસાની તંગીની સંભાવના જાગી તો બંને દેશોમાં ચિંતાના સમાચારો ફેલાયા. તેમાં ચીન અને ભારતમાં અનેક ચીજોનું નિર્માણ થાય. વીજળી ન મળે તો વૈશ્વિક મંદી વધે તે આગાહીઓ પણ થઈ. બ્રિટનમાં ડ્રાઇવરોની તંગીને કારણે ગેસ સ્ટેશનો સુધી પેટ્રોલ, ડીઝલ ન પહોંચ્યા અને લોકોએ કલાકો સુધી કતારમાં ઊભા રહેવું પડ્યું. આ ઘટનાઓ બતાવે છે કે દુનિયા આજે ફોસિલ ફ્યુઅલ પર જ નિર્ભર છે. એક તો કોરોના સંકટે ઉદ્યોગધંધામાં મંદી આણી હતી, તેમાં વીજળીનું સંકટ પડ્યા પર પાટું પુરવાર થાય.

અગાઉ પણ જગતમાં ઊર્જા પુરવઠો ચંચળ અને અસ્થિર રહ્યો છે, પરંતુ અગાઉ ગરીબ દેશોને તેની ખેંચ વધુ ભોગવવી પડતી હતી. હાલમાં શ્રીમંત દેશોને પણ પુરવઠાની ખેંચ વરતાઈ રહી છે, કારણ કે વૈકલ્પિક માધ્યોમોથી ઊર્જા તો પ્રાપ્ત કરી શકાય છે, પણ તો સંગ્રહ કરવાની કોઈ વ્યવસ્થા નથી. આ વીજળી જે માધ્યમોમાંથી મળે છે તેની પ્રકૃતિ એવી છે કે તે ઊર્જા ફરજિયાત સંઘરવી પડે. જેમ કે પવન ચાલતો હોય કે સૂર્ય તપતો હોય ત્યારે જ એ ઊર્જા મળે. રાત્રે કે ચોમાસામાં સૂર્ય ઊર્જા ન મળે, તો તે જ્યારે મળે ત્યારે મેળવીને સંઘરવી પડે જેથી જરૂર પડે ત્યારે વાપરી શકાય. શ્રીમંત દેશો પાસે પણ આવી પૂર્ણ વ્યવસ્થા હાલમાં નથી અને તેને જડબેસલાક બનાવતાં વરસો લાગી જશે. કદાચ દાયકાઓ લાગે. ત્યાં સુધી પેટ્રોલ વગેરે પર નિર્ભર રહેવું પડશે. ગેસમાંથી સ્વચ્છ ઊર્જા તરફનો સંક્રમણ અથવા સંક્રાંતિ કાળ ખૂબ પરીક્ષા લેનારો અને ત્રાસદાયક હશે. આજથી પ્રયત્નો તો શરૂ થઈ ગયા છે, પણ બધું ક્યારે, ક્યાં જઈને થાળે પડશે તે કહેવું મુશ્કેલ છે. શક્ય છે કે ગ્લાસગો પરિષદમાં ટેક્નોલોજીના વિકાસની અનુક્રમણિકા સાથે નવી વ્યવસ્થાનો લાંબા ગાળાનો પ્લાન ઘડવામાં આવશે. હાલમાં

ઊર્જા ઉત્પાદન, યંત્રો અને વાહનો ચલાવવા માટે પેટ્રોલિયમ તેલ, વાયુ અને કોલસા જેવા અશ્મિભૂત બળતણો વાપરવા પડે છે, તેથી વસુંધરાનું હવામાન પ્રદૂષિત થાય છે

તો, 'દુનિયાની ઊર્જા વ્યવસ્થા વધુ નાજુક અને બટકણી બની છે. ક્યારેય પણ જગતને આંચકો આપી શકે છે. વ્યવસ્થાને આધુનિક બનાવવાના પ્રયત્નોને કારણે આ અસ્થિરતા પેદા થઈ છે.' આ શબ્દો જગતના અગ્રણી ઊર્જા નિષ્ણાત અને 'ધ ન્યૂ મેપ : એનર્જી, ક્લાયમેટ એન્ડ ધ ક્લેશ ઓફ નેશન્સ' પુસ્તકના લેખક ડેનિયલ યરજિનના છે.

ગયા શિયાળામાં યુરોપમાં સામાન્ય કરતાં ઘણી વધુ ઠંડી પડી. પરિણામે ગેસની ડિમાન્ડ વધી, જે ગેસના ભંડારો હતા તે ખાલી થઈ ગયા અને ગેસની કિંમતો ખૂબ ઊંચે ગઈ. તેમાં બ્રિટન જેવા બીજા ઘણા દેશો કોલસાનો વપરાશ ઘટાડી રહ્યા છે તેથી પણ ગેસ વધુ વપરાયો. કોલસાની સરખામણીમાં ગેસ લગભગ પૂર્ણપણે બળી જતો હોવાથી ઓછું પ્રદૂષણ કરે છે. ગયા વરસે અને આ વરસે કોવિડ પ્રતાપે ગેસની માગણી ઓછી રહી હતી, પણ જેવા ઉદ્યોગો ફરી શરૂ થયા કે તે ક્ષેત્રમાંથી માગણી નીકળી અને સ્થિતિ વણસવી જોઈએ તેના કરતાં વધુ વણસી. જો કોવિડ સંકટ આજથી વીસ કે ત્રીસ વરસ આગળ આવ્યું હોત તો ત્યારે પણ આ વરસે થઈ તેવી સ્થિતિ થઈ હોત. છતાં આ વરસે સ્થિતિ ગંભીર એટલા માટે બની કે યુરોપના દેશોએ કોલસાનો વપરાશ લગભગ સદંતર બંધ કરી દીધો અને પ્રમાણમાં સ્વચ્છ ઊર્જા આપતા બર્નિંગ ગેસનો વપરાશ વધાર્યો. આમ ગેસનું સંકટ મુસીબત બન્યું.

પાણી અર્થાત્ હાઇડ્રો ઇલેક્ટ્રિક પાવર, પવન ઊર્જા અને દરિયાનાં મોજાં દ્વારા પ્રાપ્ત થતી ઊર્જાનું ઉત્પાદન જગતમાં નોંધપાત્ર પ્રમાણમાં થતું નથી. ઘણી વખત પવન જરૂરી માત્રામાં વહેતો નથી. વરસાદ અને પાણીના અભાવે હાઇડ્રો ઇલેક્ટ્રિક વીજળીના ઉત્પાદનમાં ઘટ પડે છે. તે માટેના ડેમ, તળાવો, કૃત્રિમ બાંધકામો પર્યાવરણને અને ઇકોલોજીને ભારે નુકસાન કરે છે તે કુદરત આપણને અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ, પૂર, કમોસમી વરસાદ વગેરે ઘટનાઓ દ્વારા સતત ભણાવતી રહે છે. કેદારનાથના પૂરનો આપણે



વીજળીની માગ છે તે પ્રમાણે ભવિષ્યમાં પુરવઠો પૂરો પાડવામાં મુશ્કેલી સર્જાશે

થોડાં વરસો અગાઉ જ અનુભવ કર્યો છે. ઉપરાંત જગતમાં દરેક જગ્યાએ હવામાનની સ્થિતિ એવી હોતી નથી કે સૂર્યશક્તિ પ્રાપ્ત કરી શકાય. પવન ઊર્જા માટે સમુદ્રમાં પવનચક્કીઓ બાંધવાનો વિકલ્પ સારો છે, કારણ કે ત્યાં પવનની ઝડપ વધુ હોય છે, પણ પવનચક્કી (વિન્ડ મિલ)નો ઉપરનો ભાગ ઘણો ઊંચો અને વજનદાર હોય છે. જો તરતાં જહાજ કે બાર્જ પર તેને ફીટ કરવામાં આવે તો ઊથલી પડે. નોર્વેની આસપાસ ૬૦ મીટર ઊંડા પાણીમાં દરિયાના તળિયા સાથે પવનચક્કીઓ જડવામાં આવી છે, તેથી ઊથલી પડતી નથી, પરંતુ તરત પવનચક્કીઓ તરતી રહે તે માટેની ભરોસાપાત્ર શોધખોળ ચાલી રહી છે. ઘણી કંપનીઓએ પ્રયત્નો આદર્યા છે.

બીજા ઘણા ફળદ્રુપ પ્રયત્નો ચાલી રહ્યા છે. પરિણામે સૂર્ય ઊર્જા અને પવન ઊર્જાનું ઉત્પાદન વધશે અને પ્રમાણમાં સસ્તા થશે તો પણ, આગળ લખ્યું તેમ, દરેક સ્થળે તેનું ઉત્પાદન શક્ય નહીં હોય તેથી અમુક પ્રદેશોએ લાંબા કાળ માટે કુદરતી ગેસ અને અન્ય ફોસિલ (અશ્મિ) ફ્યુઅલ પર આધાર રાખવો પડશે. જે દેશોમાં સૌર અને પવન ઊર્જા મળતી હશે તેમણે પણ વિકલ્પની તૈયારી પેટ્રોલિયમ અને ગેસ ઊર્જાના સ્વરૂપમાં રાખવી પડશે.

બાંધકામ અને સ્થાપત્ય કળામાં નવા આવિષ્કારો જૂના અનુભવો પરથી થાય છે, કારણ કે એવડાં કદનાં મકાનો લેબોરેટરીમાં બનાવીને પ્રયોગ થઈ શકે નહીં

એ સ્થિતિમાં એક વધુ બાધા, વધુ અંતરાય નડશે. તે એ કે પેટ્રોલિયમ ઊર્જાનો વ્યાપ ઘટશે તેથી તે ઉદ્યોગમાં નાણા રોકનારા મળશે નહીં. પરિણામે ફોસિલ ફ્યુઅલનું ઉત્પાદન પણ ઘટશે. આ સ્થિતિ નવી મુસીબતોને જન્મ આપશે. ત્રીસ ચાલીસ વરસ પછીના લાંબા ગાળે તેનો ઉપાય હશે, પણ વચ્ચેના તબક્કામાં નહીં હોય. તેથી વીજળીની કિંમતોમાં વારંવાર મોટી ઊથલપાથલ મચશે. માણસ જાત એક અસ્પષ્ટ સ્થિતિ તરફ આગળ વધી રહી છે.

બીજી તરફ, વરસ ૨૦૫૦ સુધીમાં વીજળીનો વપરાશ અથવા ડિમાન્ડ ૬૦ (સાઠ) ટકા જેટલી વધશે. વસતિ વધશે ઉપરાંત ફોસિલ ફ્યુઅલનો વપરાશ બંધ થશે તેથી મોટરકારો, સ્ટવ અને ઠંડા પ્રદેશોની હિટિંગ સિસ્ટમો વીજળી આધારિત બનશે. આજથી જ તેની શરૂઆત થઈ ચૂકી છે. ભારતનાં બજારોમાં વીજળી આધારિત સ્કૂટરો અને મોટરબાઇકોની મોટી ડિમાન્ડ ઊભી થઈ છે, કારણ કે તે દોડાવવાનાં સસ્તાં પડે છે. માણસ જાત આર્થિક વિકાસ સાધતી જશે તેમ તેમ ખપત વધશે. વળી ઇલેક્ટ્રિક અને ઇલેક્ટ્રોનિક સાધનોમય જગત બની રહ્યું છે. સાર એ કે માણસને જ્યારે વીજળીની વધુ જરૂર હશે ત્યારે જ તેના પુરવઠામાં અનિશ્ચિતતા પેદા થશે. એવું પણ બને કે જો જૂના વીજળી પ્લાન્ટ ટકાવી રાખ્યા હશે તો માણસે વચ્ચેના સંકટના સમયમાં હંગામી સમય માટે કોલસાથી ઊર્જા મેળવવાની વ્યવસ્થા કરવી પડશે. હવે પછીના અમુક દાયકાઓ વ્યવસ્થા ઉપર-નીચે થતી રહેશે. આજના સમયમાં જગતની વીજળી વ્યવસ્થા આપસમાં જોડાયેલી છે. આથી દુનિયામાં કોઈ એક સ્થળે વીજળીની છત કે અછત જણાય તેની અસર અન્યત્ર દૂરના પ્રદેશો અને પ્રવૃત્તિઓ પર પડે છે. એક ઉદ્યોગ પર અસર પડે તેની બીજા ઉદ્યોગ પર, બીજાની ત્રીજા પર, એમ અસર આગળ વધે છે. હમણા ચીનમાં કોલસાની તંગી અને વીજળીની આપત્તિ વિશેના સમાચારો ફેલાયા ત્યારે જ ચીનની અમુક કંપનીઓ ઉપરાંત ચીનમાં માલ બનાવડાવતી વિદેશી કંપનીઓના શેરના ભાવ નીચે ઊતરી ગયા હતા. વીજળીની ગેરહાજરીની અસર તમામ ઉદ્યોગો પર પડે. સિલિકોન, કોબાલ્ટ વગેરેનું ઉત્પાદન બંધ જઈ જાય. લોખંડ, તાંબું અને બીજી ધાતુના ઉત્ખનન બંધ પડે, માલ પરિવહન વગેરે બંધ પડે. જે પ્રમાણે કોલસો વગેરેની અસ્વચ્છ

નોર્વેની આસપાસ પાણીમાં દરિયાના તળિયા સાથે પવનચક્કીઓ જડવામાં આવી છે

ઊર્જાના એકમો બંધ થાય એટલી જ માત્રામાં એ જ સમયે સ્વચ્છ ઊર્જાના એકમો કામ કરતા થાય તે સમતુલા જાળવતી જવી પડશે. જોકે ડર્ટી એનર્જીના એકમો ત્યારે બંધ કરી શકાય જ્યારે ક્લીન એનર્જીના શરૂ થાય. તેથી કોઈ અચાનક સંકટ આવી પડવાનું નથી, પરંતુ વહેલા મોડા એ ડર્ટી એકમો પણ બંધ તો કરવાના જ છે કે જેથી પૃથ્વી ગ્રહ પર તોળાતું સંકટ દૂર થાય, જે માનવી પરનું એક મોટું સંકટ છે. ફરજિયાત એ છે કે નવી વ્યવસ્થા ઊભી કરવી પડશે. તેમ કર્યા વગર જૂની બંધ કરવાનું પોસાશે નહીં. અખાતના દેશોને તો પોતાને ત્યાં પાણીની જેમ મળતું પેટ્રોલિયમ વાપરવાનું જ વધુ પસંદ પડશે. આ બધાં પરિબળો કહે છે કે પૃથ્વી પર ૨૦૫૦ સુધીમાં ઝીરો પ્રદૂષણનું હવામાન પેદા કરવાનો લક્ષ્યાંક પૂર્ણપણે ચરિતાર્થ થશે નહીં, છતાં જેટલો થશે એટલો ધરતી માતાના સ્વાસ્થ્ય માટે લાભપ્રદ નીવડશે.

હાલમાં અમેરિકામાં જે કુલ વીજળી પેદા થાય છે તેમાંની ચાલીસ ટકા ગેસ બાળીને કરાય છે. ગેસ વડે વીજળી પેદા કરવાનો ખર્ચ ઊંચો આવે છે. ગ્રાહકોએ ઊંચા બિલ ભરવા પડશે અને પ્રદૂષણ પણ ચલાવી લેવું પડશે. અમેરિકનો પોતાના વિશાળ મકાનોનાં છાપરાં હવે સોલર-ઊર્જા પ્રાપ્ત કરે તેવાં નળિયાંથી બાંધી રહ્યાં છે, છતાં અતિશય ઠંડીમાં ગેસની વીજળીની જરૂર પડશે. એ અમેરિકનો હવે તેલ ઉત્પાદક દેશો કોઈ સ્વચ્છ માધ્યમથી પેદા થતી વીજળી વાપરે તેવો આગ્રહ કેવી રીતે રાખી શકશે? જોકે આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ અને સંબંધોનું મહત્ત્વ હોય છે, તેથી તેને અસરકારક રીતે હથિયાર તરીકે વાપરી શકાય, પણ તે માટે પ્રથમ અમેરિકાએ ગેસ અને કોલસો બાળવાનું બંધ કરવું પડે.

ચીનની સરકાર રીન્યુએબલ ઊર્જાના ઉત્પાદન અને વપરાશ પર ભાર મૂકે છે, પણ ચીનનું ઉદ્યોગો આધારિત અર્થતંત્ર ફોસિલ ઈંધણો પર જ ચાલે છે. કોલ, ગેસ, તેલનો આશરો ન લે તો ચીનનું ઔદ્યોગિક તંત્ર ઠપ થઈ જાય. મજાની વાત એ છે કે આ બળતણો પણ હવે ખલાસ થવા માંડ્યા છે. નવા વિકલ્પો શોધવાનું એક ફરજિયાત કારણ આ પણ છે. ચીન સરકાર હવે વિદેશોમાંથી મોટા પ્રમાણમાં કોલસો અને પ્રાકૃતિક ગેસ ખરીદી રહી છે અને સ્થિતિને થાળે પાડવા કોશિશ કરી રહી છે. તેથી થયું છે કે ચીનની સરકાર યુરોપ સાથે સીધી સ્પર્ધામાં આવી ગઈ છે. યુરોપમાં તેલ અને કોલસાની અછત ઊભી કરી છે. ગરીબ યુરોપિયનોને ઠંડી અને અંધારાનો વધુ સામનો કરવો પડશે. ચીન જો બધેથી તેલ, વીજળી અને કોલસો ખરીદી લે તો ભારત અને પાકિસ્તાન પર તેની ખરાબ અસર પડે. હાલમાં જગતમાં તેલની કિંમતો ઊંચે ગઈ છે. ભારતના લોકો ઓલરેડી આ સ્થિતિની ઊંચી કિંમત પેટ્રોલ પમ્પ પર જઈને ચૂકવી રહ્યા છે. રાંધણ ગેસ મોંઘો થયો છે.

અમેરિકામાં શેલ ડ્રિલિંગ પદ્ધતિથી, ભેખડો અને ખડકોમાં ડ્રીલ કરીને, પુષ્કળ તેલ મેળવવામાં આવ્યું છે. અમેરિકા તેલની બાબતમાં સરપ્લસ છે, પરંતુ પર્યાવરણની ચિંતાના કારણે શેલ ડ્રિલિંગ પર બ્રેક લાગી છે, પરંતુ અમેરિકા પાસે નિકાસ કરવા જેટલો જથ્થો નથી. ગોલ્ડમેન સાક્સના એક કોમોડિટી નિષ્ણાતના મતે પેટ્રોલિયમ, ગેસ અને કોલસાના સંશોધન માટે નાણાનું રોકાણ બંધ થઈ ગયું છે, તેથી હાલની તંગી પેદા થઈ છે. આ નાણા રોકાણનું પ્રમાણ ઘટવાનું એક મહત્ત્વનું કારણ જે ઈલેક્ટ્રિક યુગના પડઘમ વાગી રહ્યા છે તે છે. દુનિયાના લગભગ તમામ દેશો આગામી દસ-પંદર વરસમાં ગેસ-પેટ્રોલિયમથી ચાલતાં વાહનોનું ઉત્પાદન બંધ કરાવવાની ફિરાકમાં છે. તે સિવાય ઉદ્ધાર નથી અને ગ્લાસગોની પરિષદમાં તે માટેની નવી રૂપરેખા જાહેર કરાય તેવી શક્યતા છે. દુનિયાના મૂડી રોકાણકારોમાંથી કેટલાક પોતાના મનની ચેતનાને આધારે અને કેટલાક વધુ પેટ્રોલિયમનો ધંધો બંધ થવાનો હોવાથી તેમાં મૂડી રોકવા માગતા નથી. તેઓ વધુ વળતર આપે તેવા વૈકલ્પિક ઊર્જાના ક્ષેત્રમાં મૂડી રોકી રહ્યા છે. જે લોકો ફોસિલ ફ્યુઅલ કંપનીના શેરો ધરાવતા હતા તેઓ હવે તે એટલા માટે વેચી રહ્યા છે કે કોલ અને ઓઈલ સ્ટોક (શેર)નું હવે કોઈ સારું ભવિષ્ય નથી. વળી જેમ જેમ રૂપાંતર અથવા સ્થળાંતર આગળ વધશે તેમ શેરની કિંમતો ઘટશે. તે અગાઉ નિકાલ કરવો તેમ સારું માનીને તેઓ ચાલી રહ્યા છે. ઘણી ફોસિલ ફ્યુઅલ કંપનીઓ પોતે જ અન્ય વૈકલ્પિક ઊર્જા કંપનીઓમાં મૂડીરોકાણ કરવા માંડી છે. થયું છે એવું કે નવી ઈકોનોમી (વિન્ડ સોલર)માં હાલમાં જરૂર છે તેના કરતાં વધુ મૂડીરોકાણ થઈ રહ્યું છે, જ્યારે જૂની (ફોસિલ) ઈકોનોમીમાં મૂડીરોકાણની ખેંચ જણાઈ રહી છે.

પવન અને સૌર ઊર્જાના છેલ્લા એક દશકમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે, પરંતુ વારંવાર જેનું ઉત્પાદન થઈ શકે અને પ્રાપ્ત કરવાથી ખૂટી જતા નથી તેવા આ રીન્યુએબલ

જગતની વીજળી વ્યવસ્થા આપસમાં જોડાયેલી છે. આથી દુનિયામાં કોઈ એક સ્થળે વીજળીની છત કે અછત જણાય તેની અસર અન્યત્ર દૂરના પ્રદેશો અને પ્રવૃત્તિઓ પર પડે છે

(અખૂટ) ઊર્જા સ્ત્રોતો ખૂબ અસ્થિર છે. જ્યારે ઇલેક્ટ્રિસિટી તો જ્યારે જોઈએ ત્યારે અને માત્રામાં પેદા કરી શકાય છે. પવન અને સૌર ઊર્જા જરૂર હોય ત્યારે ન પણ મળે તેને જરૂરી માત્રામાં સંગ્રહવાનું મુશ્કેલ છે તે આપણે જોયું. આ સ્થિતિનું બીજું એક દુષ્પરિણામ આવી શકે છે. ઇલેક્ટ્રિસિટી ડિમાન્ડ પ્રમાણે ફાળવી શકાય અને તેથી બેલેન્સ જળવાઈ રહે. જો સૂર્ય અને પવન ઊર્જાની ડિમાન્ડ વધે તો વીજળી સદંતર જતી રહે. બધું ખોરવાઈ જાય. આવું વારંવાર થાય તો અવ્યવસ્થા ગણાય. સ્વચ્છ ઊર્જા સંગ્રહ કરવાની સમસ્યા લાંબા ગાળે ઉકેલાશે. ત્યાં સુધી તે પણ એક શિરદર્દ બની રહેશે. બીજી રીતે જોઈએ તો એક સિસ્ટમમાંથી બીજી સિસ્ટમમાં સ્થળાંતર કરવાની પ્રક્રિયા પડકારોની સાથે તક પણ પુરવાર થશે. ઓસ્ટ્રેલિયા અને અમેરિકાના કેલિફોર્નિયામાં વિશાળ સોલર પ્લાન્ટ્સ છે. આપણા ગુજરાતમાં પણ છે. ઓસ્ટ્રેલિયા અને કેલિફોર્નિયામાં વિશાળ બેટરીઓને ગ્રીડ સાથે પ્લગ કરી રાખવામાં આવે છે, જેથી સૂર્ય આથમી જાય પછી પણ વીજળીનો પુરવઠો સ્થિર રહે છે. જોકે આ પ્રકારનાં શોધ અને સંશોધનો હજી પ્રાથમિક અવસ્થામાં છે અને તેમાં સુધારો થવાની ખૂબ શક્યતા છે. આ પ્લાન્ટોમાં બેટરીઓની સંખ્યા ઘણી છે, પણ પૂરતી નથી. તેમાં જે વીજળીનો સંગ્રહ થાય છે તે ૨૪ કલાકમાંથી ચાર કલાક માટે પૂરી પડે છે. બાકીની વીજળી પરંપરાગત સ્ત્રોતમાંથી આવે છે. છતાં વિકાસ થઈ રહ્યો છે તે સારી વાત છે.

હાઇડ્રોજનની વાત કરીએ તો ઘણા દેશો અને કંપનીઓ હાઇડ્રોજન પર મોટી આશા રાખીને બેઠા છે. ભારત સરકારનું ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન પણ હાઇડ્રોજનને ભવિષ્યનું અસરકારક ઈંધણ માને છે. ઇલેક્ટ્રોલાઇઝર મશીનો વડે તેને માત્ર હવામાંથી છૂટું પાડીને પ્રાપ્ત કરવાની જરૂર રહે છે. જો તેની ટેક્નોલોજી આસાન અને ફૂલપ્રૂફ બને તો તે ગમે ત્યારે ગમે ત્યાં રહીને પ્રાપ્ત કરી શકાય. સમુદ્રમાં પણ. તે બળતણ તરીકે અને ઊર્જાના

હાઇડ્રોજન બળતણ તરીકે અને ઊર્જાના સંગ્રહ તરીકે બંને કામ આપશે

સંગ્રહ તરીકે બંને કામ આપશે અને તેના કારણે પ્રદૂષણમાં બિલકુલ વધારો ન થાય. હાઇડ્રોજનને ટરબાઇનમાં બાળીને ફ્યુઅલ સેલ દ્વારા પૂરું પાડીને વીજળી પેદા કરી શકાય. જ્યાં પાણી, તપતો સૂર્ય અને પવન હોય તે દરેક જગ્યાએ તેનું ઉત્પાદન થઈ શકે.

ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ્સ બાંધવાનું અમુક સ્થળોએ પ્લાનિંગ થઈ રહ્યું છે. તેમાં તપતા સૂર્યની એટલા માટે જરૂર પડે છે કે તેના થકી સૂર્ય ઊર્જા પ્રાપ્ત થાય અને તે ઊર્જાનો ઉપયોગ પાણી કે હવામાંથી હાઇડ્રોજનને છૂટો પાડવા માટે કરવામાં આવે. જોકે હજી તેનો વિગતવાર અભ્યાસ ચાલી રહ્યો છે. હેવી ઉદ્યોગો અને ઊર્જા કંપનીઓ એ નક્કી કરવામાં પડેલી છે કે હાઇડ્રોજન શક્તિ તેઓના માટે સાર્થક નિવડશે કે કેમ? જોકે આ તંત્રજ્ઞાનનો પૂરો વિકાસ થવા માટે વરસો લાગી જશે. પ્રથમ તો એ નક્કી કરવાનું બાકી છે કે તે કેટલો કારગર નીવડે છે.

ગ્લાસગો પરિષદમાં, પાકા બિઝનેસમેનો, રીઢા રાજકારણીઓ પધારશે અને દુનિયાના ભાવનાશીલ યુવાન-યુવતીઓ હશે. ગ્રેટા થનબર્ગનું નામ તો તમે સાંભળ્યું જ હશે. આ પરિષદમાં તે કેવી રીતે ગુસ્સો કાઢશે તે જોવાનું રહેશે. માત્ર ટ્રેનમાં જ પ્રવાસ કરવાનો અને શાકાહારી, તે પણ માત્ર વનસ્પતિજન્ય ખોરાક ખાવાની બાધા આખડી રાખી હશે તેવો એક મોટો વર્ગ હશે. પર્યાવરણને બચાવવા આ બધું જરૂરી છે, પણ જે મહત્ત્વનો પ્રશ્ન પૂછાવો જોઈએ તે પૂછાતો નથી કે દુનિયાની સરકારો ગ્લોબલ વોર્મિંગ, પૃથ્વી પરની ગરમી દોઢથી બે ડિગ્રી સેન્ટિગ્રેડ ઘટાડવા માટે આજથી જ કામે લાગી જાય તો શું બગડી જવાનું હતું? શું ખાટું મોળું થવાનું હતું? પેરિસ સમજૂતીનો અમલ તેઓ આજથી જ શા માટે શરૂ કરતા નથી? અને પરિણામોની આશા છેક ૨૦૫૦ અને પછીના ઉત્તરાર્ધ પર શા માટે છોડી છે? તો જવાબ એ છે કે તત્કાલ ગંભીરતાથી પગલાં લેવાય તો તમામ નેશનલ અને મલ્ટિનેશનલ કંપનીઓના બિઝનેસના લોકોને સરકારો બળજબરીથી કશું કરાવે તે પસંદ હોતું નથી. તેઓ પોતે કંઈક પગલાં, સાચાં કે ખોટાં ભરીને સમાજ પર ઉપકાર કરતા હોવાની અને તે પણ સ્વેચ્છાથી કરતા હોવાની લાગણીઓ જાહેરમાં વ્યક્ત કરતા રહે છે. પોતાની પ્રોડક્ટ્સ પર લખવાનું પસંદ કરશે કે આ રેપર રિસાઇકલ્ડ પેપરમાંથી બન્યું છે. અમે આટલાં ઝાડ વાવીએ છીએ. પાણીના સ્ત્રોત અમુક સંખ્યામાં રિચાર્જ કર્યા વગેરે. તેઓ નેટ ઝીરો પોલ્યુશન માટેનું કમિટમેન્ટ પણ વ્યક્ત કરતા હોય છે, જેથી મૂડી રોકાણકારોને કંપની તરફ ખેંચી શકાય. કર્મચારીઓ ખુશ થાય અને ગ્રાહકો પણ ખેંચાઈને આવે, પરંતુ આમાંનાં મોટા ભાગનાં વચનો ઠાલાં હોય છે. જી ટ્વેન્ટી ક્લબની ૪૨૦૦ જેટલી મોટી સભ્ય કંપનીઓએ હવામાન અને પર્યાવરણ બાબતે પોતાના ઉમદા ઇરાદાઓ ડોક્યુમેન્ટ્સ સાઇન કરીને વ્યક્ત કર્યા હતા. જો તે ઉદ્દેશ્યોની પૂર્તિ માટે લાગી જાય તો પેરિસ સમજૂતી સાર્થક બની શકે, પણ જે ૪૨૦૦ કંપનીઓ, મલ્ટિનેશનલોએ ઇચ્છાઓ જાહેર કરી હતી તેમાંની માત્ર વીસ ટકા, પાંચમા ભાગની કંપનીઓએ જ એ દિશામાં કેટલાંક વૈજ્ઞાનિક પગલાં ભર્યાં છે. બાકીનાઓનાં ઉમદા ઉદ્દેશ્યો માત્ર કાગળ પર જ રહી ગયા છે. જે રીતે સભામાં દાન જાહેર કરનારા ઘણા હોય, પણ ચૂકવે ખૂબ થોડા, તેવું અહીં બન્યું છે. આ કંપનીઓએ માત્ર એટલું જ કરવાનું હતું કે વાતાવરણમાં તેઓ જે ઝેરી કચરો, વાયુ ફેંકે છે તેના પ્રમાણમાં ઘટાડો કરવાનો હતો, પરંતુ એમ કરે તો નફામાં ઘટાડો થાય. પૈસો આરાધ્ય છે. ■

પવન અને સૌર ઊર્જાના છેલ્લા એક દશકમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે, પરંતુ વારંવાર જેનું ઉત્પાદન થઈ શકે અને પ્રાપ્ત કરવાથી ખૂટી જતા નથી તેવા આ રીન્યુએબલ ઊર્જા સ્ત્રોતો ખૂબ અસ્થિર છે

આજોબા - વાઘોબા

વાઘ અને ચિત્તાનાં મંદિરો

વર્ષ ૨૦૧૪માં આજોબા નામની ફિલ્મ આવી હતી. આ ફિલ્મ ચિત્તા પર આધારિત હતી. ફિલ્મ જોનાર દરેક વ્યક્તિને મનમાં સહજ પ્રશ્ન ઉદ્‌ભવે કે શું આ મૂક પ્રાણીઓ પ્રત્યે આપણી કોઈ જવાબદારી નથી. આજે પણ ઘણા સમાજમાં વાઘ અને ચિત્તાને સંરક્ષણ દેવતા માનીને તેમની પૂજા કરવામાં આવે છે. વન્યજીવો ભારતીય સંસ્કૃતિનો અભિન્ન હિસ્સો છે. ઠેકઠેકાણે આ વન્યજીવોનાં મંદિરો પણ જોવા મળે છે. દરેક વ્યક્તિ જે નિસર્ગને ચાહે છે, તેમણે વન્યજીવો પ્રત્યે પણ પોતાની જવાબદારી નિભાવવી રહી એ નક્કર વાસ્તવિકતા છે.

latika.suman@sambhaav.com

વિદ્યા અત્રેયા એક એવું નામ છે, જેમણે એક ધ્યેયને સામે રાખીને કામ કરવાની શરૂઆત કરી. જે કામ સમગ્ર વિશ્વ માટે મહત્ત્વનું છે. વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન સોસાયટી (ઇન્ડિયા)નાં ડાયરેક્ટર વિદ્યાએ પ્રાણીઓનું સંરક્ષણ કરવું આપણી જવાબદારી છે, એ વાતનો અહેસાસ વિશ્વને કરાવતા પોતાનું દરેક કામ પૂરી જવાબદારી સાથે નિભાવ્યું છે. તેની ચર્ચા લગભગ સાત વર્ષ પહેલાં બનેલી મરાઠી ફિલ્મ આજોબાના માધ્યમથી દરેકે કરી. વિદ્યાનું કિરદાર ચેલેન્જ સાથે નિભાવનારી અભિનેત્રી ઉર્મિલા માતોંડકર પણ આ વિષયથી પ્રેરિત થઈ હતી. એક ચિત્તાનું રોડ એક્સિડેન્ટમાં મોત થઈ જવું, વિદ્યાની સાથે દરેક પ્રાણીપ્રેમીઓને દુઃખ થવું અને આ સમાચાર વાંચીને ડાયરેક્ટર સુજય ડહાકેનું ફિલ્મ બનાવવું – બધું એક પ્રેરણાદાયી મુસાફરી સમાન હતું. સાથે જ કેટલાક દિવસો પહેલાં વિદ્યા અત્રેયાના માર્ગદર્શનમાં રમ્યા નાયર નામની વિદ્યાર્થિનીએ વાઘોબા મંદિર પર અભ્યાસ કર્યો. જેમાં દહાણુ જિલ્લાના લગભગ ૧૫૦ વાઘોબા મંદિરો પર સંશોધન કરવામાં આવ્યું. આ વિષયોને સમજવા માટે ‘અભિયાને’ ડૉક્ટર વિદ્યા અત્રેયા સાથે વિસ્તારથી વાતચીત કરી.

ભારત એક એવો દેશ છે, જેની જીવનશૈલી પ્રાણીઓ સાથે જોડાયેલી છે. જ્યારે આપણે નાના હતા, ત્યારે ઘરમાં કાળી કીડીઓને જોઈને આપણે તેમના પર સ્પ્રે નહોતા કરતા, પણ આપણા ઘરના વડીલો અથવા મા કહેતાં કે, જાઓ જઈને પહેલાં થોડી ખાંડ એમને આપો. પ્રાણીઓ અને પક્ષીઓ સાથેનું સહજીવન બાળપણથી જ આપણા દિલોદિમાગ સાથે જોડાયેલું છે. જેના માટે કોઈ વિજ્ઞાન કે અભ્યાસની જરૂરત નથી હોતી. જે પરદાદા અથવા પરદાદીએ દાદા-દાદીને કહ્યું, એ દાદા અથવા દાદીએ આપણા માતા-પિતાને કહ્યું. એને જ આપણે આપણા બાળકોને જણાવીએ છીએ અને એ જ આપણા કલ્ચર સાથે જોડાઈને આપણા જીવનનું એક અંગ બની જાય છે. ડૉક્ટર વિદ્યા અત્રેયા જ્યારે આ વાત જણાવી રહ્યાં હતાં, જે સાંભળવામાં તો ઘણી સામાન્ય લાગે છે, પણ તેનો આપણા જીવન સાથે ઘણો ઊંડો સંબંધ છે.

આપણે જંગલી પ્રાણીઓને હંમેશાં હિંસક સમજીએ છીએ. આપણે તેમનાથી ડરીએ છીએ. જ્યારે તેઓ માનવવસાહતમાં જોવા મળે છે ત્યારે આપણે તેનાથી કોસો દૂર ભાગીએ છીએ અને તેનાથી બચવા માટે તેને પાંજરામાં પૂરવાનો આદેશ આપીને એવા કોઈ જંગલમાં છોડી દઈએ છીએ જે જગ્યાથી તે સાવ અજાણ છે અથવા ક્યારેક ક્યારેક આપણે મોટે મોટેથી



બૂમો પાડીને કહીએ છીએ કે એ હિંસક જનાવરે આપણા પર હુમલો કર્યો. હવે આપણે તેને મારવાનો આદેશ જાહેર કરીએ છીએ. જાણે એ આપણુ દુશ્મન હોય, પણ જો આપણે ગંભીરતાથી એ વાત પર ધ્યાન આપીએ તો જે જંગલોમાં વર્ષોથી આદિવાસીઓ રહે છે, તેઓ તો તેમને દુશ્મન નહીં, પણ પોતાના રક્ષણકર્તા અથવા ભગવાન સમજે છે. તો વાત સમજમાં આવે છે કે આપણે આપણા અહંકારમાં હિંસક બની ચૂક્યા છીએ કે આજે જંગલોથી બહાર ભટકી ચૂકેલું પ્રાણી હિંસક છે. જો આ વિષય પર ઊંડા ઊતરીને વિચાર કરીશું તો વાત સમજમાં આવશે કે વાસ્તવમાં હિંસક છે કોણ. વિદ્યા જણાવે છે કે આપણે આ વિશ્વનો એક નાનકડો હિસ્સો છીએ, પણ આપણને અહંકાર છે કે આપણે કશું પણ કરી શકીએ છીએ, પણ જ્યારે કુદરત રૂઠે છે તો આપણી ખેર નથી રહેતી.

આજોબા નામની એક ફિલ્મ બની છે, ચિત્તા પર. આ ફિલ્મમાં પણ એ ડાયલોગ છે. જેમાં ડૉ. પૂર્વા (ઉર્મિલા માતોંડકર) સાથે જાનવરોના સંદર્ભમાં ચર્ચા કરતાં તેના એક પ્રોફેસર (દિલીપ પ્રભાવલકર) પૂર્વાને કહે છે, તે આપણે મનુષ્યો નિસર્ગને સમજવામાં ભૂલ કરીએ છીએ, પણ જો નિસર્ગ એકવાર આપણા પર ક્રોધે ભરાયું તો આપણી ખેર નથી રહેતી. આ ફિલ્મના એ ડાયલોગને સમજવા માટે ડૉક્ટર વિદ્યાના જીવન સાથે જોડાયેલી આ ફિલ્મની વાર્તા સમજવી જરૂરી છે. અહમદનગર જિલ્લાના ટાકલી ઢોકેશ્વર ગામમાં એક ચિત્તો તળાવમાં પડીને બેભાન થઈ જાય છે. જંગલ ખાતું આ વાતની જાણ ડૉ. પૂર્વાને કરે છે. પૂર્વા પોતાની ટીમ સાથે આવીને રેસ્ક્યુ કરવામાં આવેલા ચિત્તાના ગળામાં જીપીએસ કોલર બેસાડે છે અને જાણવા માગે છે કે આ ચિત્તો અહીંથી ક્યાં જશે. ડૉક્ટર પૂર્વા વર્ષોથી ચિત્તા પર કામ કરી રહી છે. જંગલ ખાતું આ ચિત્તાને માલશેજ ઘાટના જંગલમાં છોડી આવે છે. પૂર્વા એ ચિત્તા સાથે જોડાયેલી ચીપને નામ આપે છે - આજોબા. એ ચિત્તો વૃદ્ધ અને શાંત દેખાવાને કારણે તેને આજોબા (દાદા) નામ આપવામાં આવ્યું હોય છે. આ બધાની વચ્ચે એ ચિત્તો અહમદનગર, પૂણે અને થાણે જિલ્લાને પાર કરીને બે જંગલોની વચ્ચેથી પસાર થાય છે. એ ત્યાં રોકાતો નથી, પણ વેસ્ટર્ન ઘાટ, ઘોડબંદર રોડ, કસારા રેલવે લાઈન, વસઈની ખાડી અને વચ્ચે માનવવસાહત પાર કરીને તે વસઈ ઈન્ડસ્ટ્રિયલ એરિયાને પાર કરતો સંજય ગાંધી નેશનલ પાર્કમાં પહોંચે છે. ડૉક્ટર પૂર્વાને આ બધાની વચ્ચે એ જોવું હોય છે કે આજોબા આટલું બધું અંતર કાપીને ત્યાં કેમ ગયો? કદાચ તેનો પરિવાર ત્યાં રહેતો હશે, કારણ કે તમે જ્યારે વૃદ્ધ જાનવરને કોઈ પણ જગ્યાએ છોડશો તો તે પોતાના ઘરે તો પાછું ફરશે જ. આજોબાનું પણ એવું જ થયું હશે. જેને મુંબઈમાં માનવવસાહતમાં જોવામાં આવ્યો હશે અને પછી માનવોની વચ્ચે આ જાનવર ખતરનાક સાબિત થશે એમ વિચારીને તેને કોઈ છોડી ગયું હશે, પણ જ્યારે આપણે તેમને ક્યાંય પણ છોડી દઈએ છીએ તો તે નવી જગ્યાથી અપરિચિત હોય છે. ક્યાં જવાનું, ક્યાં ખાવાનું, પીવાનું પાણી ક્યાં છે વગેરે પ્રશ્નો તેમની સામે ઉપસ્થિત થાય છે. સરકારે બનાવેલી સીમાઓથી જાનવરો અજાણ હોય છે. તેની સીમા ક્યાં સુધી છે તેની ખબર તેમને નથી હોતી, પણ ભૂખ લાગવા પર તેઓ રાત્રે જ્યારે લોકો ઊંઘતા હોય ત્યારે બહાર નીકળે છે અને ખાવાનું શોધે છે અથવા પાણીની શોધમાં તળાવ અથવા કૂવાની પાસે આવે છે. આજોબાની સાથે પણ એવું જ થયું હશે, કારણ કે જ્યારે રેસ્ક્યુ કરીને તેને માલશેજ ઘાટના જંગલમાં છોડવામાં આવ્યો ત્યારે વચ્ચે બે જંગલ આવ્યાં હોવા છતાં એ તે જંગલોમાં રોકાયો નહીં. એ આખો દિવસ કોઈ જગ્યાએ રોકાતો અને રાત્રે મુસાફરી કરતો.

વાઘોબાની પૂજા કરી રહેલા ગ્રામજનો

આજોબાએ લગભગ ૨૫ દિવસમાં ૧૨૫ કિલોમીટર અંતર કાપ્યું. માનવવસાહતને પાર કરતો તે પોતાના ઠેકાણા પર પહોંચ્યો, પણ આ બધાની વચ્ચે તેણે કોઈને હાનિ ન પહોંચાડી. ત્યાર બાદ બે વર્ષ સુધી તે સંજય ગાંધી નેશનલ પાર્કમાં રહ્યો. તેને તેનું ઘર મળી ગયું હતું, પણ માનવોની વચ્ચે મળી આવનારા ઘણા જાનવરોને રેસ્ક્યુ કરીને તેમને કોઈ પણ જગ્યાએ છોડી દેવામાં આવે છે, શું તેમને તેમનું ઘર અને વિખૂટા પડી ગયેલાં બચ્ચાં પાછા મળે છે? આજોબા ફિલ્મ જોયા બાદ આ પ્રશ્ન પ્રાણીપ્રેમીઓને અચૂક ઉદ્‌ભવે છે, પણ પોતાનામાં જ તલ્લીન રહેનારા અને પોતાનું સુખ જોનારા આપણે માણસો આ મૂક જાનવરો વિશે ક્યારેય વિચારીએ છીએ ખરા? જે આપણા જીવન સાથે જોડાયેલો આપણો જ એક હિસ્સો છે. જેવી રીતે આપણે નિસર્ગ સાથે જોડાયેલા છીએ એવી રીતે પ્રાણીઓ પણ નિસર્ગ સાથે જોડાયેલા જીવ છે. જો આપણે તેમના જંગલ તેમની પાસેથી છીનવીને પોતાનું ઘર બનાવીશું તો એ ક્યાં જશે, શું ખાશે? જ્યારે તેઓ આપણી વસતીમાં આવે છે ત્યારે આપણે હાહાકાર મચાવીએ છીએ. શું આપણે તેમની સમસ્યાઓ પર ધ્યાન આપીએ છીએ ખરા? ડૉક્ટર વિદ્યા અત્રેયાનું કામ આપણને આ વિષયની ગંભીરતા વિશે વિચારવા પર મજબૂર કરે છે.

આજોબાને ઘર જરૂર મળ્યું. તે પોતાની પરિચિત જગ્યા પર રહ્યો, પણ દુર્ભાગ્યની વાત એ છે કે ૩ ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ રસ્તો ક્રોસ કરતાં તેનું રોડ એક્સિડેન્ટમાં મોત થઈ ગયું. એક પ્રાણીપ્રેમી હિતેન્દ્ર મોટા પોતાના પરિવાર સાથે ઘોડબંદર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે આજોબાને ઘાયલ અવસ્થામાં સંજય ગાંધી નેશનલ પાર્ક છોડ્યો, ત્યારે આજોબા સાથે જોડાયેલી ચીપના નંબર પરથી ખબર પડી કે આજોબાનું મૃત્યુ થયું છે. આજોબાનું નેશનલ હાઈવે પર માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું એ વાત સમાચારમાં હાઈલાઈટ થતાં આજોબાની સફર લોકોની સામે આવી અને ફિલ્મનું નિર્માણ થયું. આ સંદર્ભમાં વાત કરતાં વિદ્યાએ જણાવ્યું કે, આજોબાના મૃત્યુને કારણે લગભગ ૨૫ દિવસ સુધીના તેના સફરમાં જોડાયેલા તમામ લોકોને દુઃખ થયું. આપણે પ્રાણીઓથી ડરીએ છીએ, પણ હકીકત એ છે કે, પ્રાણીઓ આપણાથી ડરે છે. તેથી તેઓ રાત્રિના સમયે પોતાના ભોજનનો શિકાર કરે છે. તેઓ કૂતરાનો શિકાર કરે છે, કારણ કે તેમને માંસ પસંદ છે. આપણે બિલાડીઓને પાળીએ છીએ. તેમને ગમે તેટલું સારું શાકાહારી ભોજન આપો, તેઓ બહાર નીકળીને ઉંદરની શોધખોળ આદરશે જ. ચિત્તો શું કરશે? આપણે તેમને આપણા રક્ષણ માટે જગ્યા ચોક્કસ આપી, પણ તેમના વિશે વિચાર્યું નહીં કે અન્ય જાનવરો સાથે તેમને ઘટાદાર જંગલની આવશ્યકતા છે. જે આપણે સુરક્ષિત નથી રાખ્યા. રોડ પણ વિદેશના મૉડેલને કોપી પેસ્ટ કરીને છ લેનના બનાવ્યા. જેને ગ્રામીણ વ્યક્તિ બરાબર ક્રોસ પણ નથી કરી શકતા. એને જાનવર કેવી રીતે ક્રોસ કરશે? આપણને રોડની જરૂરત છે, પણ ભારતીય જીવનશૈલીને ધ્યાનમાં રાખીને.

વિદ્યા અત્રેયાની વાત પર ધ્યાન આપીને તેની ગંભીરતા સમજવાની જરૂર છે. સાથે જ તેમની આ સફર ક્યારે અને કેવી રીતે શરૂ થઈ તે જાણવું પણ જરૂરી છે. વિદ્યા પોતાના વિશે જાણકારી આપતાં કહે છે કે, મેં વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન સોસાયટીમાંથી વર્ષ ૨૦૧૧માં કામ શરૂ કર્યું. લગભગ ત્રણ મહિના પહેલાં જ હું ડાયરેક્ટર બની છું. મને બિલાડીઓ ખૂબ ગમતી. મારી માતાએ ચાર કે પાંચ બિલાડીઓ ઘરમાં પાળી હતી. તેથી તમે વાઘ અથવા ચિત્તાને જુઓ. બંને એક જેવા દેખાય છે. તેમના આકાર અને રંગમાં અંતર જોવા મળે છે, પણ વૃત્તિ એક જેવી જ હોય છે. બિલાડી હોય કે જંગલી જાનવર, તેમને શિકાર કરવાની આદત હોય છે. મને બિલાડીઓ માટે પહેલેથી જ આકર્ષણ રહ્યું છે. તેથી મને ચિત્તો પણ એક મોટી બિલાડી જેવો જ લાગે છે. જ્યારે હું ચિત્તા સાથે કામ કરું છું ત્યારે લોકો મને સવાલ કરે છે કે તમને ડર નથી લાગતો. એ સમયે મારો જવાબ

આજોબાનું નેશનલ હાઈવે પર માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું એ વાત સમાચારમાં હાઈલાઈટ થતાં આજોબાની સફર લોકોની સામે આવી અને ફિલ્મનું નિર્માણ થયું

ભારત જ એક માત્ર એવો દેશ છે, જે જાનવરોની નજીક છે. એકમાત્ર એવો દેશ છે, જ્યાં અસંખ્ય લોકો વિવિધ રીતે જીવમાત્રની ખૂબ જ નજીક છે

ડો. વિદ્યા અત્રેયા, ડાયરેક્ટર, વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન સોસાયટી (ઇન્ડિયા)

હોય છે કે, મને બાળપણથી બિલાડીઓથી ડર નથી લાગ્યો, કારણ કે હું માનું છું કે તેઓ જ આપણાથી બહુ ડરે છે. વન્યજીવો મનુષ્યોથી ખૂબ ડરે છે અને હું એક પેઢી પહેલાંની છું, તો મેં વાઘ, ચિત્તા અથવા રીંછ જેવાં ઘણા પ્રાણીઓ જંગલમાં જોયા છે. જે આપણાથી ૪૦-૫૦ ફૂટના અંતરે હોય તો પણ આપણને જોઈને ભાગી જાય છે. મેં મારા કામના માધ્યમથી જંગલી જાનવરોને જોયા છે. તેથી મને ક્યારેય તેમનાથી ડર નથી લાગ્યો.

પોતાની વાતને આગળ વધારતા વિદ્યાએ કહ્યું કે, મને બાળપણથી જ વાઈલ્ડલાઈફ, જાનવર અને જંગલ પસંદ હતા. એ દિવસોમાં ટીવી અથવા ઈન્ટરનેટ જેવાં માધ્યમો નહોતાં. તેથી તેમના વિશે જાણકારી મેળવવી સરળ નહોતું. કશું સમજમાં નહોતું આવતું કે શું કરવાનું છે. હું મુંબઈમાં રહેતી હતી. મેં રૂઈયા કૉલેજમાંથી આર્ટ્સનો અભ્યાસ શરૂ કર્યો. જ્યારે હું બીએના બીજા વર્ષમાં હતી ત્યારે મારો પહેલો નેચર કેમ્પ હતો. એ કેમ્પથી હું ઘણી પ્રભાવિત થઈ, ત્યારે મને લાગ્યું કે મારે આ ક્ષેત્રમાં જ કશુંક કરવું છે. મને જંગલ, જાનવર, હરિયાળી ખૂબ પસંદ આવ્યાં. એ સમયે મને સમજમાં આવ્યું કે મને રિસર્ચ કરવું ઘણુ પસંદ છે, પણ બીએમાંથી એમએસીમાં શિફ્ટ થવું મુશ્કેલ હતું. મેં તપાસ કરી, ત્યારે મને ખબર પડી કે પોંડિચેરી યુનિવર્સિટીમાં એમએસઈકોલોજીનો અભ્યાસ ચાલે છે, જેમાં મને પણ ઍડ્મિશન મળી શકે છે. ત્યારે મેં ત્યાં ઍડ્મિશન લીધું અને પહેલું માસ્ટર કર્યું. એ વડના વૃક્ષ પર હતું. વડ એક એવું વૃક્ષ છે, જેનો બીજા ઝાડ પર જન્મ થાય છે. પછી જ્યારે વડનું ઝાડ મોટું થાય છે ત્યારે એ બીજા ઝાડનું સંગોપન કરીને ઓરિજિનલ ઝાડ મરી જાય છે. એ બે ઝાડ વચ્ચેનું ઈન્ટરએક્શન છે, મેં તેની પર માસ્ટર કર્યું. જ્યારે હું વડના ઝાડ પર રિસર્ચ કરી રહી હતી ત્યારે ખબર પડી કે વડના ઘણા બધા પ્રકાર હોય છે. તેના પર કયા કયા પક્ષી આવે છે એ મારા અભ્યાસનો વિષય હતો. જ્યારે હું ભણી રહી હતી ત્યારે મેં વાઘ, રીંછ, ચિત્તા, હાથી જેવાં પ્રાણીઓને જોયા. ત્યાર બાદ હું વાઈલ્ડ લાઈફ વિશે વિચારવા લાગી. મેં જોયું કે ભારત જ એક માત્ર એવો દેશ છે, જે જાનવરોની નજીક છે. એકમાત્ર એવો દેશ છે, જ્યાં અસંખ્ય લોકો છે અને તેઓ વિવિધ રીતે જીવમાત્રની ખૂબ જ નજીક છે. આપણી

આજોબાની સારવાર કરી રહેલા ડોક્ટર

વસતીમાં અથવા આપણી આસપાસ જંગલી જાનવર હોય છે. જ્યારે વિદેશોમાં જોઈશું તો સ્થિતિ વિરુદ્ધ છે. ત્યાં લોકોની વચ્ચે તેમની આસપાસ ક્યાંય પણ જંગલી જાનવર જોવા નહીં મળે, પણ ભારતની સ્થિતિ અન્ય દેશોથી ખૂબ અલગ અને અનોખી છે. અહીં વન્યજીવો લોકોની અંદર છે. વચ્ચે છે. જ્યારે રિસર્ચર રિસર્ચ કરે છે ત્યારે સંરક્ષિત ક્ષેત્રમાં કામ કરે છે. તેમની ટ્રેનિંગ વિદેશી હોય છે. તેથી આપણે લોકો વિશે વિચારતા જ નથી, પણ હું ગ્રામીણ ક્ષેત્રમાં કામ કરું છું તો હેરાન રહી જાઉં છું, કારણ કે ત્યારે હું જોઉં છું કે આટલી બધી વસતી હોવા છતાં ચિત્તો ત્યાં કેવી રીતે આવે છે. ત્યારે ખબર પડે છે કે, ભારતમાં વન્યજીવોના કેટલા મુદ્દા છે અને માનવો પર તેમનો કેટલો ઊંડો પ્રભાવ છે. એક કિસ્સો જણાવતા ડૉ. વિદ્યાએ કહ્યું કે, જ્યારે મેં અકોલા જિલ્લામાં ચિત્તા પર કામ કરવાની શરૂઆત કરી ત્યારે ત્યાં રહેનારી એક ઠાકર મહિલાની બકરીને ચિત્તાએ મારી ખાધી હતી. હું તેમની સમસ્યાઓ જાણવા માટે તેમની પાસે ગઈ અને એક સામાન્ય રિસર્ચરની જેમ સવાલ કર્યો કે તમને ચિત્તાથી શું તકલીફ છે? અહીં આવીને ચિત્તા અને વાઘ તમને શું તકલીફ આપે છે? ત્યારે એ ઠાકર મહિલા મારા પર ભડકી ગઈ. મને તેના ગુસ્સાનું કારણ ન સમજાયું. હું મારી ટીમ સાથે ત્યાંના એક સ્થાનિક સભ્યની પાસે ગઈ અને તેમને પૂછ્યું કે, ધુલેકાકા, એ ઠાકર મહિલા મારા પર કેમ ગુસ્સે થઈ?

આજોબાને ટ્રેક કરવા ચીપ લગાવવાનું કામ કરી રહેલાં ડો. વિદ્યા આત્રેયા

ગ્રામજનો પાસે વાઘોબાની માહિતી મેળવી રહેલાં ડો. વિદ્યા આત્રેયા

એ ધુલેકાકાએ મને કહ્યું કે, તમે વાઘ અથવા ચિત્તા વિશે તેમને પૂછશો કે, તમને આ જાનવરોથી શું તકલીફ છે તો તેઓ ગુસ્સો જ કરશે, કારણ કે તેઓ તેમની પ્રતિમા અથવા મૂર્તિને ભગવાનની જેમ પૂજે છે. આદિવાસી અથવા ઠાકર સમાજ માટે તેઓ આઇડોલ છે. ત્યારે મેં એ વસતીમાં એક વાઘોબાનું મંદિર જોયું. ત્યાર બાદ મેં એ મંદિરો પર અભ્યાસ કરવાનો શરૂ કર્યો. વાઘોબાનાં મંદિર લગભગ ૭૦૦-૮૦૦ અથવા ૧૦૦૦ વર્ષ પહેલાંનાં છે. જેને આદિવાસી વર્ષોથી પૂજતા આવ્યા છે. આપણને એ ખબર છે કે, લગભગ ૧૯૭૩માં પ્રોજેક્ટ ટાઇગર શરૂ થયો. જે પ્રોજેક્ટ વિશે હું જાણુ છું, પણ જાનવરોના માણસ સાથેનો આટલો નિકટનો સંબંધ ભારતમાં મેં પહેલીવાર જોયો હતો. મને એ દિવસે એ વાતથી દુ:ખ થયું કે, અમે માત્ર તેમના પર કામ કરીએ છીએ. તેમના પર અભ્યાસ કરીએ છીએ, પણ મનુષ્યો અને જાનવરો વચ્ચેનો મૂક પ્રેમ અથવા અતૂટ સંબંધ આપણે નથી જોતા. આપણે એ દિશામાં ક્યારેય વિચાર પણ નથી કરતા. વન્યજીવો સાથે મનુષ્યોના સાંસ્કૃતિક મુદ્દાઓ જોડાયેલા છે. આપણી ભારતીય સંસ્કૃતિ વન્યજીવો માટે જેટલી અમીર છે, તેટલી ગહન પણ છે.

ડૉક્ટર વિદ્યા જે વાત કહી રહી હતી તેના પર વિચાર કરવામાં આવે તો જોવા મળે છે કે, ભારત વન્યજીવોના સંબંધમાં સાચે જ એક અમીર દેશ છે. જ્યાં લોકો જાનવરોની નજીક રહે છે, જાનવરોને પૂજે છે, તેને પોતાના સંરક્ષણકર્તા માને છે. જાનવર સૃષ્ટિનો એક એવો જીવ છે, જે તાકત અને અધ્યાત્મિકતા સાથે જોડાઈને વિશ્વને કશુંક શીખવાડવાની કોશિશમાં લાગેલો છે. એ જતાવવાનો પ્રયત્ન કરે છે કે, અમે પ્રાણી છે. છતાં પણ અમે મનુષ્યોની વચ્ચે રહેવા ઇચ્છીએ છીએ. ઘણા પ્રકારની વાતોથી એ વાત સાબિત થઈ છે જ્યારે આપણે પાલતુ જાનવરો સાથે હળીમળી જઈએ છીએ. જ્યારે વ્યક્તિ ઘરમાં એકલી હોય છે ત્યારે કૂતરા, બિલાડી સાથે પોતાનો સમય વિતાવવાનું પસંદ કરે છે. પોતાના દુ:ખ, નિરાશા અને એકલતાને ભૂલી જાય છે. જો ગ્રામીણ ભાગોની વાત કરીએ તો ગાય, ભેંસ, બકરી, મરઘી, પોપટ અથવા અન્ય જાનવરો અને પક્ષીઓ ઘરના અન્ય સદસ્યોની જેમ એકબીજા સાથે હળીમળીને રહે છે. આજે પણ ઘણા ગ્રામીણ વિસ્તારોમાં ગાય અને બળદની વિશેષ દિવસો પર પૂજા કરવામાં આવે છે. માણસોનું પક્ષી અને પ્રાણીઓને ખાવાનું ખવડાવવું એ જ બતાવે છે કે તમે પણ અમારા જીવનનો હિસ્સો છો અને પરિવારનો પણ હિસ્સો છો. પછી એ જાનવર ઘરમાં રહે, ઘરની બહાર રહે કે જંગલમાં રહે. એ સદીઓથી આપણી સાથે જોડાયેલાં છે. પંખ પસારીને નાચતો મોર આંખોને પ્રસન્નતા આપે છે. સવાર સવારમાં પંખીઓનો કલરવ અને કોયલના અવાજની ગુંજ કાનોને તૃપ્ત કરે છે. તો જંગલમાં સફારી કરતી વેળાએ જંગલી જાનવરોનાં દર્શન આધ્યાત્મિકતાનો અનુભવ કરાવે છે. આપણે સૌ આ વાતોથી પરિચિત છીએ અને આપણા રોજિંદા જીવનમાં તેનો અનુભવ પણ કરીએ છીએ.

વર્ષોથી જંગલોમાં રહેનારા આદિવાસી વાઘોબાની પૂજા કરે છે. તેનાથી ડર નથી લાગતો એવું કેમ? વાઘોબા (વાઘ) અને ચિત્તા બંનેને પૂજે છે એવું કેમ? આ વિશે ડૉક્ટર વિદ્યાને પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે, બંનેની પૂજા વિશે સ્પષ્ટ કશું કહેવું મુશ્કેલ છે, પણ કેટલાક લોકોને વાઘ અને કેટલાક લોકોને ચિત્તા એમ બંને સાથે સંબંધ જોડતા જોયા છે. જેમ કે મુંબઈની આરે કોલોનીમાં વાઘોબાનું એક મંદિર છે. એ આદિવાસી વર્ષોથી ત્યાં રહે છે અને ખૂબ આરામથી એમ પણ કહે છે કે, તેમણે ચિત્તાને જોયો છે. તેમનાં બાળકો પણ જુએ છે. તેમને ડર નથી લાગતો, કારણ કે એ તેમનો ભગવાન છે. ચિત્તો તેમના કલ્ચર સાથે જોડાયેલો છે. તો એ લોકો તેને જોઈને ભાગશે નહીં અથવા તેના પર હુમલો નહીં કરે. કદાચ તેમણે તેમના પૂર્વજો પાસેથી સાંભળ્યું હશે કે આવા સમયે શું કરવું જોઈએ, પણ જો કોઈ શહેરની વ્યક્તિ ત્યાં આવીને ચિત્તાને જુએ તો તે ડરી જશે. આવા સમયે તેને શું કરવું તેની

ચિત્તા પર બનેલી મરાઠી ફિલ્મ આજોબા

જાનવર સૃષ્ટિનો એક એવો જીવ છે, જે તાકત અને અધ્યાત્મિકતા સાથે જોડાઈને વિશ્વને કશુંક શીખવાડવાની કોશિશમાં લાગેલો છે. એ જતાવે છે કે અમે મનુષ્યોની વચ્ચે રહેવા ઇચ્છીએ છીએ

મહારાષ્ટ્રમાં ઘણા સ્થળોએ વાઘોબાના સ્થાનક જોવા મળે છે

ખબર નહીં પડે. ડરના કારણે તેનું રિએક્શન એવું હશે જે બંને માટે હાનિકારક હોય, પણ આદિવાસી તેને પૂજે છે તો તેઓ ડરતા નથી. તેથી એ સમયે તેમનું રિએક્શન નોર્મલ રહેતું હશે. તેઓ પૂજા કેમ કરે છે તેની જાણકારી અને અભ્યાસ હજુ પણ ચાલી જ રહ્યો છે. જોકે, મુંબઈ, અકોલે, પાલઘર, ચિંચોટી જેવા મહારાષ્ટ્રના અનેક ભાગોમાં વાઘોબાનાં મંદિર જોવા મળે છે. મારા એક મિત્ર અતુલ બોરકરે મને ૨૦૧૭માં જાણકારી આપતા કહ્યું હતું કે, ગોવાની વેલિપ કમ્યુનિટી પણ વાઘોબાની પૂજા કરે છે. ગોવામાં પણ વાઘોબાનાં મંદિર જોવા મળ્યાં છે. આ બધાં મંદિરોમાં અન્ય કમ્યુનિટી પણ જઈને પૂજા કરે છે. અમે જે રિસર્ચ કર્યું તે દહાણુ જિલ્લાના લગભગ ૧૫૦ જેટલાં મંદિરો પર કર્યું. રમ્યા નાયર નામની આર્ટ્સની વિદ્યાર્થિનીને એ મંદિરો પર રિસર્ચ કરવાનું હતું. જેના માટે મેં માર્ગદર્શન આપ્યું. આજે પણ એ મંદિરોમાં આદિવાસી ભક્તિભાવથી પૂજા કરે છે.

આદિવાસી દિવાળીના સમયે વાઘોબાની પૂજા ખૂબ ધામધૂમપૂર્વક કરે છે. જેવી રીતે મહારાષ્ટ્રમાં ગણપતિની પૂજા બધા સાથે મળીને ધામધૂમથી કરે છે, એવી રીતે આદિવાસી વિસ્તારોમાં વાઘબારસને ખૂબ મહત્ત્વનો દિવસ માનવામાં આવે છે. ગામની બહાર નોકરી કરતા અથવા અભ્યાસ કરતા લોકો પણ આ દિવસે ગામમાં આવે છે અને આખું ગામ પૂજામાં સહયોગ આપે છે. એક વાયકા મુજબ આદિવાસી કહે છે કે એક વાર વાઘબારસના દિવસે આદિવાસીઓએ વાઘની પૂજા કરી હતી. બધા ઘરે આવી ગયા. રાત્રિના સમયે એક પરિવારને યાદ આવ્યું કે તે પોતાના નાના બાળકને મંદિરમાં ભૂલી આવ્યા છે. તેઓ ડરી ગયા અને દોડતા દોડતા મંદિરે પહોંચ્યા. ત્યારે તેમણે જોયું કે એક જીવિત ચિત્તો એ ઊંઘી રહેલા બાળકની નજીક બેસીને તેનું રક્ષણ કરી રહ્યો હતો. વાઘ તેમનો સંરક્ષણકર્તા છે. તેમના પર કોઈ પણ મુસીબત આવી હોય, તેઓ પ્રાર્થના કરે છે કે અમારું રક્ષણ કરજો. તેઓ વાઘોબાના મંદિરમાં જઈને વિશ્વાસ સાથે તેની પૂજા કરે છે. સાથે જ તેઓ વૃક્ષ અને પર્વતને પણ ભગવાન માને છે. ગામદેવીની પૂજા કરે છે. નિસર્ગને ભગવાન સમજીને તેની પૂજા કરવી તેમની સંસ્કૃતિ છે. ચિત્તાની વાતને સંક્ષિપ્તમાં વર્ણવતા વિદ્યાએ વાઘોબા અને નિસર્ગ પ્રતિ આદિવાસીઓની જે ભાવના છે, તેમનો નિકટનો સંબંધ છે, તે જણાવ્યો અને કહ્યું કે વન્યજીવ અને લોકોની વચ્ચેનો સંબંધ જૂનો છે, પણ શહેરીકરણ થવાને કારણે આપણે તેમનાથી દૂર થઈ રહ્યા છીએ. જો તેને સમજવાનો પ્રયત્ન કરીને આપણે તેના ઊંડાણ સુધી પહોંચીશું તો નિશ્ચિત જ એ વાત સમજી શકીશું કે નિસર્ગ સાથે જીવવું એટલે માત્ર વૃક્ષ, નદી, તળાવ, પર્વત અને પાલતુ જાનવર સાથે જીવવું એવું નથી. આપણી ભારતીય સંસ્કૃતિ આપણને શીખવાડે છે કે જંગલી જાનવર પણ આપણી જીવનશૈલીનો મહત્ત્વનો હિસ્સો છે. ■

નિસર્ગ સાથે જીવવું એટલે માત્ર વૃક્ષ, નદી, પર્વત અને પાલતુ જાનવર સાથે જીવવું એવું નથી. ભારતીય સંસ્કૃતિ આપણને શીખવાડે છે કે જાનવર પણ આપણી જીવનશૈલીનો મહત્ત્વનો હિસ્સો છે

ખાનગી શાળાને ટક્કર આપે એવી છે આ સરકારી શાળા

આદિવાસી બાળકોને શિક્ષણ પ્રત્યે રુચિ જાગે તે માટે કાર્યરત છે રંગપુર પ્રાથમિક શાળા

વર્તમાન સમયમાં શિક્ષણ એટલું મોંઘું બની ગયું છે કે, માતા-પિતા માટે સંતાનોને સારો અભ્યાસ કરાવવો ખૂબ કપરું બન્યું છે. તેમાં પણ આદિવાસી બાળકો માટે તો શિક્ષણ માત્ર વિચાર સુધી જ સીમિત રહી જાય છે. ખાનગી શાળાની ફી ના પોસાય અને સરકારી શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણનો અભાવ, પરંતુ આપણે જેવું વિચારીએ છીએ એટલું સત્ય નથી, કારણ કે આદિવાસી બાળકોને પગભર કરવા અને ઉમદા શિક્ષણ આપવાની નેમ વાંસદા તાલુકાની એક સરકારી શાળાએ લીધી છે.

hetalrao@sambhaav.com

આદિવાસી બાળકો અને શિક્ષણને તો દૂર-દૂર સુધી કોઈ લેવા દેવા નથી હોતી - ઉચ્ચ શિક્ષણ મેળવતા અને ખાનગી શાળામાં મસમોટી ફી ભરતા પેરેન્ટ્સના મનમાં આવા વિચારો આવતાં જ હશે. ઘણીવાર એવો પણ વિચાર આવે કે આદિવાસી લોકોની તો જુદી જ દુનિયા હોય છે, વળી તેમને આપણી સાથે શું લાગે વળગે, પરંતુ આ દરેક વિચારો માત્ર કાલ્પનિક છે, કારણ કે આજે સરકારની અનેક એવી યોજનાઓ છે જેનો લાભ લઈને આદિવાસી લોકો પણ હવે ડગથી ડગ માંડીને ચાલતા થયા છે. જેનું ઉમદા ઉદાહરણ છે, રંગપુરની પ્રાથમિક શાળા.

એક કાર્યક્રમ દરમિયાન ઉચ્ચ અભ્યાસુ મહિલાઓને મળવાની તક મળી. પોગ્રામ પૂર્ણ થયા પછી અનેક મિત્ર સાથે ઊભા રહીને વાર્તાલાપ દરમિયાન મહિલાઓની વાત સંભળાઈ રહી હતી. જેમાં આદિવાસી, શાળા, વાંસદા, રંગપુર જેવા તૂટક શબ્દો કાને અથડાઈ રહ્યા હતા. ત્યારે સહજતા જ પૂછવાની ઇચ્છા થઈ આવી કે તમે કોઈ આદિવાસી શાળાની વાત કરી રહ્યા છો? ત્યારે મિતાલીબહેને જવાબ આપ્યો હા, રંગપુરની એક અત્યાધુનિક શાળા છે, જ્યાં આદિવાસી બાળકો શિક્ષણ લઈ રહ્યાં છે. ઔપચારિક વાત થયા પછી, પરત ફરતા મનમાં વિચાર આવ્યો કે હવે સરકારી શાળાઓ પણ ખાનગી શાળાઓને ટક્કર આપી રહી છે, પરંતુ આદિવાસી બાળકો અભ્યાસ કરતા હોય અને પાછા ડુંગરાળ વિસ્તારમાં, ત્યાંની શાળા અત્યાધુનિક હશે..!

આપણા માનસપટ પર સરકારી શાળાઓ એટલે એ જ અવાજ કરતા પંખા, સમય કરતાં મોડા આવતા શિક્ષકો, શાકભાજી ફોલતાં બાળકો, પાણીની પરબે જામેલી લીલ, વારંવાર ખુલ્લામાં શૌચ કરવા જતાં નાનાં ભૂલકાઓ, નાકના લસરકા લેતાં અને ઢંગધડા વગરનાં કપડાં પહેરેલા વિદ્યાર્થીઓ, લગભગ દરેક વર્ગે બે ધોરણ સાથે ચાલે તેવા તૂટેલા-ફૂટેલા વર્ગખંડ અને માત્ર રિસેસમાં ભોજન માટે થાળી આપવા આવતા વાલીઓ. સરકારી ઓફિસર કે નેતાઓની મુલાકાત વખતે ઇસ્તરી ટાઇટ કપડાં પહેરીને આવતા પ્રિન્સિપાલ. કંઈક આવી જ રૂપરેખા હોય છે સરકારી શાળાની અને તેમાં પણ આ તો નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના છેવાડે આવેલા રંગપુર ગામની શાળાની વાત છે, પરંતુ આ શાળાની વાત કંઈક જુદી છે.

સરકારી શાળાઓ હવે ખાનગી શાળાઓને ટક્કર આપી રહી છે. તેમાં કોઈ બેમત નથી, પરંતુ આદિવાસી વિસ્તારની આ શાળાએ સમગ્ર ગુજરાતમાં પોતાનું આગવું સ્થાન મેળવ્યું છે અને ડિજિટલ સ્કૂલ તરીકે નામના મેળવી છે. અહીં આવતા વિદ્યાર્થીઓ આદિવાસી બાળકો છે. ધોરણ ૧થી ૮ની શાળામાં તમામ પ્રકારની સુવિધાઓ છે. અંદાજિત ૧૮૯ બાળકો આ શાળામાં શિક્ષણ મેળવી રહ્યાં છે.

આ વિશે 'અભિયાન' સાથે વાત કરતાં રંગપુર પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ નીતિનકુમાર પાઠક કહે છે, 'દીકરીઓ આગળ વધે અને બધાની વચ્ચે બોલતાં શીખે, દીકરીઓની મૌલિક અભિમુખતા કેળવાય તે હેતુસર શાળામાં ન્યૂઝ રૂમ બનાવવામાં આવ્યો છે. શાળાના ન્યૂઝ બનાવતી ગુજરાતની આ એકમાત્ર શાળા છે.'

ન્યૂઝ રૂમ વિશેનો વિચાર કેવી રીતે આવ્યો એ અંગે પૂછતાં, નીતિનકુમાર કહે

રંગપુર પ્રાથમિક શાળા સમગ્ર જિલ્લા અને ગુજરાત માટે ગૌરવપૂર્ણ છે. શાળાના પ્રિન્સિપાલ નીતિનકુમાર પાઠક અને સમગ્ર સ્ટાફને બિરદાવવા જેવા છે

અનંત પટેલ, ધારાસભ્ય
વાંસદા-ચીખલી

છે, ‘શાળામાં પ્રાર્થના, ગીત, સુવિચાર જેવી અનેક પ્રવૃત્તિ માટે દીકરીઓને વારા પ્રમાણે કહેવામાં આવતું, પરંતુ જે દીકરીનો વારો હોય તે રજા પાડે.’ તેમને પૂછતા ખબર પડી કે બધાની વચ્ચે બોલતાં તેમને શરમ આવે છે, કોન્ફ્યુડન્સ નથી રહેતો. તેમનો આ ડર દૂર કરવા માટે બોલવાની કલાને ખીલવે, જાહેરમાં બોલતાં સંકોચ ના અનુભવે એ માટે એક પ્રયોગ કર્યો. ‘અમે વિદ્યાર્થિનીને સ્માર્ટ ફોનમાં રેકોર્ડિંગ કરવાનું કહેતા, તે શાળાએ આવી રેકોર્ડિંગ કરવા તૈયાર થાય. એમ કરવાથી દીકરીઓ બોલવા તૈયાર થઈ. એ પછી અમે સમગ્ર મહિના દ્વારા જે પણ પ્રવૃત્તિ કરવામાં આવે તે લખીને ભાષાશિક્ષક સાથે બેસીને તે ટાઇપ કરી જે દીકરીનો વારો હોય તેમને મોઢે કરવા આપીએ. મહિનાની ૨૦મી તારીખે સ્ક્રિપ્ટ તૈયાર થાય. જે વિદ્યાર્થિનીનો ટર્ન હોય તેને તૈયાર કરવા આપીએ, તે ૩૦ તારીખ સુધીમાં મોઢે કરે. પછી દીકરી શાળાની પ્રવૃત્તિ ન્યૂઝ રૂમમાં રેકોર્ડ કરે, તેનું શૂટિંગ કરી, એડિટિંગ કરી અમે સોશિયલ મીડિયા, યુ-ટ્યૂબ પર અપલોડ કરીએ છીએ. અત્યાર સુધીમાં આવા ૫૮ જેટલા ન્યૂઝ બનાવ્યા છે. આ પ્રયત્ન પછી છોકરીઓ જાહેરમાં બોલવા માટે, જુદા-જુદા કાર્યક્રમમાં ભાગ લેવા માટે તૈયાર થઈ. અત્યારે ૭૦-૮૦ ટ્રોફી શાળાને મળી છે.’

વધુમાં તેમણે જણાવ્યું, ‘શાળામાં ૩૦ કોમ્પ્યુટરની લેબ, પ્રયોગશાળા માટે જુદો ક્લાસરૂમ, લાઇબ્રેરી છે. ધોરણ એકથી લઈને આઠ સુધીના દરેક વિદ્યાર્થીઓ બ્લેકબોર્ડ નહીં, પરંતુ સ્માર્ટ ક્લાસમાં અભ્યાસ કરે છે. પહેલા બીજા ધોરણના રૂમમાં અભ્યાસક્રમની લાદીઓ ફિટ કરવામાં આવી છે. જેથી કોઈ શિક્ષક ગેરહાજર હોય તો પણ વિદ્યાર્થિનીઓનો અભ્યાસ બગડે નહીં. તે જાતે પણ અભ્યાસ કરી શકે. આવી શાળા ગુજરાતમાં ભાગ્યે જ જોવા મળે છે.’

રંગપુર ગામ ડુંગરાળ વિસ્તારમાં આવેલું છે, જ્યાં આજુબાજુ વન વિસ્તાર છે. જેના કારણે પાણીની ઘણી જ સમસ્યા છે. ૫૦૦-૬૦૦ મીટર સુધી પાણી નથી. માટે વિદ્યાર્થિનીઓએ શાળાને ગ્રીન રાખવા માટે જે પણ વેસ્ટ પાણી આવે તેને બ્રીફ દ્વારા બાગમાં લઈ જવાની વ્યવસ્થા કરી છે. જેના કારણે ૨૦૧૫માં શાળામાં માત્ર ૮થી ૧૦ છોડ હતા, આજે ૫૫૦થી વધુ છોડ છે. રીયુઝ પાણીથી

કન્યા કેળવણીને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે રંગપુરની પ્રાથમિક શાળા

આ કાર્ય કરવામાં આવે છે.

હિન્દી ભાષાના જતન અને વિકાસ માટે દર શનિવારે શાળામાં હિન્દી ડેની ઉજવણી કરવામાં આવે છે. એટલું જ નહીં, સ્વચ્છ શાળા પુરસ્કાર ૨૦૧૯ અંતર્ગત તાલુકામાં પ્રથમ નંબર પણ રંગપુર પ્રાથમિક શાળાને પ્રાપ્ત થયો છે. છેલ્લાં ત્રણ વર્ષથી વિદ્યાર્થિનીઓની મદદથી ધોરણ ૮ના સામાજિક વિજ્ઞાનનાં પુસ્તકોને ક્યુઆર કોડ યુક્ત બનાવ્યા છે. ઉપરાંત વિદ્યાર્થિનીઓને ૩ આર ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરવામાં આવે છે.

વિદ્યાર્થિનીઓની હાજરી વધે તે માટે સ્ટુડન્ટ ઓફ ધી યર ઈનોવેશનની શરૂઆત કરવામાં આવી. શાળામાં ધો-૬થી ૮ના સામાજિક વિજ્ઞાનનો ગૂગલ રૂમ બનાવવામાં આવ્યો છે, જેમાં અત્યાર સુધીમાં ૪૦૦ કરતાં પણ વધુ પ્રોજેક્ટ બનાવાયા છે. આ ઉપરાંત વિદ્યાર્થિનીઓ માટે ડાન્સ ટીચર દ્વારા દર શનિ-રવિ બાળકોને ડાન્સ શીખવવામાં આવે છે. વિદ્યાર્થિનીઓમાં રહેલી કચાશને દૂર કરવા માટે વિષયવાર ચેકલિસ્ટ કરવામાં આવે છે. જેનાથી શિક્ષકોને માર્ગદર્શન મળી રહે અને વિદ્યાર્થિનીઓ માટે એકસ્ટ્રા સમય ફાળવવામાં આવે. નબળા હોય તેવી વિદ્યાર્થિનીઓને વધુ અભ્યાસ કરાવવામાં આવે છે.

આદિવાસી વિદ્યાર્થિનીઓમાં બે વિદ્યાર્થિનીઓની પોતાની એન્ડ્રોઇડ એપ છે, જ્યારે અન્ય સ્ટુડન્ટ બ્લોગ પણ ચલાવે છે. સોશિયલ મીડિયાથી દૂર-દૂર સુધી નાતો ના હોય એવા આદિવાસી બાળકો, આજે અભ્યાસની સાથે આજના યુગ સાથે ડગ માંડીને ચાલે છે.

આ વિશે વાત કરતાં વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલે ‘અભિયાન’ને જણાવ્યું હતું કે, ‘રંગપુર પ્રાથમિક શાળા સમગ્ર જિલ્લા અને ગુજરાત માટે ગૌરવપૂર્ણ છે. આદિવાસી વિદ્યાર્થિનીઓ જે ઉત્સાહ સાથે અભ્યાસ કરી રહ્યાં છે અને દરેક પ્રવૃત્તિમાં ભાગ લે છે, તે માટે શાળાના પ્રિન્સિપાલ નીતિનકુમાર પાઠક અને સમગ્ર સ્ટાફને બિરદાવવા જેવા છે. મારો હંમેશાં પ્રયત્ન રહે છે કે વિદ્યાર્થિનીઓ આગળ વધે, સારો અભ્યાસ કરે.’

આ સરકારી શાળાની પ્રેરણા લઈને ગુજરાતની અન્ય શાળાઓ જ્યાં આદિવાસી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી રહ્યાં છે, તેમણે પ્રેરણા લેવા જેવી છે. ■

શાળામાં ધો-૬થી ૮ના સામાજિક વિજ્ઞાનનો ગૂગલ રૂમ બનાવવામાં આવ્યો છે, જેમાં અત્યાર સુધીમાં ૪૦૦ કરતાં પણ વધુ પ્રોજેક્ટ બનાવાયા છે

નીતિનકુમાર પાઠક,
પ્રિન્સિપાલ, રંગપુર પ્રાથમિક શાળા

હું, બાબુ અને સંગીત-વાદ્ય



હમણા થોડા સમય પહેલાં એક બહુ જૂનો મિત્ર મળ્યો. જૂનો મિત્ર પણ જૂના દારૂ જેવો હોય છે, સઘળાં દુ:ખો ભૂલાવી દે!

મને યાદ છે – અમે પાંચમા ધોરણમાં એક જ શાળામાં સાથે ભણતા. 'ભણતા' એવું મારે લખવું પડે, કારણ કે શાળામાં નિયમિતપણે – રવિવારે પણ સાહેબાનાં કામ કરવા જતા હતા! અને શાળાની બહાર સાથે રમતા. મિત્રને મંજીરા વગાડવાનો બહુ શોખ. ક્યાંય પણ ભજન હોય, એ મંજીરા વગાડવા અચૂક પહોંચી જાય. વર્ષો પછી એ મળ્યો એટલે અમે એકબીજાનાં ખબર અંતર પૂછ્યા :

'બાબુ,' મેં એના ખભા પર હાથ મૂકીને પૂછ્યું, 'બાળકો શું કરે છે?'

'પંડ્યા,' એણે મારા હાથ પર પોતાનો હાથ મૂકતાં કહ્યું, 'તને એટલીય ખબર નથી, કે બાળકો પરણેલાને હોય...?!'

'મતલબ?'

'મતલબ એ જ કે આટલાં વર્ષેય હું વાંઢો છું.'

'અરે વાહ, શું વાત કરે છે બૉસ!'

'એમાં તું કેમ આટલો બધો ખુશ થયો?'

'અરે બાબુ, હું ખુશ નથી થયો, પણ મને તારી ઈર્ષા થાય છે.' મેં ગંભીરતા ધારણ કરીને કહ્યું, 'ભગવાનની તારા પર ખરેખર કૃપા છે.'

'.....'

બાબુને ચૂપ થઈ ગયેલો જોઈ મને થયું કે મારાથી કશું બફાઈ તો નથી ગયું ને?

'બાબુ,' મેં હળવેથી કહ્યું, 'મારો કહેવાનો મતલબ એટલો જ કે... કયા કારણે તું વાંઢો રહી ગયો?'

'અરે યાર,' બાબુએ સ્મિત કર્યું, 'નાનપણમાં પપ્પા સાથે ભજન મંડળીના ભજનોમાં અને દર વરસે નવરાત્રિમાં ગરબા પાર્ટીમાં જતો. આમ તો એવું ના કહેવાય કે હું જતો'તો, પણ મારી કલા અને ટેલેન્ટ જોઈને મને સાદર નિમંત્રિત કરાતો'તો. નાનપણનો મારો એ શોખ મને નડી ગયો!'

'એટલે?'

'સગાઈ સંદર્ભે જ્યારે એકબીજા પક્ષના છોકરા-છોકરીનાં માબાપને મળવાનું થાય ત્યારે છોકરીનો બાપ એવું પૂછે કે તમે શું કરો છો? ત્યારે હું સાચેસાચું કહી દઉં કે, મંજીરા વગાડું છું... બસ, ત્યાં જ વાત અટકી જાય.'

બાબુની વાત પરથી મને એટલું ચોક્કસ લાગ્યું

કે મંજીરા વગાડવાનો શોખ, મારાં લગ્ન થઈ ગયા પછી મેં ડેવલપ કર્યો, એ ખરેખર શાણપણનું કામ કર્યું કહેવાય!

ખરેખર, આપણા સમાજમાં કેટલાક લોકો સંગીત અને સંગીતકારની કદર નથી કરી શકતા.

મંજીરા વગાડવા એ ખરેખર કલા છે, પણ લોકો સમજતા જ નથી. ભગવાને મનુષ્યનો અવતાર આપ્યો છે તો ઓછામાં ઓછું એકાદ વાજિંત્ર કે સંગીતનું વાદ્ય વગાડતાં આવડવું જ જોઈએ એવું, 'વાંઢાજનક' સ્થિતિમાં રહેવા છતાં, મારો બાબુ હજી પણ માને છે. કેટલાક તો પોતાના ટકલાને — આઈમીન, આછા વાળવાળા માથાને જ તબલું સમજીને તબલું વગાડ્યાનો સંતોષ માને છે. જોકે એય ખોટું તો નથી જ. કહેવાય છે ને કે પ્રૅક્ટિસ મેક્સ અ મેન પરફેક્ટ.

કોરોનાની આફતમાંથી બચવા માટે લૉકડાઉનનો પહેલો અવસર શરૂ થયો ત્યારથી આજદિન સુધી હું પણ મંજીરા વગાડવાનું શાસ્ત્રીય ઢબે શીખી રહ્યો છું. કોઈને કદાચ થશે કે આટલી ઉંમરે કેમ? તો મારે એટલી જ સ્પષ્ટતા કરવાની કે માણસ રિટાયર થાય પછી એણે પ્રવૃત્તિ તો કંઈક કરવી જ જોઈએ ને? નાના દીકરા માટે માંગું લઈને આવેલાં એક બહેને મને પૂછ્યું : તમારો દીકરો શું કરે છે? ત્યારે મેં કહ્યું કે એક ફાર્માસ્યુટિકલ કંપનીમાં એક્ઝિક્યુટિવ છે. એમણે બીજો પ્રશ્ન કર્યો : તમે શું કરો છો? મેં તરત જ કહ્યું : 'મંજીરા વગાડું છું.'

તમે નહીં માનો સાહેબ, એ બહેને 'હું પછી કહેવડાવીશ' એમ કહીને ચાલવા માંડ્યું. એ વાતને વરસ થવા આવ્યું, એ બહેનનો પત્તો નથી.

એ પછી મેં ભીષ્મ પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી નાના દીકરાનાં સગપણ અને લગ્ન બંને ના થઈ જાય ત્યાં સુધી મંજીરા વગાડવાના શોખને ટાઇમ બિઠેંગ પૂરતો ક્વૉરેન્ટાઇન કરી દેવો.

શું મંજીરા વગાડવા એ ગુનો છે? આપણા આદ્ય ભક્તકવિ નરસિંહ મહેતાનો એક પણ ફોટો કે એક પણ ચિત્ર એવું જોવા નહીં મળે, જેમાં એમણે મંજીરા કે કરતાલ પકડ્યા ન હોય. મીરાંબાઈએ પણ એકતારાને કે મંજીરાને કેટલું ઊંચું સ્થાન આપેલું! પણ આજે કોણ જાણે કેમ એ જ મંજીરા, મંજીરાધારકને બીજાની તો ઠીક ખુદની નજરમાંથીય હેઠા પાડી દે છે.

મંજીરા વગાડવા એ કંઈ સાવ 'મંજીરા વગાડવા' જેટલું સહેલું નથી સાહેબ, વગાડી જુઓ એકવાર... ખબર પડે. (ખબર આપણને નહીં, જોનારને અને સાંભળનારને પડે!)

મંજીરા વગાડવાની મેં શાસ્ત્રીય તાલીમ લેવા માટે એક ગુરુ પણ શોધી કાઢ્યા. કેમ કે, ગુરુ બિના જ્ઞાન નહીં... પછી એ જ્ઞાન ભક્તિનું હોય, અધ્યાત્મનું હોય કે રાજકારણનું હોય, કે કોઈ પણ વિદ્યાકલાનું હોય — ગુરુ તો જોઈએ જ! જોકે કેટલાક કહેવાતા અને બની બેઠેલા — સ્વયંસિદ્ધ ગુરુ વિશે તો એક જુદો લેખ નહીં, આખું પુસ્તક થઈ શકે એટલો ઊંચો, પહોળો, અને બહોળો એમનો અને એમના શિષ્યોનો મહિમા છે. જેટલો મહિમા આજે નકલીનો છે એટલો અસલીનો નથી! એ પણ આજના સમયની બલિહારી છે! પણ મને જે ગુરુ મળ્યા છે એ અને જેની મેં તાલીમ લેવાનું શરૂ કર્યું એ મંજીરા, એ બંને અસલી છે એનો મને આનંદ છે. હું, ગુરુ અને મંજીરા ભલે સફળ

> મંજીરા વગાડવા એ ખરેખર કલા છે, પણ લોકો સમજતા જ નથી. ભગવાને મનુષ્યનો અવતાર આપ્યો છે તો ઓછામાં ઓછું એકાદ વાજિંત્ર કે વાદ્ય વગાડતાં આવડવું જ જોઈએ

ન થઈએ, સાર્થક થઈએ તોય ઘણુ! અમે ફક્ત આજની સફળતામાં નથી માનતા કે જેનું આયુષ્ય ચાર દિનકી ચાંદની જેટલું જ હોય, અમે તો ભાઈ, સાર્થકતામાં માનીએ છીએ, જેની સુગંધ સનાતન સત્ય જેવી ચિરંતન અને નિરંતર હોય!

મારા ગુરુ પાસે ડિશ જેવાં મોટાં મંજીરાથી માંડીને નાનકડી દીવી જેવડાં સાવ નાનાં મંજીરા — જાતજાતનો રણકાર કરતા મંજીરા છે.

આમ તો એમની પાસે મંજીરાનું આટલું મોટું મ્યુઝિયમ ન હોય, પણ મારા બાબુ અને મારા ગુરુ વચ્ચે બસ આ જ બાબતે ફરક છે કે બાબુ વાંઢો રહી ગયો મંજિરાને કારણે અને મારા ગુરુનું ઠેકાણે પડી ગયું એ પણ મંજિરાને લીધે જ! મારા ગુરુના તત્કાલીન ભાવિ સસરાને ખબર પડી કે અરે વાહ, છોકરાને તો મંજિરા વગાડવાનો જન્મથી જ શોખ છે, મારી દીકરીને ગાવાનો શોખ છે, જમાનો ગીત-સંગીતનો આવવાનો છે. છોકરી ભૂખે નહીં મરે... અને આમ મારા ગુરુનું ઠેકાણે પડી ગયું. વરસો વહી ગયાં. વાર તહેવારે ગુરુને તેમના સાસરે જવાનું થાય કે પછી સાસુ સસરાને મારા ગુરુના ઘરે આવવાનું થાય ત્યારે પોતાની દીકરીના હાથમાં સો એક રૂપિયા અને જમાઈના હાથમાં તદ્દન નવા મંજીરા મૂકવાનો વહેવાર સાસુ કે સસરો-બેમાંથી એકેય ચૂકે નહીં.

હું મારા ગુરુની મંજીરા ટેલેન્ટ કે આવડતને જોઈને નહીં, એમના મંજીરા જોઈને જ પ્રભાવિત થઈ ગયો. આમ તો હું કોઈનાથી પ્રભાવિત થાઉં એવો નથી, પણ મારા જેવું કોઈ મળી જાય, તો હું અચૂક પ્રભાવિત થઈ જાઉં છું. કોણ જાણે કેમ, મંજીરાને જોઉં છું એટલે મને એમ જ લાગે છે કે અમે એકબીજા માટે જ સર્જાયા છીએ! કોકને મંજીરા વગાડતા જોઉં છું ત્યારે એવો અનુભવ થાય છે કે એ મંજીરા નહીં, મને વગાડે છે! વગાડનાર ભલે મંજીરામય બની જાય છે, પણ હું તો સ્વયં મંજીરાની મૂર્તિમંત બની જાઉં છું. મારા ગુરુનો હાથ આમ તો સીસમના લાકડા જેવો, પણ મંજીરા ધારણ કર્યા પછી એ જ હાથ મને સિતારના હાથા જેવો નયનપ્રિય લાગવા માંડે! મંજીરાનો આ જ તો પ્રતાપ છે!

તબલાં શીખવા સહેલાં છે — આંગળીઓ અને હથેળીને છુટ્ટો દોર આપી દો એટલે પત્યું! અવાજ તો થવાનો જ છે! મંજીરામાં આવી સ્વતંત્રતા નથી હોતી. મંજીરા વગાડતી વખતે આંગળીઓને બંધનમાં — કાબૂમાં રાખવી પડે. છેવટે, પહેલી આંગળી અને અંગૂઠા વચ્ચે મંજીરાની દોરી ભરાવી જ રાખવી પડે. વાંસળી વગાડવી પણ સહેલી છે, ફૂંક મારો એટલે એ વાગવાની જ! મંજીરામાં ફૂંક મારવાની ન હોય, આપોઆપ નીકળી જાય, જો એક મંજીરું બીજા મંજીરા પર વાગવાને બદલે બીજા હાથની આંગળી પર વાગી જાય, તો!

આજે એક મ્યુઝિક — ઓર્કેસ્ટ્રા ગ્રૂપે મને પોતાના નાના મોટા ઈવેન્ટમાં મંજીરા વગાડવા માટે સાઇન કર્યો છે ત્યારે મને થાય છે કે મેં પણ બાબુની જેમ નાનપણથી જ મંજીરા વગાડવાનું શરૂ કર્યું હોત, તો આજે મારું પોતાનું ઓર્કેસ્ટ્રા ગ્રૂપ હોત અને હું ક્યાંનો ક્યાંય પહોંચી ગયો હોત!

મારો બાબુ મંજીરા વગાડવામાં કુંવારો રહી ગયો અને મેં લગ્ન પછી મંજીરા વગાડવાનું શરૂ કર્યું... મંજીરા તો બિચારા ક્યારેય ભેદભાવમાં માનતા નથી. ■

કોરોના કાળમાં લોકોની અગ્રતા બદલાઈ

યુરોમોનિટર ઇન્ટરનેશનલ માર્કેટ રિસર્ચ નામની સંસ્થાના ૨૦૨૧ના સર્વેક્ષણ રિપોર્ટમાં જે તારણો બહાર આવ્યાં છે, તેમાં એવું પણ જણાવાયું છે કે ૭૦ ટકા લોકોએ પોતાની જીવનશૈલી અને ખાનપાનમાં સુધારો કર્યો છે. યાને સમાજના બહુ મોટા વર્ગમાં પરિવર્તન આવ્યું છે. ખાનપાનમાં સુધારો એક બહુ મોટી ઘટના ગણાવી જોઈએ. રિસાઇકલ કરેલા સામાનનો વપરાશ વધ્યો. એ જ રીતે ખાદ્યસામગ્રીનો બગાડ કરવાની વૃત્તિ પણ ઓછી થઈ.

કોરોના મહામારીને પગલે આવેલા લૉકડાઉન અને એ પછી કોરોના સંક્રમણના બીજા ઘાતક વેવમાં અચાનક આપણી વચ્ચેથી અનેક સ્વજનોની ચિરવિદાયે જે આઘાતો આપ્યા એ આપણી સમગ્ર જીવનશૈલી પર ગહન છાપ છોડી ગયા છે. હજુ આપણે કોરોના સંક્રમણ કાળમાંથી સંપૂર્ણ મુક્ત થયા નથી, પરંતુ આપણે ગઈકાલ જ ગણાય એવા નજીકના ભૂતકાળની યાદને તાજી રાખવા ઇચ્છતા નથી. આપણી ઝંખના કોરોના પૂર્વેના આપણા જીવનક્રમને પુનઃ પ્રાપ્ત કરવાની છે. આપણી દોટ એ દિશા તરફની છે. આપણા પર્વોએ આપણને એ તક પણ આપી છે. તેમ છતાં કોરોના પ્રોટોકોલના પાલન અને ત્રીજા વેવની સંભાવનાની વારંવારની ચેતવણી આપણને જીવનશૈલીમાં બેફામ બનતા અટકાવે છે. સામાજિક પ્રસંગો અને પર્વોને સરકાર નિર્દેશિત મર્યાદામાં રહીને મનાવવાની મજબૂરી આપણી દહેશતને દૂર થવા દેતી નથી.

વ્યક્તિગત, પારિવારિક અને સામુદાયિક જીવનશૈલી પર કોરોના સંક્રમણ કાળના નિયંત્રણોએ તત્કાલીન અને દૂરગામી જે અસર ઉપજાવી છે, આચાર અને વિચાર પર જે ચાસ પાડ્યા છે, આપણી આદતોમાં પરિવર્તન અને પરિમાર્જન કરવાની ફરજ પાડી છે - એ બધું જ સમાજશાસ્ત્રીઓ અને તંત્ર વાહકો માટે એક મોટા અભ્યાસ અને સંશોધનનો વિષય બની રહ્યો છે. તેને કારણે દેશ અને વિદેશમાં ભિન્ન ભિન્ન સ્તરે અનેક પ્રકારનાં સર્વેક્ષણો ચાલી રહ્યાં છે. અવાર-નવાર તેનાં તારણો જાહેર કરાય છે. આમ છતાં આ પરિવર્તનો જેટલાં બાહ્ય છે એટલાં જ આંતરિક સ્તરના અને સૂક્ષ્મ પ્રકારનાં પણ છે અને એથી જ આ પરિવર્તનોનું સર્વાંગ સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થતાં ઘણો સમય લાગશે.

હાલ તુરત બાહ્ય જીવનમાં જે જલ્દી

ફેમિલી ઝોન

નજરે ચઢે તેવાં પરિવર્તનો છે તેમાં આપણી વિચારવાની રીત, આપણી નિર્ણાયકતા અને જીવનની અગ્રતાઓમાં જે બદલાવ આવ્યો છે તેનાં સર્વેક્ષણો અને જાહેર થયેલાં તારણો ઘણા સૂચક છે. જેમ કે પહેલાં જે લોકો બહારની દુનિયા અને પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપતા હતા એવા લોકો હવે પોતાને માટે અને પરિવારને માટે સમય આપવાની અગ્રતા ધરાવતા થયા છે. આ સર્વેક્ષણનાં તારણ અનુસાર લગભગ પાંચ વર્ષ પહેલાં એટલે કે ૨૦૧૬માં પ્રગતિની પ્રતિસ્પર્ધાની દોડમાં સામેલ ૨૧ ટકા લોકો જ 'મી એન્ડ ફેમિલી ટાઈમ' યાને પોતાની જાત અને પરિવાર માટેના સમયને અગ્રતા આપતા હતા તેમાં હવે ધરખમ વધારો થયો છે અને આ ટકાવારી હવે ૫૧ ટકાની થઈ છે. મતલબ કોરોના કાળ પછી પોતાને માટે અને પરિવાર માટે સમય આપવાની અગ્રતા ધરાવતા લોકોમાં ૩૦ ટકાનો વધારો થયો છે. સામાજિક અને પારિવારિક દૃષ્ટિએ આ એક બહુ મોટું પરિવર્તન છે અને તેના સામાજિક સૂચિતાર્થો પણ સમજવા લાયક બની રહેશે. તેનો મતલબ એ છે કે હવે વધુ ને વધુ લોકોને પોતાની જાતની કાળજી લેવાની સાથે પરિવારની કાળજી લેવાની અને પરિવાર માટે સમય ફાળવણીને અગ્રતા આપવાની અનિવાર્યતા મહેસૂસ થઈ છે, એટલું જ નહીં તો લોકો એ પ્રમાણે અમલ કરતા થયા છે. એક વખત તમે તમારી જાત માટે અને તમારા પરિવાર માટે સમયની અગ્રતા આપતા થાવ એટલે તમારા વ્યક્તિગત જીવન ઉપરાંત પારિવારિક જીવનની ગુણવત્તામાં પણ પોઝિટિવ યાને વિધેયાત્મક સુધારો થાય એ સ્વાભાવિક છે. આ પરિવર્તનને કારણે પરિવારની પ્રત્યેક વ્યક્તિ - પત્ની, બાળકો, માતા-પિતા, ભાઈ-બહેનના જીવનને પણ આ પરિબળ અસરકર્તા બનશે. એ અસરો કેવી રહી તેને માટે અલાયદા સર્વેક્ષણની આવશ્યકતા રહેવાની.

યુરોમોનિટર ઈન્ટરનેશનલ માર્કેટ રિસર્ચ નામની સંસ્થાના ૨૦૨૧ના સર્વેક્ષણ રિપોર્ટમાં જે તારણો બહાર આવ્યાં છે, તેમાં એવું પણ જણાવાયું છે કે ૭૦ ટકા લોકોએ પોતાની જીવનશૈલી અને ખાનપાનમાં સુધારો કર્યો છે. યાને સમાજના બહુ મોટા વર્ગમાં પરિવર્તન

> કોરોના કાળ પછી પરિવાર માટે સમય આપવાની અગ્રતા ધરાવતા લોકોમાં ૩૦ ટકાનો વધારો થયો છે. સામાજિક અને પારિવારિક દૃષ્ટિએ આ એક બહુ મોટું પરિવર્તન છે

આવ્યું છે. ખાનપાનમાં સુધારો એક બહુ મોટી ઘટના ગણાવી જોઈએ. આ સુધારામાં લૉકડાઉનની અસર જોવાય છે તેમ ઈમ્યુનિટી જાળવવા અને વધારવાના પ્રયાસરૂપે પૌષ્ટિક ખોરાક તરફનો ઝુકાવ પણ કારણભૂત ગણાય. સાથોસાથ તેમાં ખર્ચ ઘટાડવાનું આર્થિક પાસું પણ ભૂમિકા ભજવે છે. કોરોના કાળમાં લોકોની આવકમાં ઘટાડો થવાને કારણે ખર્ચમાં કાપ મૂકવાની ફરજ પડી. તેને કારણે ઘણા લોકોએ માંસાહારી ભોજન ઓછું કરીને ૩૦ ટકાથી વધુ ખર્ચમાં ઘટાડો કર્યો હતો. ખર્ચમાં ઘટાડો કરવાની આ વૃત્તિ - પ્રવૃત્તિ માત્ર ખાનપાન પૂરતી મર્યાદિત ન રહેતાં માલ-સામાનના વપરાશમાં પણ ફેરફાર જોવા મળ્યો. જેમ કે પ્લાસ્ટિકની તકલાદી વસ્તુને બદલે ટકાઉ માલસામાન પર પસંદગી વધી. ખરાબ સામાનને રિપેર કરીને વાપરવાનું ચલણ વધ્યું. રિસાઈકલ કરેલા સામાનનો વપરાશ વધ્યો. એ જ રીતે ખાદ્યસામગ્રીનો બગાડ કરવાની વૃત્તિ પણ ઓછી થઈ. એક બાજુ આ રીતે ખર્ચમાં ઘટાડા પછી નવી ખરીદીમાં પણ જરૂરિયાતનો જ સામાન ખરીદવાનું વલણ વધ્યું. જેના વિના ચલાવી શકાય તેમ હોય એવી કોઈ ખરીદી ન કરવાનું વલણ વધ્યું. ખર્ચ પરના આ નિયંત્રણનું એક કારણ એ પણ રહ્યું કે આવકમાં ઘટાડાને કારણે ખર્ચમાં કાપ સાથે બચત પર ધ્યાન કેન્દ્રિત થવા લાગ્યું. કેમ કે બીમારીના આકસ્મિક ખર્ચની જોગવાઈ રાખવાનું જરૂરી જણાવા લાગ્યું. સર્વેક્ષણ પ્રમાણે ૪૯ ટકા લોકોએ બચતની ટેવ પાડી. ૨૨ ટકા લોકોએ બહાર ખાવાનો અને ફરવાનો ખર્ચ ઘટાડી બચત કરી. ૨૫ ટકા લોકોએ કપડાં-બૂટ-ચંપલનો ખર્ચ ઘટાડ્યો.

આમ, કોરોના કાળમાં લોકોની જીવનશૈલીમાં આવેલા અને આવી રહેલા આવા બદલાવોની અસર ટૂંકાગાળાની તેમ જ લાંબા ગાળાની પણ રહેશે. કોરોના સંક્રમણ કાળમાં જીવનની વરવી વાસ્તવિક્તાના અનુભવે લોકોને ઘણા બોધપાઠ આપ્યા છે. લોકો સ્વયં વિચારતા અને સ્વયંભૂ સુધારા કરતા થયા છે. આવા વધુ સર્વેક્ષણો જરૂરી અને અપેક્ષિત છે. ■

કાલિકા ચાર બહેનો સાથે પૂજાય છે કાલીગ્રામમાં!

શક્તિરૂપેણી કાલીની કથા અથર્વવેદમાં છે. મહાભારતમાં પણ તેનો ઉલ્લેખ છે. દિવાળી ઊજવાતી હોય ત્યારે પશ્ચિમ બંગાળમાં ગામોગામ કાલી પૂજાય છે. વર્તમાનમાં દક્ષિણાકાલી પૂજાય છે, તે કાલિકાનું સર્જન સહુ પ્રથમ સાધક કૃષ્ણાનંદ આગમબાગીશે કર્યું એમ કહેવાય છે. આ સાધકે ઇષ્ટદેવી કાલિકાની અલગ કલ્પના કરી. જીવ અને જગતનું મંગલ કરવા કૃષ્ણવર્ણી, અસુરને હણવા હાથમાં ખડગ, આંખોમાં અપાર કરુણા અને કપાળમાં રેલાતું સિંદૂર જાણે ત્રીજું નયન!

આશરે સોળમી સદીમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુની ભૂમિ વૈષ્ણવ ક્ષેત્ર નવદ્વીપધામમાં રાગ ભક્તિ અને કીર્તન ચાલતાં ત્યારે શક્તિ, સાધના અને કરુણામયી માતૃ આરાધનાનો યુગ ઉદય કરવા કૃષ્ણાનંદ ભટ્ટાચાર્યે રાઘવભટ્ટ રચિત શારદા તિલકની ટીકા, તારાતંત્ર, તંત્રકૌમુદી, શક્તિ સંગમ તંત્ર, યોગિનીતંત્ર, શ્યામા રહસ્ય અને તત્ત્વચિંતામણિ જેવાં ૧૭૦ તંત્ર ગ્રંથોનો ગહન અભ્યાસ કરી બૃહદ તંત્રસારની રચના કરી. આથી જગતે કૃષ્ણાનંદ ભટ્ટાચાર્ય ઉપાધ્યાયને આગમબાગીશની મહાઉપાધિ આપી, કારણ કે તેમણે સર્વે માટે શક્તિ આરાધનાનાં દ્વાર ખોલી આપ્યાં. તેમણે તંત્ર-મંત્ર કલ્યાણમય અને મંગલદાયક રચ્યા.

સમય સાથે બદલાવ આવ્યો, પણ તે રૂપે મંગલા કાલી આજે પણ પૂજાય છે. દક્ષિણેશ્વરમાં રાણી રાસમણિએ નવરત્ન મંદિર બંધાવ્યું. અહીં શ્રીરામકૃષ્ણ પરમહંસ અને મા શારદા ભવતારણી કાલીની ભક્તિ કરતાં તે તંત્રમંત્રથી અલગ સમર્પણ અને સમાધિ લાગી જાય તેવી ભક્તિ હતી.

ઘર ઘરમાં કાલી પૂજા થાય, મોટા પાયે સાર્વજનિક કાલી પૂજા પણ થાય છે. કાલી, સરસ્વતી અને મહાલક્ષ્મી રૂપે પણ પૂજાય છે.

જોકે બર્દવાન જિલ્લાના મેમારીના આમાદપુરની કાલી પૂજા અનોખી છે. ગામ નાનું છે, પણ ૨૦૦થી વધારે કાલી પૂજા થાય છે. આ ગ્રામનું નામ પણ એટલે કાલીગ્રામ પડી ગયું છે. અહીં એવી માન્યતા છે, મા કાલીની ચાર બહેનો રહેતી. મોટી મા બે વચલી મા અને નાની મા એમ દર વર્ષે ચાર કાલી મા સાથે પૂજાય છે. ૫૦૦ વર્ષોનો ઇતિહાસ છે. આ પૂજામાં આમ તો ચાર બહેનો છે, પણ કાલીની જેમ જ દરેક વિધિ પ્રમાણે પૂજાય છે. આ અલૌકિક પૂજાની ઘણી દંતકથા છે, પણ કાલીગ્રામમાં કાલીના પરચા ઘણા છે. આ ગામમાં સિદ્ધેશ્વરી, બુઢી મા, ડાકાત કાલી, આનંદમયી મા અને ક્ષાપા મા જેવા નામે પણ કાલી પૂજા થાય છે. ચૈતન્યવાદ પછી વૈષ્ણવો વિખરાવા લાગ્યા હતા. તે સમયે દેવી શક્તિનો બંગાળમાં ઉદય થયો. મૂંડ માળાનું પ્રચલન તાંત્રિકોને કારણે આવ્યું. કાલીને માથે ઝગમગાટ કરતો મુગટ અને સ્વર્ણ અલંકારોથી તેમનો શૃંગાર થાય છે.

સાર્વજનિક હોય કે ઘરની પૂજા, કાલી પ્રગટ થાય એ માન્યતા હજી પ્રચલિત છે. મંગલ કરનારી માતા તરીકે દક્ષિણ મુખી દક્ષિણાકાલી પૂજાય છે. જે લોકો નામ, ગૌત્ર સાથે સંકલ્પ કરી પૂજા કરાવે અને જબાકુસુમનાં લાલ ફૂલો સાથે પેંડાનો પ્રસાદ ધરાવે માતા તેની પણ છે, જેઓ કર જોડી વંદના કરે, માતા તેનાં પણ દુઃખ કાપે છે. પહેલાં પશુ બલીનો રિવાજ હતો, હવે નથી. ધર્મ માનવતાનો રસ્તો સમયોસમય સરળ બનાવે છે, તેમ કાલી પૂજાનો ઇતિહાસ કહે છે. હવે ભોગમાં થાળ ફળો અને મિષ્ટાન્નથી ભરેલો હોય છે.

કાલીઘાટ પ્રાચીન કાલીક્ષેત્ર છે. ભૈરવી, બગલા, માતંગી, વિદ્યા, કમલા, બ્રાહ્મી, શક્તિ મહેશ્વરી, ચંડીરૂપે પૂજાય છે અને દિવાળીના દીવડા ટમટમે ત્યારે દીપાન્વીતા અમાવસ્યાની રાતે મહાલક્ષ્મી રૂપે પૂજાય છે!

મંદિરોના ઇતિહાસ જુદા હોય છે. દેવ અને દેવી તો ભક્તોનાં મનમાં જ હોય છે, તે સ્વરૂપે બનતાં હોય છે, જેને પ્રગટ થયાં એમ

બર્દવાન જિલ્લાના મેમારીના આમાદપુરની કાલી પૂજા અનોખી છે. ગામ નાનું છે, પણ ૨૦૦થી વધારે કાલી પૂજા થાય છે. આ ગ્રામનું નામ પણ એટલે કાલીગ્રામ પડી ગયું છે

પણ કહી શકાય છે. કોલકાતામાં ઠનઠનિયા કાલી મંદિરની કાલી મૂર્તિની પ્રતિષ્ઠા ડકૈતોએ કરી એવી માન્યતા છે, ત્યારે ત્યાં જંગલ હતું, શહેર વસ્યું અને ઘંટનો ટન..ટન જેનો અહીં ઉચ્ચાર ઠન...ઠન કરતાં એમ થાય છે એટલે નામ ઠનઠનિયા કાલી બાડી પડી ગયું. એમ બાઉબજારમાં એક વિદેશી ભક્ત એન્ટની કરિયાલ કાલી-શ્યામાના ગીત ગાતાં એટલે તે ફિરંગી કાલી મંદિર તરીકે ઓળખાય છે. દક્ષિણ કોલકાતામાં રવિન્દ્ર સરોવર પાસે હરિપદ ચક્રવર્તીએ શ્રી શ્રી ૧૦૮ કરુણામયી કાલી માતા મંદિરની સ્થાપના ૧૯૪૯માં કરી હતી. કરુણામયી કાલી ત્યાં નિત્ય પૂજાય છે, હવે તે લેક કાલીબાડી તરીકે પ્રખ્યાત છે.

કાલી પૂજા માતૃ વંદના છે. મા કાલીએ અસુરોના નિકંદન માટે સ્વરૂપ બદલ્યું, પણ જડમૂળમાંથી અસુરોનો નાશ કરી જ્યાં મહાદેવ સમાધિમાં હતા ત્યાં અટકી ગયાં, ત્રુટી સમજાઈ, શાંત થઈ ગયાં અને જીભ બહાર નીકળી ગઈ..! ■

તમારું વીક કેવું જશે?

૨૩ ઓક્ટોબરથી ૨૯ ઓક્ટોબર ૨૦૨૧

મેષ (અ,લ,ઈ): આ સમયમાં તમને કેટલાક સારા સમાચાર સાંભળવા મળશે. નોકરી માટે અરજી કરી હોય તો કોલ લેટર મળી શકે છે. નોકરિયાત વર્ગને કામમાં પ્રશંસા થશે. બઢતીના યોગ પણ છે.

વૃષભ (બ,વ,ઉ): આ સપ્તાહે તમારા માટે પોતાના પ્રણય જીવન અને પોતાના પરિવાર વચ્ચે તાલમેળ બેસાડવો જરૂરી રહેશે. કેટલીક ચિંતાઓમાંથી બહાર લાવવામાં તમારા જીવનસાથી તમને મદદ કરશે.

મિથુન (ક,છ,ઘ): તમારા જીવનના પાછલા સપ્તાહથી જે કમીઓ ચાલી આવી રહી હતી તે હવે દૂર થવા લાગશે અને તમારો વેપાર પણ પ્રગતિના પંથે આગળ વધવા લાગશે. તમારી જરૂરિયાત પૂર્ણ થશે.



કર્ક (ડ,હ): આ સપ્તાહની શરૂઆતમાં તમે પોતાના સંબંધો પ્રત્યે વધારે લાગણીશીલ રહેશો. નોકરિયાત વર્ગનો લોકોને લાભ થાય તેવા યોગ જોવા મળી રહ્યા છે. પ્રવાસ પર જવાની પણ સંભાવના છે.

સિંહ (મ,ટ): સપ્તાહની શરૂઆતમાં તમે પોતાના કામ પર પૂરું ધ્યાન આપશો, પરંતુ સાથે જ તમારું અંગત જીવન પણ તમારી પાસે સમય માગશે. સપ્તાહના મધ્ય સમય દરમિયાન તમારી આવકમાં વધારો જોવા મળશે.

કન્યા (પ,ઠ,ણ): આ સપ્તાહ તમને ઘણુ બધું વિચારવા માટે મજબૂર કરશે. તમારા ખર્ચમાં ઓચિંતો વધારો થઈ શકે છે. આ સમયમાં તમે થોડીક ગંભીર મુદ્રામાં હશો. તમારું દામ્પત્યજીવન ખુશીઓથી ભરપૂર રહેશે.

તુલા (ર,ત): આ સપ્તાહે તમારો આત્મવિશ્વાસ પરત ફરશે. આ સમયમાં તમારા સહકર્મચારીઓનો સહકાર પણ સારો એવો મળશે. પ્રણય જીવનમાં ખુશનુમા સ્થિતિ બની રહેશે. દરેક સ્થિતિ તમારા પક્ષમાં રહેશે.

વૃશ્ચિક (ન,ય): આ સપ્તાહની શરૂઆતના સમયમાં તમારે પોતાના આરોગ્યનું ધ્યાન રાખવું પડશે. તમે કોઈ માનસિક તણાવનો શિકાર બની શકો છો. નોકરિયાત વર્ગને કામના સંદર્ભમાં પ્રવાસ પર જવું પડી શકે છે.

ધન (ભ,ફ,ધ,ઢ): આ સપ્તાહે તમને કારણ વિનાની ચિંતાઓ પરેશાન કરી શકે છે. નાણાકીય મેનેજમેન્ટ આ સમયની તાતી જરૂરિયાત બની રહેશે. નોકરિયાત વર્ગને કાર્યકુશળતાના સારા પરિણામની પ્રાપ્તિ થશે.

મકર (ખ,જ): આ સપ્તાહ તમારી સહજ બુદ્ધિ તીવ્ર બનશે. જેનાથી કામમાં સફળતા પ્રાપ્ત થશે. આ સમય દરમિયાન તમે કોઈ મોટી પાર્ટીનું આયોજન કરી શકો છો. જ્યાં મિત્રો સાથે મુલાકાત કરવાની તક પ્રાપ્ત થશે.

કુંભ (ગ,શ,સ,ષ): આ સપ્તાહે દરમિયાન તમે પોતાની પારિવારિક ગતિવિધિઓમાં વધારે વ્યસ્ત રહેશો અને સાથે જ તમે તમારા પરિવારના લોકોની ઇચ્છાઓને પણ પૂર્ણ કરશો.

મીન (દ,ચ,ઝ,થ): સપ્તાહની શરૂઆતમાં જ તમારે પ્રવાસ પર જવાના યોગ છે. જેમાં તમે નજીકના લોકોને પણ સાથે લઈ જઈ શકો છો. મિત્રોનો સાથ મળશે. તમારા જીવનસાથી એના હૃદયની વાત મુક્તમને કહેશે.

સમસ્યા અને નિરાકરણ

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide
FOR ASTROLOGY DIAL 55181*

પ્રશ્ન : જ્યોતિષાચાર્યજી, હું મારી નવી કાર ક્યારે લઈ શકીશ? મારા જીવનમાં મારો ભાગ્યોદય ક્યારે થશે, કુટુંબનો પ્રેમ જળવાઈ રહેશે?

- વિક્રમ ભટ્ટ, સુરત

જવાબ : વિક્રમભાઈ, આપની નવી કારના બહુ સારા યોગ છે, જે જાન્યુઆરી ૨૦૨૨ની આસપાસ થાય છે. જે માટે આપ એ દિશામાં પ્રયત્ન કરવાનું શરૂ કરો. આપનો ભાગ્યોદય તો ૨૦૧૫થી પછી શરૂ થઈ ગયો છે, પણ રાહુની મહાદશાને કારણે આપને તેની ઇફેક્ટ ઓછી દેખાય છે. માટે તેના ઉપાય તરીકે આપ દર શનિવારે શનિ દેવનાં દર્શન કરવાનું શરૂ કરો. બહુ સારા પરિણામ મળશે. કુટુંબનો પ્રેમ જળવાઈ રહેશે અને આપ કુટુંબ માટે ઘણા સારા કામ પણ કરશો. જે આગળ જતાં આપને કુટુંબનો સાથ મળશે.

તમે પણ તમારી મૂંઝવતી સમસ્યાનું નિરાકરણ મેળવી શકો છો. પ્રશ્ન મોકલવાનું સરનામું : 'સમસ્યા અને નિરાકરણ', ' અભિયાન', સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. પ્રશ્ન મોકલતી વખતે જન્મનો સમય, સ્થળ, જન્મ તારીખ અને કુંડળી સાથે ત્રુટક લાઇનવાળી આ કૂપન અવશ્ય બીડવી.

જે-૧ વેવર

અમેરિકાના નોન-ઇમિગ્રન્ટ શ્રેણીમાં 'એક્સચેન્જ વિઝિટરો' માટે ખાસ પ્રકારના 'જે' વિઝા ઘડવામાં આવ્યા છે.

પરદેશી ડૉક્ટરો, પ્રોફેશરો, રીચર્સ સ્કોલરો, ટીચરો, ઇન્ટરનેશનલ વિઝિટરો, ગવર્મેન્ટ વિઝિટરો, ઉનાળાની રજામાં અમેરિકાની યુનિવર્સિટીમાં વૅકેશન કોર્સ કરવા આવતા પરદેશી વિદ્યાર્થીઓ વગેરે, વગેરે માટે આ ખાસ પ્રકારના નોન-ઇમિગ્રન્ટ શ્રેણીના 'જે' વિઝા ઘડવામાં આવ્યા છે.

અમેરિકાની હૉસ્પિટલોએ જે ભારતીય ડૉક્ટરોને એમને ત્યાં ઇન્ટર્નશિપ કરવા માટે પસંદ કર્યા હોય છે એમને તેઓ ફોર્મ ડીએસ-૨૦૧૯ મોકલાવે છે. એ દર્શાવીને અને બીજી બધી જે જે લાયકાતોની જરૂરિયાત હોય એ દેખાડીને ભારતીય ડૉક્ટરો અમેરિકાની હૉસ્પિટલોમાં તાલીમ લેવા જાય છે. તેઓ પોતાના દેશમાં તો ડૉક્ટરીનું ભણી ચૂક્યા હોય છે, પણ અમેરિકામાં જો એમણે પ્રેક્ટિસ કરવી હોય તો આ ઇન્ટર્નશિપ ઉપરાંત 'યુએસએમએલઈ' આ પરીક્ષાઓ આપવાની જરૂરિયાત રહે છે.

તેઓ સૌ પ્રથમ 'બી-૧/બી-૨' વિઝા ઉપર અમેરિકામાં પ્રવેશી ત્યાં લેવાતી યુએસએમએલઈની પરીક્ષા આપે છે. થોડો સમય ત્યાંની હૉસ્પિટલમાં 'ઑબ્ઝર્વશિપ' કરે છે. પછી એ હૉસ્પિટલમાં તાલીમ લેવા માટે ઇન્ટર્નશિપની અરજી કરે છે. જો હૉસ્પિટલ એમને પસંદ કરે તો ફોર્મ ડીએસ-૨૦૧૯ આપે છે. આ ફોર્મ મળતાં ભારતીય ડૉક્ટરો એમના દેશમાં આવેલ અમેરિકન એમ્બેસી યા કોન્સ્યુલેટમાં અરજી કરીને 'જે-૧' વિઝા મેળવી શકે છે.

જે-૧ વિઝાધારક ડૉક્ટરોને એમની ઇન્ટર્નશિપ દરમિયાન સારું એવું મહેનતાણુ આપવામાં આવે છે. એમને તાલીમ આપ વાનો અને મહેનતાણાનો જે મસમોટો ખર્ચો થાય છે એ ખર્ચો અમેરિકાની સરકાર અને ભારતની સરકાર, આ બેઉ સરકારો, સંયુક્ત રીતે ભોગવે છે.

ભારતીયો જ્યારે ભારતમાં એમબીબીએસ થવા માટે મેડિકલ કૉલેજમાં ભણે છે ત્યારે પણ ભારત સરકાર એ મેડિકલ કૉલેજો ચલાવવા માટે બહુ મોટી ગ્રાન્ટ આપે છે. એ વિદ્યાર્થીઓ જેઓ ડૉક્ટર થયા બાદ ભારત છોડીને અમેરિકામાં ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ કરવાનું અને ત્યાં જ રહેવાનું વિચારે છે ત્યારે વધુ તાલીમ મેળવવા જે-૧ વિઝા ઉપર અમેરિકામાં જાય છે, ત્યારે પણ ભારત સરકાર એમનો બહુ મોટો ખર્ચો ભોગવે છે.

આથી જે-૧ વિઝાધારક ડૉક્ટરો માટે એક 'ટૂ યર હોમ રેસિડેન્સી રીક્વાયરમેન્ટ'ની શરત લાગુ કરવામાં આવે છે, આની હેઠળ એ ભારતીય ડૉક્ટરે અમેરિકામાં એની ઇન્ટર્નશિપ પૂરી થાય, એને આપવામાં આવેલ જે-૧ વિઝાની મુદત પૂરી થાય, ત્યાર બાદ ફરજિયાત બે વર્ષ માટે ભારત પાછા આવવાનું રહે છે અને એના જ્ઞાનનો, જે એણે ભારત સરકારના ખર્ચે મેળવ્યું હોય છે, તેનો લાભ ભારતને આપવાનો રહે છે. એ સિવાય તેઓ અમેરિકામાં કોઈ પણ વિઝા ઉપર, નોન-ઇમિગ્રન્ટ કે ઇમિગ્રન્ટ, રહી શકતા નથી. ત્યાંનું ગ્રીનકાર્ડ મેળવી શકતા નથી. ત્યાં ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ કરી શકતા નથી.

આવા ભારતીય ડૉક્ટરો એમની ઇન્ટર્નશિપ પૂરી થાય, જે-૧ વિઝાની મુદતનો અંત આવે, ત્યાર બાદ 'એચ-૧બી' વિઝા કે લગ્ન કરીને 'ઇમિજેટ રિલેટિવ' તરીકે અથવા તો 'ફેમિલી પ્રેફરન્સ સેક્ન્ડ એ કેટેગરી' હેઠળ ગ્રીનકાર્ડ મેળવીને કે પછી 'ઇબી-૫ પ્રોગ્રામ' હેઠળ અમેરિકામાં પાંચ લાખ ડૉલરનું રોકાણ કરીને ગ્રીનકાર્ડ મેળવીને ત્યાં રહેવાની ઇચ્છા ધરાવે તો તેઓ એવું કરી નથી શકતા. એમને 'સ્ટેટસ ચેન્જ' કે 'સ્ટેટસ ઍડજસ્ટ' કરવાની પરવાનગી આપવામાં નથી આવતી. એમણે સૌ પહેલાં બે વર્ષ માટે ભારત પાછા આવીને એમના જ્ઞાનનો ભારતને લાભ આપવાનો રહે છે. ત્યાર બાદ જ તેઓ ફરી પાછા અમેરિકામાં એમની લાયકાત મુજબના કોઈ પણ પ્રકારના નોન-ઇમિગ્રન્ટ યા ઇમિગ્રન્ટ વિઝા મેળવીને પ્રવેશી શકે છે.

મોટા ભાગના ભારતીય ડૉક્ટરો જેઓ જે-૧ વિઝા ઉપર અમેરિકામાં ઇન્ટર્નશિપ કરવા ગયા હોય છે તેઓ એની મુદત પૂરી થતાં એમને આપવામાં આવેલ જે-૧ વિઝાની મુદત પૂરી થતા ભારત પાછા આવવાનું પસંદ નથી કરતાં. એમને અમેરિકામાં જ રહી જવું હોય છે. અમેરિકાની હૉસ્પિટલોમાં કામ કરવું હોય છે. અમેરિકામાં પોતાની ખાનગી કન્સલ્ટિંગ રૂમો ખોલીને પ્રેક્ટિસ કરવી હોય છે.

જેમને આવી ઇચ્છા હોય છે એમણે જે-૧ વિઝા જોડે જોડાયેલ ટૂ યર હોમ રેસિડેન્સી રીક્વાયરમેન્ટમાંથી છુટકારો મેળવવો પડે છે. આ માટે એમણે અમેરિકાની સરકારને તેમ જ ભારતની સરકારને આ શરતમાંથી મુક્તિ આપવા માટે વેવરની અરજી કરવાની રહે છે.

ભારતીય ડૉક્ટરો ઉપરાંત ઉપર જણાવ્યા મુજબ બીજા અનેક ભારતીય પ્રોફેશનલો જુદાં જુદાં કારણોસર તાલીમાર્થે ટૂંક સમય યા લાંબો સમય માટે જે-૧ વિઝા મેળવીને અમેરિકા જતા હોય છે. આ બધા જ જે-૧ વિઝાધારકોને ટૂ યર હોમ રેસિડેન્સી રીક્વાયરમેન્ટની શરત લાગુ નથી પડતી. તેઓ જે-૧ વિઝા ઉપર અમેરિકા જઈને ઇચ્છે તો ત્યાં પોતાનું સ્ટેટસ ચેન્જ યા ઍડજસ્ટ કરી શકે છે. લગ્ન કરીને તેમ જ ઇબી-૫ પ્રોગ્રામ હેઠળ ગ્રીનકાર્ડ મેળવી શકે છે. ટૂ યર હોમ રેસિડેન્સી રીક્વાયરમેન્ટ ફક્ત ડૉક્ટરો અને બીજા ખાસ એવા જે-૧ ધારકો જેમની અમેરિકાની તાલીમ માટે ભારત સરકારે તેમ જ અમેરિકાની સરકારે ખર્ચો ભોગવ્યો હોય એમને જ લાગુ પડે છે.

ભારતીય ડૉક્ટરો જેઓ જે-૧ વિઝા ઉપર અમેરિકા ગયા હોય છે અને એમને ટૂ યર હોમ રેસિડેન્સી રીક્વાયરમેન્ટ લાગુ પડતો હોય છે એમણે જો અમેરિકામાં રહેવું હોય તો અમેરિકાની સરકારને તેમ જ ભારતની સરકારને વેવરની અરજી કરવાની રહે છે.

વેવરની આ અરજી કોણ કરી શકે? કયા સંજોગોમાં કરી શકે? અમેરિકામાં તેમ જ ભારતમાં કોને કોને કરવાની હોય? એ મેળવવા માટે શું શું દર્શાવવું પડે આ સઘળી જાણકારી 'અભિયાન'ના વાચકોને વિઝા વિમર્શના આવતા અઠવાડિયાના લેખમાં જણાવવામાં આવશે. ■

'કાકાસ...' ક્રિયા એમને આમ ઢળી પડેલા જોઈને હેબતાઈ ગઈ. ટૉર્ચના અજવાળામાં ડૉક્ટરના હાલ જોઈને એ છળી ગઈ. કાકાસ જોર જોરથી હાંફતા હતા. એમનો શ્વાસ ફૂલી ગયો હતો. મોઢામાંથી ફીણ આવતાં હતાં. એમનો બ્લુ શર્ટ અને ઓફ વ્હાઇટ પેન્ટ મેલાંઘેલાં હતાં, એમનું પેન્ટ ઘૂંટણ પરથી ફાટી ગયું હતું. આટલી મોડી રાતે કાકાસ આવી રીતે અને આવી હાલતમાં કેમ છે? ક્રિયાએ એમને ઊઠાડવાની કોશિશ કરી.

'કાકાસ...કાકાસ....વ્હોટ હેપ્પન?' પણ ડૉક્ટરનો શ્વાસ એટલો ફૂલી ગયો હતો કે એ બોલી શકતા ન હતા. ક્રિયાએ એમને ઢંઢોળવાની કોશિશ કરી ત્યારે માંડ માંડ એમણે આંખ ખોલી,

'પાણી...પાણી...' એટલું બોલતાં એમણે ફરી આંખ મીંચી દીધી. ક્રિયા દોડીને પાણી લાવી. એમને સહેજ બેઠા કરવાની મહેનત કરી, પણ એ થઈ શક્યા નહીં. એટલે પછી એમના મોઢામાં જ પાણી રેડ્યું. સૂતા સૂતા જ ડૉક્ટરે બે-ચાર ઘૂંટડા પાણી પીધું, પણ એમને હજુ પીવાની ઇચ્છા છે તે ખ્યાલ આવતો હતો. ધીરે ધીરે એ આખી બોટલ પી ગયા. થોડીવારે જરા એમને કળ વળી.

'કાકાસ...હવે જરા બેઠા થવાની કોશિશ કરો, હું તમને ઘરની અંદર લઈ લઉં.' ક્રિયાએ એમને હિંમત આપી. ડૉક્ટરે તે સાંભળ્યું છે તે એમના ચહેરાના હાવભાવ પરથી ખ્યાલ આવ્યો, પણ એમણે ડોકું હલાવી ના પાડી. ક્રિયા હવે મૂંઝાઈ ગઈ. હાલ તો ગોબર, આયા, બાહાસ ખુદ જ એટલાં વીક છે કે એમને મદદ કરવા બોલાવી ન શકાય. ભલીને બોલાવી શકાય, પણ એ ય બિચારી થાકીને સૂતી છે. એટલે ક્રિયાએ જાતે જ રુસ્તમકાકાસને અંદર ખસેડવાનું નક્કી કર્યું. ખાવા-પીવાના શોખીન ડૉક્ટર ભલે પાંચ ફૂટ એક ઇંચની લંબાઈ ધરાવતા હોય, પણ એમનું વજન પંચોતેર કિલો તો હશે જ. ક્રિયાએ એમનાં બાવડાં પકડીને હતું એટલું બળ લગાવીને ખસેડ્યા. ત્યારે માંડ એમને એ બારણાની વચ્ચેથી ઘરમાં લાવી શકી. બસ, હાલ પૂરતું આટલું બસ છે.

દરવાજો બંધ કરીને એણે સોફા પરથી તકિયો લઈને કાકાસના માથા નીચે મૂક્યો. પછી ટમ્બલરમાં પાણી લઈને નેપ્કિનથી એમનો ચહેરો લૂછ્યો. ચહેરા પરની ધૂળ-માટી દૂર થઈ એટલે રુસ્તમકાકાસની ગોરી ગોરી ચામડી પર કોઈ મૂઢ માર વાગ્યો હોય તેવા બે-ત્રણ ચકામા દેખાયા. એમના હોઠ સૂજી ગયા હતા. ક્રિયાએ ફરી ડૉક્ટરને ભાનમાં લાવવાની કોશિશ કરી,

'કાકાસ ઊઠો...શું થયું? કાકાસ તમારી આવી હાલત કેમ થઈ?' પણ ડૉક્ટરના માત્ર હોઠ ફફડ્યા. એમણે બહુ મહેનતથી આંખો ખોલી, સૂજી ગયેલા હોઠને કારણે એમને બોલવામાં ખૂબ તકલીફ પડતી હતી... એમાંથી અસ્પષ્ટ શબ્દો સંભળાયા...

'લેટ મી રેસ્ટ!'

ક્રિયા કશો જવાબ આપે તે પહેલાં ડૉક્ટરે આંખ મીંચી દીધી. ક્રિયા મૂંઝાઈ ગઈ. મનમાં ઊઠતાં બધા સવાલના જવાબ રુસ્તમકાકાસ બોલી શકે તેવી હાલતમાં આવે તે પછી જ મળવાના હતા એટલે

જેણે જિંદગીના ચાલીસ વર્ષ જંગલમાં ફોરેસ્ટર તરીકેની જોબ કરી હોય એ માણસ આવી નાની-મોટી બીમારીમાં બે દિવસ બિસ્તરમાં પડી રહેતો હશે? ક્રિયા એના બાહાસને ચાલીને જતા જોઈ રહી

સૌથી પહેલું કામ ક્રિયાએ એમના શર્ટ અને પેન્ટ સહેજ ઊંચા કરીને ચેક કર્યું કે શરીર પર કશે ઈજા થઈ નથી ને! મોઢા સિવાય કશે વાગ્યાનું કોઈ નિશાન ન હતું ખાલી પેન્ટ ફાટ્યું હતું ત્યાં થોડું વાગ્યું હતું. ત્યાં ડ્રેસિંગ કરીને કૂલિંગ પેડ લઈને એણે થોડીવાર ડૉક્ટરના મૂઢ માર પર મૂક્યું જેથી એમને રાહત થાય. ફ્રીજમાંથી બરફ કાઢીને ઘસ્યો. એમ કરવાથી થોડો દુ:ખાવો થયો અને ડૉક્ટરના મોઢામાંથી ઊંહકારા નીકળ્યા.

'કાકાસ થોડી હિંમત કરો...અને સોફા પર સૂઈ જાવ... નીચે શરીર જકડાય જશે.' ડાંગમાં ચોમાસામાં પણ શિયાળા જેવું રાતે ટાઢોડું થઈ જાય છે. મહામહેનતે ક્રિયાએ પોતાના ખભાનો આધાર લઈને એમને સોફા પર સૂવડાવીને સૂજની ઓઢાડી દીધી. ઘડિયાળમાં જોયું તો ચાર થવા આવ્યા હતા. પાંચ વાગે તો ભલી ગાય દોહવા આવશે, પણ એને હજુ એક કલાકની વાર છે એટલે થોડીવાર આરામ કરવા માટે એણે ડ્રોઈંગ રૂમના સોફા પર જ લંબાવ્યું, પણ ઊંઘ આવી નહીં, રુસ્તમકાકાસની હાલત વિશે જાત જાતના વિચાર આવ્યા કરતા હતા.

પાંચ વાગતા જ ગોબરના ઘરનું બારણુ ખૂલવાનો અવાજ આવ્યો એટલે ક્રિયાએ દરવાજો ખોલ્યો, તો ભલી વાસીદું કરવા જતી હતી. ગોબરની તબિયતમાં સુધારો છે, પણ રાતે ય હજુ વોમિટ થઈ હતી. ભલી થોડીવારમાં દૂધ લાવી એટલે ક્રિયા બાઈક પર કેન લટકાવીને દૂધ ડેરીમાં ભરી આવી. પાછી આવી ત્યારે બાહાસ અને આયા જાગી ગયા હતા. બાહાસને હજુ ફીવર હતો, આયા પ્રમાણમાં ઠીક હતા, પણ બંનેને ભારે નબળાઈ હતી. કાલે આખા દિવસમાં ખાસ લિક્વિડ ખોરાક પણ પેટમાં ગયો ન હતો. પણ તો ય રુસ્તમકાકાસના ખબર આપ્યા એટલે રવિભાઈ પથારીમાંથી ઊભા થઈને બહાર ડ્રોઈંગરૂમમાં જીદ્દ કરીને આવ્યા. ક્રિયાએ એમને ટેકો આપવા હાથ પકડ્યો, પણ એમણે છોડાવી દીધો.

જેણે જિંદગીના ચાલીસ વર્ષ જંગલમાં ફોરેસ્ટર તરીકેની જોબ કરી હોય એ માણસ આવી નાની-મોટી બીમારીમાં બે દિવસ બિસ્તરમાં પડી રહેતો હશે? ક્રિયા એના બાહાસને ચાલીને જતા જોઈ રહી. હજુ પંચાવન વર્ષની ઉંમરે પણ એ એટલા જ મજબૂત છે. હજુ ય રોજના પંદર-વીસ કિલોમીટર રમતાં રમતાં ચાલી નાંખે. બસ કોઈ પંખીને જોવાની ધૂન ઊપડવી જોઈએ. એકવાર શામા (ડાંગના જંગલમાં જોવા મળતું ખૂબસૂરત મીઠાં ગીત ગાતું પક્ષી)ના ફોટા લેવા માટે સતત ત્રીસ કિલોમીટર ચાલ્યા હતા. બીજા ડાંગી કરતાં એ સહેજ ઊંચા અને વાને સહેજ ઘઉંવર્ણના છે. શારીરિક મહેનત કરવાને કારણે શરીર ખૂબ કસાયેલું છે. બસ, ચહેરા પર ઉંમરના કારણે સહેજ કરચલીઓ પડી છે.

ઘાયલ ડૉક્ટરને જોઈને એમને ચિંતા થઈ. સવારે આઠ વાગે ડૉક્ટરે આંખો ખોલી ત્યારે સામે જ રવિભાઈને બેઠા જોઈને સીધા ખિજાયા,

"તારી જાતને બૌ બહાદુર સમજતો છે તે મારી સામે બેઠો છે'વ?" બોલતા તો બોલી ગયા, પણ ડૉક્ટરના મોઢામાંથી દર્દના ઊંહકારા જ નીકળી ગયા.

'રહેવા દે' રુસ્તમિયા.. તારાથી બોલાતું જ નથી પછી શું લેવા બોલતો છે?' બંને મિત્રોને ક્રિયા આમ ઝગડતાં જોઈ રહી. બંને કોઈ દિવસ શાંતિથી વાત કરી જ નથી શકતા. કંઈ પ્રકારની દોસ્તી છે તે એની સમજની બહાર હતું.

'રાતે શું થયું?' ક્રિયાએ બંને ઝઘડતા બંધ થઈને મુદ્દાની વાત કરે એટલે પૂછયું,

'બહુ લાંબી સ્ટોરી છ...ટને ક'ઉ મને જરા ફ્રેશ થઈ જવા દે! ચાલ હાથ દે તો જરા!' ક્રિયાની હેલ્પથી ડૉક્ટર ઊભા તો થયા, પણ પગ સખત કળતા હતા. માંડ માંડ ફ્રેશ થયા, બધાં માટે ચા-નાસ્તો ક્રિયા લઈને આવી.

એણે બંટી માટે ભડકું બનાવ્યું હતું... જેથી ત્રણેય જણ ખાઈ શકે, રુસ્તમકાકાસને હોઠ દુ:ખતા હતા, બાહાસ અને આયાને પેટમાં દુ:ખાવો હતો. રુસ્તમકાકાસની સૂચના મુજબની દવા ક્રિયાએ ત્રણેયને વિઝિટિંગ બેગમાંથી આપી. આયાના કહેવા મુજબ ક્રિયાએ રુસ્તમકાકાસના ઘાવ પર હળદરનો લેપ લગાવ્યો હતો એટલે એમની ગોરી ચામડી પર જાણે પીઠી ચોળી હોય તેવું લાગતું હતું. ગોબરને જોવા ડૉક્ટર જઈ શકે તેમ ન હતા એટલે ક્રિયાએ જ કાલની નિડલમાં સેલાઈન ચડાવી. રવિભાઈ તથા આયાને પણ સેલાઈન ચડાવી તે પછી ડૉક્ટર માટે ક્રિયાએ આરામખુરશી એમના રૂમમાં જ ઢાળી આપી, એટલે એમણે પોતાની સ્ટોરી ચાલુ કરી,

'પેશન્ટ બ'ઉ હતા. તેમને જોતા જ આઠ વાગી ગયા... મને એમ કે નવ વાગે પહોંચી જ ગયો સમજો... પન..!' રુસ્તમઅંકલે સિસકારો બોલાવ્યો. એમના હોઠ પર હજુ સોજો હતો.

આજુબાજુના ગામમાંથી લોકો મોટા ભાગે સોમવારે જ ખરીદી કરવા આહવા આવે. એટલે તે દિવસે રોજ કરતાં દવાખાનામાં વધુ ભીડ થાય.

'મહલ સુધીનો રસ્તો ટો કાપી નાંખેલો... બસ પછીથી આગર એક-બે કિલોમીટર ચાલ્યો તે પંક્ચર પડ્યું. મેં ટાયર બદલાવતો હું'તો અને બાઈક પર આવતાં બે જણા આવીયાને મને અથડાયા. રાસ્કલોને ગાડીની હેડલાઈટ 'ની દેખાય? એમણે મને લૂંટી લીધો. મેં જરા તરા જોર કર્યું તો બે મુક્કા ઠોકી દીધા.

મારા ટાયરમાંથી હવા કાઢી નાંખી. મારો મોબાઇલ લઈ ગયા... પછી મેં ચાલતો થીયો. મને એમ કે રસ્તામાં કોઈ ફોરેસ્ટર પેટ્રોલિંગ કરતાં હશે તો મને છોરી દેશે... મૂઆ કોઈ દેખાયા જ નંઈ ને! અંધારામાં રસ્તો ભૂલી ગયો... પડતો આખડતો આવીયો..' રુસ્તમઅંકલ આટલું બોલી રહ્યા ત્યાં રવિભાઈ વચ્ચે બોલી પડ્યા,

'ગામ આખાને ચાલવાની શિખામણ આપે છે તે ડૉક્ટર રુસ્તમ એક કિલોમીટર પણ ચાલતો નથી અને આજે સાત-આઠ કિલોમીટર ચાલ્યો તેમાં અધમૂઓ થઈ ગયો...' રવિભાઈએ મજાક કરી 'ને આયા સહિત બધાં હસી પડ્યા. પછી બધાં પ્રાતઃક્રિયામાં પડ્યા એટલે રૂમમાં રવિભાઈ એકલા થયા એવા જ ગંભીર થઈ ગયા. પોતાનો બાપ આ ગામનો પાટીલ (સરપંચ) હતો, એ પછી પોતે થયો. એ સમયથી આજ સુધી કદી એવું બન્યું નથી કે મહેલથી બરડીપાડાના અગિયાર કિલોમીટરના રસ્તે ગાઢ જંગલ આવતું હોવા છતાં કોઈ લૂંટફાટ થઈ હોય. એમને શક ગયો કે કોઈકે જાણીજોઈને આ કર્યું લાગે છે, પણ હાલની પરિસ્થિતિ જોતા ઘરમાં આ વિશે વાત કરવાનું ટાળ્યું, નાહક ક્રિયા ડરી જાય. પહેલાં જાતે તપાસ કરીને ખાતરી કરી લેવી.

'બહુ લાંબી સ્ટોરી છ... ટને ક'ઉ મને જરા ફ્રેશ થઈ જવા દે! ચાલ હાથ દે તો જરા!' ક્રિયાની હેલ્પથી ડૉક્ટર ઊભા તો થયા, પણ પગ સખત કળતા હતા. માંડ માંડ ફ્રેશ થયા, બધાં માટે ચા-નાસ્તો ક્રિયા લઈને આવી

દસેક વાગે ગણેશ આવ્યો એટલે એને ડૉક્ટરની કાર રિપેર કરીને અહીં પહોંચતી કરવાનું કહ્યું અને રવિભાઈએ પૂછી લીધું,

'કાલે રાતે ગામમાં કોઈ આવેલું?' ગણેશ જીપના ફેરા મારતો હોય એટલે એનું ધ્યાન હોય.

'કાલ તો મેં જ બોવ મોડેથી આયવો, તે ફિલ્મ જોતાં સીધો ઊંઘી ગયેલો.' ગણેશ રાતે નવ વાગે સૂઈ જવા માટે કુખ્યાત છે, એટલે રવિભાઈને આટલા ટેન્શનમાં પણ મોં પર હસવું આવ્યું. મતલબ કે ગણેશ આઠેક વાગે તો આવી ગયો હોય એટલે હવે કોને પૂછવું કે રાતે કોઈ આવ્યું હતું કે નહીં, કારણ કે ડૉક્ટર પર હુમલો તો રાતે નવ પછી થયો.

ગામની નિશાળ પાસે મોટું વડનું ઝાડ છે તેના પર ચોરા જેવું બનાવ્યું છે. ગામના છોકરાંઓ ત્યાં ભેગાં થઈને બેઠાં હોય. રવિભાઈએ એમાંથી કોઈને પૂછવા મોબાઇલ લગાવવાનો પ્રયત્ન કર્યો, પણ સિગ્નલ ન હતા. અત્યારે એવી તાકાત ન હતી કે ટાંકી પર ચડીને ફોન થાય. એમણે ગણેશને જ કામ સોંપ્યું;



આ અઠવાડિયાની

દસ બેસ્ટ સેલર બુક્સ

"અભિયાન"ના વાચકો માટે ખાસ ઓફર

આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ મેળવો

બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. • ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

અહમ્ બ્રહ્માસ્મિ	: પ્રાચીન હિંદુ વિચારધારામે સજીવન કરતી કથા, એક અંતિમ પ્રયોગ	ડૉ. નિમિત્ત ઓઝા	₹ ૨૫૦.૦૦
કોઈ વાર થાય કે...	: માણસના સાયુકલા અસ્તિત્વને ઓળખતી સઘન વાર્તાઓ	વર્ષા અડાલજા	₹ ૨૦૦.૦૦
ધ ફસ્ટ ડે	: લાઈફનો રાઈટ ટર્ન નોવેલ ફોર્મમાં	ગૌરાંગ દરજી	₹ ૨૫૦.૦૦
જિંદગીનું પંચામૃત	: તમારી પસંદની જિંદગી કેવી રીતે જીવશો?	ડૉ. વિજય ઠક્કર	₹ ૧૨૦.૦૦
સ્પીકિંગ ધ મોદી વે	: શ્રી મોદીજીની બોલવાની છટા	વિરેન્દર કપૂર	₹ ૧૯૯.૦૦
ધ બૂક ઓફ ઇચિગો ઇચી	: ઇકીગાયાના બેસ્ટ સેલિંગ લેખોકોનું નવું પુસ્તક	હેક્ટર ગાર્સિયા	₹ ૩૫૦.૦૦
કુદરતી આહાર દ્વારા સ્વાસ્થય પ્રાપ્તિ	: તેની વિસ્તૃત સમજણ	ડૉ. બ્રિજ ભૂષણ ગોયેલ	₹ ૧૯૯.૦૦
શિવામ્બુ ચિકિત્સા	: અનેક રોગોમાં ઉપયોગી, સહેલાઈથી પ્રાપ્ત	ડૉ. રાજ ઉપાધ્યાય	₹ ૧૦૦.૦૦
મિલે સૂર	: ઉપશાસ્ત્રીય ફિલ્મી ગીતોનો અનોખો સંગ્રહ (૪થી એડીશન)	નંદિની ત્રિવેદી	₹ ૪૦૦.૦૦
વાનગીઓ વેદિક દૃષ્ટિકોણ અને આર્યુવેદ	: એક સંપૂર્ણ જીવનશૈલી	ડૉ. રક્ષા એસ. ભટ્ટ	₹ ૯૦૦.૦૦

નટરાજ બુક સેન્ટર : ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વોટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯ **ફોન નં. ૦૭૯-૨૬૫૮૭૯૩૦**

પોકેટ બુક સેન્ટર : અમદાવાદ. ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૭૩૨ Email : natraj1963@gmail.com, www.booksforyou.co.in

આવી ચિરૂટ કશે જોઈ છે! અને એને સ્ટ્રાઇક થઈ, આ ચિરૂટ એણે ક્યાં જોઈ હતી! જાણે વાઘ જોયો હોય તેમ ક્રિયા ડરથી સટાક કરતી ઊભી થઈ ગઈ. ગાયોને ગામ તરફ વાળી પણ ગાયોની ચાલ એને ધીમી લાગી

'નિહાળ પાસે બેઠેલાં છોકરાંઓને જરા પૂછતો આવજે'ની..રાતે બાઇક પર કોણ આવેલું તે!'

'જીસાયેબ..' ગણેશ હજુ તો જવાબ આપ્યો ત્યાં ક્રિયા આવી,

'નાહરી(નાસ્તો) કરવાનો?' ક્રિયાએ પૂછ્યું, પણ ગણેશ જવાબ આપે તે પહેલાં એણે એને હાથમાં ભૈડકું આપી દીધું.

બપોરે બધાં આરામ કરતાં હતાં ત્યારે ક્રિયાએ ગાયને થોડીવાર જંગલમાં ચરાવવા લઈ જવા વિચાર્યું. કાલની ગાય ગોઠાણમાં જ છે. વળી કાલે રાતે બળદ પર હુમલો થયો છે એટલે જરા જંગલમાં ફેરવી લાવવાથી ગાયોને સારું લાગશે. એમ વિચારી ભલીને ઘરનું અને બધાંનું ધ્યાન રાખવાની સૂચના આપીને એણે ગાયો છોડી. રોજના રસ્તે ગાય ચાલવા લાગી. કોઈ પણ ડાંગી જંગલમાં જાય ત્યારે કુહાડી, ગોફણ અને કૂતરો તો સ્વબચાવ માટે સાથે રાખે તે ક્રિયા પણ ગળથૂથીમાં શીખી છે.

કુહાડી એણે કમર પર અને ગોફણને ખભે ભરાવી એ પાછી ફરતી હતી ત્યાં પગને ઠેબું આવ્યું. એણે નીચે જોયું તો પંજેટી (ત્રણ-ચાર લાંબા દાંતાવાળું ઘાસ વગેરે ઉપડાવાનું સાધન) પડી હતી.

'મજૂરોના કામમાં ઠેકાણા નથી. ગમે તેમ સાધનો રખડતા મૂકી દે... હવે કોઈ અંધારામાં આવે તો વાગી જાય ને?' ક્રિયાએ પંજેટી હાથમાં લઈને ભીંત પર ટેકવી એવું જ એનું ધ્યાન એના દાંતા પર ગયું. ત્યાં કશું સહેજ ઘેરા કથ્થઈ કલરનું જામી ગયેલું દેખાયું એણે નજીક લઈને જોયું. ના, આ માટી ન હતી. માટી તો ખુરદરી હોય. આ તો કશું લીસા ગઠ્ઠા જેવું હતું. ગાય ભાંભરી એટલે પછી ક્રિયાએ પંજેટીને સરખી મૂકીને ઝડપથી દોડી. વળી ગાયો ઉતાવળી જતી રહેશે તો પોતે એમને પકડી ન શકે. દુધાળા ઢોર જંગલમાં રેઢા ન મૂકાય. ગાયો ચરતી ચરતી જંગલમાં રોજના રસ્તે વળી ક્રિયા પણ એની પાછળ ઝાડ-પાન જોતી ચાલવા લાગી.

નાનપણથી ક્રિયા આ જંગલમાં ખૂબ ફરી છે. બાહાસએ પાંચમા ધોરણથી સુરત સ્કૂલમાં ભણવા મૂકી ત્યારે શરૂઆતમાં તો એને સુરત ગમતું જ ન હતું. ત્યાં વધુ ફેસિલિટી હતી પણ બધું બંધિયાર લાગતું. હોસ્ટેલના એક રૂમમાં બે-ચાર છોકરીઓ સાથે આખો દિવસ પુરાઈને રહેવાનું, પણ ધીરે ધીરે ટેવાઈ ગઈ. પણ જેવી રજા પડે તેવી સીધી બરડીપાડા દોડી આવે. ઘરે આવીને સીધી ગાયોને લઈને જંગલમાં ભાગતી. ઝાડ ઝાડ પાને પાને હાથ ફેરવતી એ એના જેવા છોકરા સાથે ફરતી રહેતી. નદીમાં બધાં સાથે ભેખડ પરથી કૂદકા મારતા. મહુડાના ઝાડ પરથી પડતા પાકા ફૂલો વીણીને ખાતાં. નદીમાંથી માછલી કે કાચબા જે મળે તે કરગઠિયા ભેગાં કરીને ચૂલો બનાવીને શેકીને ખાઈ લેતા. કેટલી મસ્ત જિંદગી હતી.

હવે સમય વિના આ જિંદગી કડવી ઝેર જેવી થઈ ગઈ છે. કાલથી સમયને એ ભૂલી ગઈ હતી ત્યાં અત્યારે એકલી પડી એટલે ફરી સમયે મનનો કબજો લઈ લીધો.

સમય સમય... આઈ મિસ યુ સો મચ..! ક્રિયા ઘાસ પર બેસી પડી. સમયનો સોહામણો ચહેરો એને દેખાયો. કેવા મજાના દિવસો હતા. એ અને સમય અને અફાટ જંગલના રસ્તાઓ. બંને બાઇક પર વરસાદમાં નીકળી પડતાં. કદીક વઘઈનો ગિરા ધોધ તો કદીક અંજની કુંડ કદીક પિંડવળ સુધી પણ જતાં. ગરમાગરમ મકાઈ ખાતા. કાળી ચા પીતા. વરસાદી માહોલ, જંગલની સુંદરતા અને ગમતો સાથ. એથી વિશેષ સુખની વ્યાખ્યા બીજી શું હોય?

ક્રિયાએ ગોઠણ પર માથું ઢાળી દીધું, આંખોમાં આંસુ ટપકવા લાગ્યા. પ્રિયજનનું મૃત્યુ અતિ દુ:ખદાયક હોય એમાં ય વિધાતાએ તમને એના મૃત્યુ માટે નિમિત્ત બનાવ્યા હોય તે દર્દ વીસરવું સહેલું નથી. ક્યાંય સુધી એ એમ બેઠી રહી. ગાયના ભાંભરવાના અવાજે એ પોતાની દુનિયામાંથી બહાર આવી. સૂરજ ઢળવા આવ્યો હતો. અંધારું થતાં પહેલાં ઘરે પહોંચવું હોય તો હવે પાછા વળવું જોઈએ. એણે આંખના આંસુ લૂછ્યા અને માથું ઊંચું કર્યું તો સામે ઘાસમાં એને કશું ચળકતું દેખાયું. એણે હાથ લંબાવીને એ વસ્તુ હાથમાં લીધી તો એ ચિરૂટ નીકળી.

ડાંગ આખામાં ટીંબરના પાનમાંથી બનતી બીડી જ પિવાય. આ ચિરૂટ તો અહીં પીવાતી નથી. આ તો ચંદનના લાકડાની લાગે છે. વળી એના હાથા પર સ્ટીલ જડેલું છે. આવી ચિરૂટ કશે જોઈ છે! અને એને સ્ટ્રાઇક થઈ, આ ચિરૂટ એણે ક્યાં જોઈ હતી! જાણે વાઘ જોયો હોય તેમ ક્રિયા ડરથી સટાક કરતી ઊભી થઈ ગઈ. ગાયોને ગામ તરફ વાળી પણ ગાયોની ચાલ એને ધીમી લાગી. કોઈ દિવસ નહીંને એણે ગાયોને બુચકારવાના બદલે વાંસથી પૂંઠે ફટકારી. ગાયો બિચારી ક્રિયાના વર્તનને સમજી શકવા લાચાર હતી એટલે એ ય ભય સમજીને ઉતાવળી દોડી. જંગલનો રસ્તો દોડતાં જ એમણે પુરો કર્યો. દૂરથી એને ઘર દેખાયું અને ક્રિયા ગાયને છોડીને જાણે પાછળ ભૂત પડ્યું હોય તેમ ભાગી,

'બાહાસ...બાહાસ....આયા...' એણે જોર જોરથી બૂમ પાડી.

ત્યાં જ એ પથ્થર સાથે અથડાઈ અને એના મોઢામાંથી ચીસ નીકળી ગઈ અને એ ઢળી પડી. ■

(ક્રમશ:)

SATVAM®
મસાલા અને ઈન્સ્ટન્ટ મિક્સ

ફીકા મના હૈ



બને જ બને

+91 79 4039 4252 | care@satvamnutrifoods.com

Buy Online www.satvamnutrifoods.com | amazon | Flipkart | Paytm mall

Pioneer in spices since 60 years

JHAVERI's MAST !

Desh ka Swad

Pav Bhaji Masala

Available in 50g, 100g & 1kg (Jar)

jspl JHAVERI SPICES PVT. LTD.

Email: info@mastspices.com | Call 1 800-313-3424 | www.mastspices.com

Now Available on amazon & Flipkart

R.No. MNW/280/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 4384/86 LICENCE TO Tech/RO/AHD/LPWP/Misc./2021-23 POST AT PSO, AHD-380 002 ON SATURDAY 30-10-2021. PUBLISHED EVERY SATURDAY FROM:- SAMBHAAV MEDIA LTD. OPP CHIEF JUSTICE BUNGLOW AHD-380015